વર્ષ ૧૭ અંક ૨ મે–ઓગસ્ટ, ૨૦૧૨

उन्नति

# વિચાર

અનુક્રમ


**સંપાદકીય** 1

**વિશેષ સંપાદકીય** 2

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- ન્યાયની પ્રાપ્તિ માટે હકીકતોની શોધઃ પશ્ચિમ રાજસ્થાનમાં દલિતો પરના અત્યાચારોના કેસોનો અનુભવ 3

**આપના માટે**

- પુનર્સ્થાપન, પુનર્વસન અને અને જમીન સંપાદનને સાંકળતો નવો કાયદો 12

**આપણી વાત**

- પ્રાથમિક સેવાઓ માટે સમુદાય-આધારિત દેખરેખ 14

**સાંપ્રત પ્રવાહ** 23

**સંદર્ભ સાહિત્ય** 25

**અમારા વિશે** 28



**સંપાદક ટીમ**

• દીપા સોનપાલ • હેમન્તકુમાર શાહ
• બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ/મની ઓર્ડર 'UNNATI - Organisation for Development Education', અમદાવાદના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**


સંપાદકીય

## લોકતંત્રની પારાશીશી – લોક અવાજની મજબૂતી

ભારતના બંધારણમાં લોકોને સર્વોપરી માનવામાં આવે છે. લોકોનો અવાજ અને માંગ શાસન સુધી પહોંચે તે હેતુથી કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવી છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગરીબી દૂર કરવાના હેતુ સાથે અધિકાર-આધારિત અભિગમને અપનાવવામાં આવ્યો છે. શિક્ષણનો અધિકાર, મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગારી બાંયધરી કાનૂન, માહિતીનો અધિકાર વગેરે જેવા કાયદાઓમાં લોકોને તેમનાં મંતવ્યો તથા ફરિયાદો સામેલ કરવાનો હક મળેલો છે. આ અભિગમથી લોકોને શાસન પ્રક્રિયામાં સહભાગી થવા તથા તેમની જરૂરિયાતો અને ફરિયાદો શાસન સમક્ષ રજૂ કરવા માટે વિશેષ અવસર મળેલો છે. આ સાથે લોકોના અવાજને મજબૂત કરવા તથા તેને વ્યવ્યસ્થિત રૂપ આપવા મધ્યસ્થકારી સંસ્થાઓ તથા સંગઠનો અસ્તિત્વમાં આવ્યાં છે. આવી મધ્યસ્થકારી સંસ્થાઓ તથા સંગઠનો લોકોને જાગરૂક કરવામાં, સંગઠિત કરવામાં તથા તેમના મુદ્દા સરકાર સુધી પહોંચાડવા પ્રયાસરત છે. આ માટે મધ્યસ્થકારી સંસ્થાઓ દ્વારા જનસુનાવણી, રિપોર્ટ કાર્ડ, સામાજિક ઓડિટ જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

મધ્યસ્થકારી સંસ્થાઓએ લોકોના અવાજને શાસન સુધી પહોંચાડવા સમર્પિત તથા અસરકારક પ્રયાસો કર્યા છે. આમ છતાં, આવી મધ્યસ્થકારી સંસ્થાઓ તથા વ્યક્તિઓ તેમની આર્થિક જરૂરિયાતો માટે અન્ય ઉપર અવલંબિત હોય છે અને 'કાર્યક્રમ' પૂરો થતાં તેમની ગતિવિધિઓ રોકાઈ જાય છે. ઘણી વાર આવી મધ્યસ્થકારી સંસ્થાઓનું કાર્ય સમાપ્ત થયા બાદ પહેલ નિષ્ક્રિય થઈ જાય છે અને સ્થિતિ પૂર્વવત્ સ્વરૂપમાં આવી જાય છે. માટે એ જરૂરી છે કે લોકો પોતે જ તેમની જરૂરિયાતો તથા મંતવ્યોને શાસન સમક્ષ સીધાં રજૂ કરે. આવા લોક-અવાજના મજબૂતીકરણના અભિગમ દ્વારા સમગ્ર પ્રક્રિયાને વધારે લોકકેન્દ્રિત, નિરંતર તથા અસરકારક બનાવી શકાશે. માટે મધ્યસ્થકારી સંસ્થાઓ તથા સંગઠનોએ એવી પ્રક્રિયાઓ અપનાવવી પડશે કે જેના દ્વારા એક એવું વાતાવરણ બને કે જેમાં લોકો કોઈ પણ પ્રકારના દબાણ કે લાલચ વગર પોતાના મુદ્દા સરકાર સમક્ષ મૂકવાની ક્ષમતા કેળવે. આ પ્રક્રિયાથી લોકનેતૃત્વ નિર્ણય પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ બનશે અને ધીરે ધીરે આવી પહેલ લોકોના હાથમાં પહોંચશે.

આ પ્રકારના લોકશિક્ષણ માટે મધ્યસ્થકારી સંસ્થાઓ સાથે શૈક્ષણિક સંગઠનો, પ્રસાર માધ્યમો તથા નાગરિક સમાજ દ્વારા પણ ઉપરોક્ત પ્રયાસો કરવાની જરૂર છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી સરકાર દ્વારા યોજનાઓમાં લોકોની સહભાગિતાને પ્રોત્સાહિત કરવા માટે જોગવાઈઓ કરાઈ છે પરંતુ સાથે સાથે આપણી પારિવારિક, સામાજિક તથા સાંસ્કૃતિક વ્યવસ્થાઓને પણ સમાનતા-આધારિત, ન્યાયિક અને પારદર્શી બનાવવાની જરૂર છે કે જેથી લોકશાહી અને ઉત્તરદાયિત્વની વિભાવના સમાજ જીવનનું અંગ બને.

## દલિતોના અધિકારો અને કાનૂની વ્યૂહરચના

**૧. સંદર્ભ** : ભારતનો સમાજ મજબૂત જ્ઞાતિ વ્યવસ્થા ઉપર આધારિત છે. તેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જ્ઞાતિઓનો ક્રમ છે. આ ચાર જ્ઞાતિઓને સવર્ણો પણ કહેવામાં આવે છે કારણ કે તેઓ વર્ણાશ્રમ વ્યવસ્થાનો ભાગ છે, જ્યારે દલિતો 'નાતબહાર' છે કારણ કે તેઓ જ્ઞાતિ વ્યવસ્થાની બહાર છે. દલિતોને અસ્પૃશ્ય સમજવામાં આવે છે અને બાકીના ચાર સવર્ણોને સ્પૃશ્ય સમજવામાં આવે છે. તેમને જ્ઞાતિ વ્યવસ્થાની બહારના સમજવામાં આવે છે તેથી જ તેમની ભૌતિક અને સામાજિક રીતે બાદબાકી કરવામાં આવી છે અને તેમને બાકીના સમાજથી અલગ કરી દેવામાં આવ્યા છે અને તેથી તેમને સદીઓ સુધી જમીનના માલિક બનવા દેવાયા નહોતા અને શિક્ષણથી વંચિત રાખવામાં આવ્યા હતા, શાસ્ત્રો તો દલિતો પવિત્ર ગાન પણ સાંભળી ના શકે એવા પ્રતિબંધો ધરાવે છે. સવર્ણો દલિતો માટે અપમાનજનક શબ્દો પણ વાપરે છે. દલિતો પર જ્ઞાતિ વ્યવસ્થાની વિપરીત અસર પડી છે, તેઓ તેનો ભોગ બન્યા છે. ભારત ૧૯૫૦માં પ્રજાસત્તાક બન્યુ ત્યાં સુધી તેમને ખરેખર જ કોઈ અધિકારો નહોતા. ભારતના બંધારણે, વિવિધ કાયદાઓએ અને યોજનાઓએ દલિતોને કેટલાક અધિકારો આપ્યા છે. ૧૯૫૦થી ભારત સરકારે દલિતોના માનવ અધિકારોના રક્ષણ માટે નીચે મુજબનું માળખું અપનાવ્યું છે. (સરકારે અસ્પૃશ્ય જ્ઞાતિઓની યાદી બનાવી છે અને તેને અનુસૂચિત જાતિઓ તરીકે ઓળખવામાં આવે છે): (૧) સમાન તકો ભારતમાં સરકારી નોકરીઓમાં શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં, રાજકીય વ્યવસ્થામાં અને પંચાયતી રાજમાં દલિતો માટે અનામતની જોગવાઈ કરવામાં આવી. એ ઉપરાંત, અનુસૂચિત જાતિઓને જમીનનો અધિકાર મળે તે માટે જમીન સુધારા પણ કરવામા આવ્યા. (૨) સામાજિક-આર્થિક અધિકારોઃ સરકારે શિક્ષણમાં શિષ્યવૃત્તિ, જીવનનિર્વાહ માટે લોન અને સબસિડી, આવાસ, છાત્રાલય, વ્યાવસાયિક તાલીમ વગેરે જેવી વ્યવસ્થા પણ અનુસૂચિત જાતિઓ માટે સરકાર દ્વારા કરવામાં આવી. (૩) કાનૂની સુરક્ષા અસ્પૃશ્યતા અને અત્યાચારોના પ્રશ્નોનો સામનો કરવા માટે ભારત સરકારે અનુસૂચિત જાતિઓને કાનૂની રક્ષણ પૂરું પાડ્યું છે. તે માટે નાગરિક અધિકાર રક્ષણ ધારો-૧૯૫૫ અને અત્યાચાર પ્રતિરોધ ધારો-૧૯૮૯ ઘડવામાં આવ્યા છે.

**૨. અમલમાં મુસબીતો અને ભેદભાવ**: સરકારમાં કાયદાનો અને નિયમોનો અમલ ના થાય એવી સંસ્કૃતિ ભારતમાં વિકસી છે. કોઈ લાંચ આપે અથવા દબાણ લાવે તો જ એમનો અમલ થતો હોય છે. ભારતમાં ઊંડે સુધી ઘૂસી ગયેલી જ્ઞાતિ વ્યવસ્થાએ સરકારની કામગીરી ઉપર મજબૂત અસર કરેલી છે. જ્ઞાતિ-આધારિત ભેદભાવ માત્ર સમાજમાં જ પ્રવર્તે છે એવું નથી પણ એ સરકારી ખાતાં, જાહેર ક્ષેત્રના એકમો પણ પ્રવર્તમાન છે. અનામતની વ્યવસ્થા અને તમામ પ્રકારની કાનૂની રક્ષણની વ્યવસ્થા હોવા છતા પણ દલિતો આજે પણ જ્ઞાતિ-આધારિત ભેદભાવનો ભોગ બને જ છે. સરકારી અમલદારો અને રાજકારણીઓ દલિતો માટેની વિવિધ જોગવાઈઓનો અમલ તોડીમરોડીને હળવો કરી નાખવાના રસ્તા શોધી કાઢે છે. બીજી તરફ, ખાનગી ક્ષેત્ર પણ સમાજનું જ પ્રતિબિંબ પાડે છે અને ત્યાં નોકરીઓની બાબતમાં દલિતો પ્રત્યે ભેદભાવ આચરવામાં આવે છે. કામની બાબતમાં અને બઢતીના વિષયમાં પણ ત્યાં ભેદભાવ આચરાય છે. સરકાર અને ખાનગી ક્ષેત્ર બંનેમાં જે ભેદભાવનું વાતાવરણ છે તે દલિતોને સામાજિક-આર્થિક અધિકારો પ્રાપ્ત કરતાં રોકે છે.

**૩. બિન-સરકારી સંગઠનો અને સમુદાય-આધારિત સંગઠનો દ્વરા ઉપયોગમાં લેવાતી વ્યૂહરચનાઓ**: અધિકાર-આધારિત અભિગમ અપનાવતાં સંગઠનો અધિકારોના પાલન માટે રાજ્યને જવાબદાર ઠેરવવાની કાનૂની વ્યૂહરચનાનો ઉપયોગ કરે છે. એમ જણાયું છે કે જો આ સંગઠનો દબાણ ના કરે તો દલિતો તેમના અધિકારો ભોગવી શકતા નથી કે તેમને ન્યાય મળતો નથી. એનું એક ઉદાહરણ એ છે કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પરના અત્યાચાર પ્રતિરોધ ધારો-૧૯૮૯નો બહુ જ નબળો અમલ થાય છે. રાષ્ટ્રીય દલિત માનવ અધિકાર પંચ દ્વારા જે રિપોર્ટ કાર્ડ તૈયાર થયું છે તે પોલિસ કેવી રીતે કેસ નોંધે છે અને કેસમાં તપાસ કરે છે, કેવી રીતે વિશેષ અદાલત કાર્ય કરે છે તેની હકીકતો રજૂ કરે છે. પરિણામે, આ કાયદા હેઠળ બહુ ઓછા કેસોમાં સજા થાય છે. વળી, સાથે સાથે અનુસૂચિત જાતિઓ સામેના ગુનામાંથી ૩૦.૭ ટકા ગુના જ આ કાયદા હેઠળ નોંધવામાં આવે છે. અનુભવને આધારે હું એમ કહી શકું કે જો આપણે ન્યાય જોઈતો હોય તો આપણે આટલું સુનિશ્ચિત કરવું જ જોઈએ: (૧) યોગ્ય રીતે એફઆઈઆર થાય અને તપાસ થાય. (૨) સક્ષમ અને પ્રતિબદ્ધ એવા વિશેષ સરકારી વકીલની નિમણૂક થાય. (૩) સાક્ષીઓને તાલીમ અપાય. (૪) અસરગ્રસ્તો કે સાક્ષીઓને સાથ અપાય અને ખાસ સરકારી વકીલને સહાય કરા. પરંતુ ઘણી વાર ઘણા કિસ્સામાં તમામ પરિબળો સામે છેડે હોય છે અને ત્યારે આપણે પુનર્તપાસ માટે જાહેર હિતની અરજી કરવી જોઈએ અને ઉપરાંત, જિલ્લા કે રાજ્યની બહાર કેસની કાર્યવાહી થાય અને વિશેષ સરકારી વકીલની નિમણૂક થાય તેવી માગણી તેમાં કરવી જોઈએ. સામાજિક-આર્થિક અધિકારો માટે પણ જાહેર હિતની અરજી જેવી કાનૂની વ્યૂહરચના ઘણી અસરકારક બની રહી છે.

*(આ વિશેષ સંપાદકીય લેખ 'જનવિકાસ'ના સીઈઓ શ્રી વિજય પરમાર દ્વારા લખવામાં આવ્યો છે કે જેમણે દલિતોના અધિકારોના ક્ષેત્ર પ્રશંસનીય કાર્ય કર્યું છે.)*

# ન્યાયની પ્રાપ્તિ માટે હકીકતોની શોધઃ પશ્ચિમ રાજસ્થાનમાં દલિતો પરના અત્યાચારોના કેસોનો અનુભવ

રાજસ્થાનના ત્રણ જિલ્લામાં છેલ્લાં દસેક વર્ષથી ‘ઉન્નતિ’ દલિતોના સામાજિક, આર્થિક અને રાજકીય ઉત્થાન માટે સ્થાનિક સમુદાય સાથે મળીને કાર્ય કરે છે. તેમાં દલિતો પર થતા અત્યાચારના કિસ્સામાં તેમને ન્યાય અપાવવાનું કાર્ય પણ સમાવિષ્ટ છે. આવા કિસ્સાઓમાં હકીકતોની શોધ ખૂબ જ મહત્ત્વની બની જાય છે. આ માટે ‘ઉન્નતિ’ દ્વારા જે વ્યૂહરચના અપનાવવામાં આવી છે તેનું આલેખન અહીં ‘ઉન્નતિ’નાં મુખ્ય કાર્યાધિકારી **સુશ્રી સ્વપ્ની શાહ** અને કાર્યક્રમ સહયોગી **શ્રી તોલારામ ચૌહાણ** દ્વારા કરાયું છે. આ લેખ અત્યાચારના કેસોમાં હકીકતોની શોધનું મહત્ત્વ, તેના હેતુઓ અને તે માટેનાં પગલાં અનુભવોને આધારે દર્શાવે છે.

આ લેખમાં દલિતોના અત્યાચારોના કેસમાં ‘ઉન્નતિ’ દ્વારા થયેલી દરમ્યાનગીરીમાંથી થયેલા અનુભવો અને શીખવા મળેલા પદાર્થપાઠને રજૂ કરાયેલા છે. નાના નાના કેસોનાં ઉદાહરણો સાથે હકીકતોની શોધની પ્રક્રિયાનાં પગલાં તેમાં વર્ણવાયાં છે. માનવ અધિકારોના ક્ષેત્રે કામ કરતાં સંગઠનો અને કર્મશીલોને તે ઉપયોગી થાય તેવી છે.

**પ્રસ્તાવના**

જ્ઞાતિ-અધારિત ભેદભાવોને કારણે દલિતો અનેક પ્રકારની બાદબાકીનો અનુભવ કરી રહ્યા છે. આ બાદબાકીનું સ્વરૂપ જુદું જુદું હોય છે અને એ સ્વરૂપો પરસ્પરને મજબૂત કરે છે. માનવ અધિકારોના ભંગથી તેમની અસહાયતા વધે છે. ન્યાયના ઉકેલો લોકોને તેમના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય કલ્યાણનું રક્ષણ કરવામાં મદદ કરે છે. સ્થાનિક સંગઠનો અને દલિત સમુદાયના નેતાઓની ભાગીદારીમાં ‘ઉન્નતિ’ પશ્ચિમ રાજસ્થાનના જોધપુર, બાડમેર અને જેસલમેર જિલ્લાનાં ૨૪૮ ગામોમાં છેલ્લાં ૧૨ વર્ષથી કામ કરે છે. દલિત અધિકાર અભિયાન ત્યાં ચાલે છે અને તેમાં ગામ અને તાલુકા સ્તરે સમિતિઓની રચના થઈ છે. દલિત અધિકાર અભિયાન એ તમામ સમિતિઓને આવરી લે છે અને વિવિધ હિતધારકોની ક્ષમતાનું તે સંકલન કરવાનો પ્રયત્ન કરે છે.

આ ઝુંબેશ તાલુકા સ્તરનાં દલિત સંસાધન કેન્દ્રને આધાર બનાવીને ઊભી કરવામાં આવી છે. આ કેન્દ્રો દલિતોમાં જાગૃતિ લાવવાનું, દલિતોને સંગઠિત કરવાનું, નેતૃત્વની તાલીમ આપવાનું, ન્યાય મેળવવા માટે ટેકો આપવાનું તથા અધિકારોના ભોગવટા માટે સમર્થન આપવાનું કામ કરે છે.

સપ્ટેમ્બર-૨૦૦૯ પછી દલિત સંસાધન કેન્દ્રોને અપાયેલો ટેકો પાછો ખેંચી લેવામાં આવ્યો અને ત્યારે એવી અપેક્ષા હતી કે સ્થાનિક સંગઠનો વધારે સક્રિય ભૂમિકા ભજવશે. જો કે, કાનૂની ટેકો આપવાનું કાર્ય વધુ પદ્ધતિસર ચાલે એવું દબાણ હતું. દલિતો પરના અત્યાચારના ૧૦૬ કેસમાં હકીકતોની શોધ, કેસની સોંપણી, પોલિસ તપાસના દરેક તબક્કે હિમાયત, આરોપનામાની રજૂઆત, અદાલતની કાર્યવાહી, સલાહ અને પુનર્વસન વગેરેમાં તેમને ટેકો અપાયો.

૫૦ કેસોમાં હકીકતોની શોધ કરવામાં આવી અને તેને પરિણામે પછીની હિમાયતમાં સહાય મળી. અન્યાયો અને અત્યાચારોના કિસ્સામાં ટેકો આપવાથી અસરગ્રસ્તોની ફરિયાદોનો ઉકેલ આવવાની તકો વધી એટલું જ નહિ, પણ અત્યાર સુધી અસહાય રહેલા સમુદાયની સમુદાયની કાનૂન વિશે જાગૃતિ વધી. ૯૦ ટકા કેસોમાં એફઆઈઆર નોંધવામાં ટેકો અપાયો. ૧૦ ટકા કેસોમાં પોલીસે એફઆઈઆર નોંધવાની ના પાડી પછી અદાલતની કાર્યવાહી કરાઈ અને એ રીતે કેસ નોંધાયો. ૨૪ કેસોમાં આરોપીઓ અદાલતી કસ્ટડીમાં જાય તે માટે પ્રયાસો કરાયા કે જેથી જામીન પર છૂટેલા આરોપીઓ દબાણ ના લાવે અને ધાકધમકી ના આપે. અસરગ્રસ્ત દલિતો કેસમાં સમાધાન કરી લેતા હોવાનું એ એક અગત્યનું કારણ છે.

પાંચ કેસોમાં વિરોધ અરજી કરવામાં આવી કે જેમાં પોલિસ દ્વારા તપાસ પછી આખરી અહેવાલ તૈયાર કરાયો હોય. ૧૧ કેસોમાં અથવા ૨૧ ટકા કેસોમાં ચુકાદા અસરગ્રસ્ત દલિતોની તરફેણમાં આવ્યા. આ પ્રમાણ અત્યાચાર વિરોધી ધારા હેઠળ જે કેસોમાં સજા થાય છે તેના રાષ્ટ્રીય દર કરતાં વધારે છે. આ ચુકાદા ઘટનાના એક વર્ષના ગાળામાં આવ્યા છે. ૪૨ કેસોમાં અસરગ્રસ્તોને રૂ.૨૧,૬૬,૭૫૦નું વળતર મેળવવામાં મદદ કરવામાં આવી છે. તમામ કેસોમાં એમ જણાઈ આવ્યું છે કે આ વળતર અસરગ્રસ્તોને અત્યાચાર સામે લડવા માટે બળ પૂરું પાડે છે.

હકીકતોની શોધ કરવામાં હકીકતો ખોળવાનો, તેમની ચકાસણી

કરવાનો અને તેમનું દસ્તાવેજીકરણ કરવાનો સમાવેશ થાય છે. ફોજદારી કેસમાં એ પોલિસની જવાબદારી હોય છે. માનવ અધિકારોના મુદ્દે કામ કરનારાં ઘણાં સંગઠનોએ રાજ્યોમાં રાષ્ટ્રોમાં માનવ અધિકારોના પાલનની સ્થિતિ ઉપર દેખરેખ રાખવા માટે હકીકતોની શોધની પ્રક્રિયાનો ઉપયોગ કર્યો છે. આજના સામાજિક સંદર્ભમાં દલિતો માટે ન્યાય મેળવવા આડે અનેક માળખાગત અવરોધો છે ત્યારે હકીકતોની શોધ એક એવું સાધન છે કે જે અત્યાચારોના કિસ્સામાં માનવ અધિકારના ક્ષેત્રના કર્મશીલોને હિમાયત માટે ખૂબ જ ઉપયોગી થાય છે.

હકીકતોની શોધમાં બે મુખ્ય અને પરસ્પર સંકળાયેલા પાસાં છે: (૧) સત્યની પ્રસ્થાપના માટે માહિતી ભેગી કરવી. (૨) માહિતીનું દસ્તાવેજીકરણ એવી રીતે કરવું કે જેથી આસાનીથી તે પ્રાપ્ય બને અને તેનો ઉપયોગ થઈ શકે. આ પ્રક્રિયા ઘટનાક્રમ પ્રસ્થાપિત કરવામાં, કોણ અત્યાચાર કર્યો અને અસરગ્રસ્તો કોણ છે તે નક્કી કરવામાં અને ઘટના પાછળનો હેતુ શો છે તે નક્કી કરવામાં ઉપયોગી થાય છે.

## ૧. હકીકતોની શોધનો હેતુ

માનવ અધિકારોના મુદ્દે કામ કરનારું કોઈ પણ સંગઠન હકીકતોની શોધ કરે અને અસરગ્રસ્તને મદદ કરતાં પહેલાં તેનું વિશ્લેષણ કરે તો પછી તેને ટેકો આપવાની વ્યૂહરચના મજબૂત બને છે અને વહીવટી તંત્રને પણ તેમાં મદદ મળે છે. હકીકતોની શોધનો કોઈ કાનૂની આધાર નથી. દલિતો અને મહિલાઓના માનવ અધિકારોના ભંગના કિસ્સામાં ખાસ તાકાત પૂરી પાડે છે. કારણકે આવા કિસ્સામાં અસરગ્રસ્તો સામાન્ય રીતે અસહાય હોય છે અને ગુનેગારો શક્તિશાળી હોય છે. સાથીઓ અને પુરાવા સાબિતી માટે જરૂરી હોય છે અને હકીકતોની શોધ તેમાં મદદ કરે છે. ધરપકડ, ગેરકાનૂની નિયંત્રણ, અપહરણ, ત્રાસ વગેરે બાબતોમાં અસરગ્રસ્ત માટે તત્કાળ શોધ કરવી અને કાનૂની કાર્યવાહી આગળ વધારવી જરૂરી હોય છે. હકીકતોની શોધની લીધે એ પ્રક્રિયા ઝડપી બને છે અને તત્કાળ તથા ઝડપી કાનૂની પગલાં માટે તે હકીકતોનો પાયો પૂરો પાડે છે.

ઘણા કિસ્સાઓમાં અસરગ્રસ્તોને તબીબી, આર્થિક કે અન્ય પ્રકારના ટેકાની જરૂર પણ કાનૂની સહાય ઉપરાંત ઊભી થાય છે. હકીકતોની શોધની પ્રક્રિયા આ જરૂરિયાતો વધારે સારી રીતે પિછાણવામાં મદદ કરે છે અને તેને પરિણામે અન્ય સરકારી ખાતાં અને બિન-સરકારી સંગઠનો સાથે સંકલન સાધી શકાય છે. સંપૂર્ણ દસ્તાવેજીકરણ અને માહિતીનું સુ-આયોજિત એક્ત્રીકરણ મુદ્દાઓ અને તેની સામે સંબંધિત હકીકતોને સમજવા માટે તથા સમગ્ર પ્રક્રિયા અને હિમાયત માટે ઉપયોગી થાય છે. એમાંથી જે કંઈ શીખવા મળે છે તે ટેકો આપવાની

### હકીકતોની શોધ ખરેખર શું છે?

હકીકતોની શોધ એ કંઈ ફોરેન્સિક તપાસ કે રાસાયણિક તપાસનું વકિલ્પ નથી. વળી, તે એ બંનેનું મહત્ત્વ કોઈ રીતે ઓછું કરતી નથી. હકીકતોની શોધથી પાલિસ તપાસ, ફોરેન્સિક તપાસ, રાસાયણિક તપાસ, તબીબી ટેકનિકલ બાબતોની જરૂર નથી. તે માત્ર હિમાયતને દિશા આપે છે કે જેથી લોકોના દબાણથી ઔપચારિક વિધિવત્ તપાસ થાય અને જો તેમાં અવરોધો આવતા હોય તો તે દૂર થાય. એટલે એ વાધારે તો વિવિધ લોકોની મુલાકાતો ઉપાર અને સ્પસ્ટ રીતે દૃષ્ટિમાન થતી કે તારવી શકાતી હકીકત ઉપર સ્પષ્ટ રીતે દૃષ્ટિમાન થતી કે તારવી શકાતી હકકતો ઉપર આધારિત છે.

હકીકતોની શોધ માટે કેટલાક પ્રાસ્થાપિત નિયમો છે અને તે મહત્ત્વના છે. પરંતું તે કોઈ રીતે માનવ અધિકાર ક્ષેત્રના કર્મશીલની સામાન્ય સમજણ અને યોગ્ય વ્યક્તિગત નિર્ણયની અવેજી નથી.

વધુ વ્યૂહરચનાઓ ઘડવા ઉપયોગી બને છે અને અનેક લોકો તેનો ઉપયોગ કરી શકે છે. હકીકતોની શોધની પ્રક્રિયામાં જે શીખવા મળે છે તેનાથી લોકોને સંગઠિત કરી શકાય છે, ઝુંબેશ માટે તૈયારી કરી શકાય, વિવિધ હિતધારકોની સમાન સમજણ ઊભી કરી શકાય છે. રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ હિમાયત કરી શકાય. છેવાડાનાં જૂથો અને વંચિત જૂથોને ન્યાય આપવાની પ્રક્રિયામાં આ બાબતો વધુ ને વધુ ઉપયોગી થાય છે.

કયા હેતુ માટે હકીકતોની શોધની પ્રક્રિયા ઉપયોગમાં લેવામાં આવે છે. તે બાબત તેના પ્રકાર અને પ્રમાણ નક્કી કરે છે. દા.ત. કોઈ અત્યાચારનો કેસ અદાલતમાં નોંધવાનો હોય તો અસરગ્રસ્તો અને સાક્ષીઓ સાથે વાતચીત પૂરતી થઈ પડે છે પણ જો માનવ અધિકારોની આંતરરાષ્ટ્રીય સંધિઓના પાલનની સ્થિતિ અંગેનો અહેવાલ તૈયાર કરવા માટે હકીકતોની શોધ કરવાની હોય તો તેને માટે સંબંધિત દસ્તાવેજોનું વિશ્લેષણ જરૂરી બને છે. એ માટે અસરગ્રસ્તો માટે વ્યવસ્થિત શોધ અને તેમની સાથે સંવાદ, પાલન માટે જવાબદાર લોકો સાથે સંવાદ, માહિતીનું એકત્રીકરણ અને વિશ્લેષણ પણ જરૂરી બને છે. હકીકતોની શોધ અનેક સ્વરૂપે થઈ શકે છે, કે જેમનો ઉલ્લેખ નીચે કરાયો છે:

૧. હકીકતોની શોધ કરનારા નિષ્ણાતો અને સંગઠનના કાર્યકરો દ્વારા મર્યાદિત સમયમાં અમુક નિશ્ચિત પ્રદેશમાં તપાસ.
૨. કોઈ એક પ્રદેશમાં તાલીમબદ્ધ કાર્યકરો દ્વારા લાંબા સમયગાળામાં

**સત્યની શોધ**

અત્યાચારોના કેસોમાં અસરગ્રસ્ત દલિતો માટે ન્યાય મેળવવા અમે જ્યારે ટેકો આપવાની શરૂઆત કરી ત્યારે આરંભનાં વર્ષોમાં અમારી ધારણા હતી કે ગરીબ દલિત વ્યક્તિ હંમેશાં સત્ય જ કહે છે. અસરગ્રસ્ત વ્યક્તિ દ્વારા કે તેના કોઈ સગા દ્વારા અપાયેલી માહિતીને આધારે અમે વધુ ટેકો આપવા માટે તૈયારી કરતા હતા. એને પરિણામે અમને પાછળથી સમજણ પડી કે ટેકો આપવા માટેની વ્યૂહરચનામાં અનેક અવરોધો છે અને પછી કેસ નબળો પડે છે. નીચે આપેલાં બે ઉદાહરણો આ બાબત સારી રીતે જણાવે છે:

જોધપુર જિલ્લાના ફલૌદી તાલુકાના બૈગતી ગામથી એવા સમાચાર આવ્યા કે એક મહિલા પર બળાત્કાર થયો છે અને તેના પતિનું અપહરણ કરવામાં આવ્યું છે. હકીકતો તપાસતાં ખબર પડી કે જે માણસે કેસ કર્યો હતો તેના પિતાને મારવામાં આવ્યા હતા અને તે હોસ્પિટલમાં હતા. બે પક્ષકારો વચ્ચેનો એ ઝઘડો હતો અને અમને ખોટી માહિતી આપવામાં આવી હતી. પોલિસે હકીકતોની શોધના અહેવાલને માન્યો અને આરોપીને શારીરિક ઈજા પહોંચાડવા બદલ ધરપકડ કરી.

સોનુદેવીના અપહરણના કેસમાં ખોટા આરોપો મૂકાયા હતા, અત્યાચારના પ્રમાણમાં જોરદાર ઘટાડો થઈ ગયો. ઘણા ગ્રામવાસીઓ એ મતના હતા કે સોનુદેવી કદાચ અપહરણકારને સારી રીતે જાણતી હતી અને તે જ તેની સાથે નાસી ગઈ હતી. જો કે હકીકતોની શોધ કરનારી ટુકડીને જાણવા મળ્યું કે સોનુદેવીનું ઘર ધોરી માર્ગની નજીક છે અને તેની બકરીઓ રસ્તાની બીજી બાજુએ હતી. તેને દૂધ જોઈતું હતું અને રસ્તો ઓળંગવા જતી હતી ત્યારે એક કાર પસાર થઈ રહી હતી. એ કાર તેની પાસે આવીને રોકાઈ અને કારમાં તેનું અપહરણ કરાયું. તેણે બથંબથ્થા કરી અને કારમાંથી બહાર કૂદી પડવાનો તેણે પ્રયત્ન પણ કર્યો. તે વખતે તેને પેટમાં ઈજા થઈ અને તેના આ ૯ માસના ગર્ભનો ગર્ભપાત થઈ ગયો. છેવટે પોલિસ અને ગ્રામવાસીઓને પણ સાચી હકીકતની જાણ થઈ.

માનવ અધિકારોના થતા ભંગ અંગે માહિતી એકત્ર કરવી અને દસ્તાવેજીકરણ કરવું.

૩. સ્થાનિક રહીશોની ટુકડી દ્વારા તપાસ.
૪. દેશના જાણીતા મહાનુભાવોની ઉચ્ચ સ્તરીય ટુકડી દ્વારા તપાસ.
૫. વિવિધ રાષ્ટ્રોના નાગરિકોની ટુકડી દ્વારા તપાસ.
૬. અદાલતની કાર્યવાહીઓ નિહાળવી.
૭. જેલની તપાસ.
૮. ચૂંટણી પર દેખરેખ.
૯. ન્યાયનું બિન-સરકારી તંત્ર અથવા તપાસ પંચની રચના.
૧૦. ફોરેન્સિક તપાસ.
૧૧. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો અંગેના માપદંડોને આધારે માહિતીનું એકત્રીકરણ.
૧૨. સંશોધન અભ્યાસ કે સર્વે.

## ૨. હકીકતોની શોધનાં મહત્ત્વનાં પાસાં

હકીકતોની શોધની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન તેના આ માપદંડોનું પાલન કરવાનું ખૂબ જ મહત્ત્વનું છે:

**૧. હકીકતોની શોધનાં નીચે જણાવેલાં પાસાંની સમજ**

(અ) સ્પષ્ટ, મદ્દાસર, બિન-પક્ષપાતી: તારણોની વિશ્વસનીયતા જાળવવા માટે તેમના પર સંપૂર્ણ ધ્યાન આપવું જરૂરી છે.

(આ) સ્પષ્ટ ધ્યાન અને નિર્દેશકો તપાસનું પ્રમાણ નક્કી કરવાનું મહત્ત્વનું છે કે જેથી વધુ અને જરૂરી માહિતી મળે અને સમય બચે. જો કે, આ પ્રક્રિયામાં ફેરફારક્ષમ હોય એ પણ એટલું જ મહત્ત્વનું છે કારણ કે તેનાથી હકીકતો મેળવામાં વિવિધ પ્રકારની વ્યૂહરચનાઓ અપનાવવા માટે અવકાશ ઊભો થાય છે.

(ઈ)સાક્ષીઓની બિન-પક્ષપાતી તપાસ: માનવ અધિકારોના કહેવાતા ભંગ સામે સાક્ષીઓની બિન-પક્ષપાતી તપાસ થાય અને ખુલ્લા દૃષ્ટિકોણ માટેની પૂર્વશરત છે. એ એટલું જ મહત્ત્વનું છે કે આ ખુલ્લાપણું લેખિતમાં દેખાય કે જેથી વાચકની ઉપર તેની નિષ્ફળતા અને વિશ્વસનીયતાનો પ્રભાવ પડે.

(એ) અસરગ્રસ્તોની સુરક્ષા અને કલ્યાણ: માનવ અધિકારોનો બચાવ કરનારાઓની એ પ્રથમ ફરજ અસરગ્રસ્તો પરની છે. તેથી આ પ્રક્રિયામાં નૈતિકપણે સંયમ જાળવવાનું મહત્ત્વનું છે. માનવ અધિકારો સંબંધી કાર્યમાં માહિતીનો પ્રચાર-પ્રસાર મહત્ત્વનો છે. પરંતુ સ્રોતોની સુરક્ષા સામે કોઈ જોખમ ઊભું થવું જોઈએ નહિ. માહિતીના પ્રચાર-પ્રસારની સંભવિત અસર અને તે લોકોને કેવી રીતે અસર કરે છે એ બાબત વિશે તેમની સાથે જ ચર્ચા થવી જોઈએ. હકીકતોની શોધ કરનારી ટુકડી તેનાં તારણોની ચર્ચા અજાણતાં જ ન કરે એ એટલું જ મહત્ત્વનું છે.

(ઐ) અસરગ્રસ્ત પ્રત્યે માન અને સહાનુભૂતિ: માત્ર માહિતી મેળવાની બદલે અસરગ્રસ્તોના અનુભવને સમજવાનો પ્રયત્ન કરવામાં આવે તો હકીકતોની શોધની પ્રક્રિયા મજૂબત બને છે. એ સમજવું મહત્ત્વનું છે કે આ પ્રક્રિયા લોકોની જિંદગીમાં

અયોગ્ય દખલગીરીરૂપ છે. તેને લીધે હકીકતોની શોધ કરનારાઓની અપેક્ષાઓ પર નિયંત્રણ આવશે અને તેથી અસરગ્રસ્તો પ્રત્યે સહાનુભૂતિ ઊભી થશે.

(ઓ) સાંસ્કૃતિક બાબતો પ્રત્યે સંવેદનશીલતા લોકો, તેમનો ઈતિહાસ, સરકારનું માળખું, સંસ્કૃતિ, પરંપરાઓ, ભાષા વગેરે બાબતોની સમજ કેળવણી પણ અગત્યની છે.

**૨. નીતિ અને તેની પહોંચ નક્કી કરવાં**

સંગઠનની નીતિ અને પ્રાથમિકતાઓ હકીકતોની શોધનાં પ્રકાર અને તેનું પ્રમાણ નક્કી કરે છે. દા.ત કોઈ સંગઠન ધરેલું હિંસાના કિસ્સામાં માત્ર ન્યાય અને પુનર્વસનની પ્રક્રિયા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. સંગઠનની નીતિ સામાન્ય રીતે કેસની ગંભીરતા, અસરકારક દરમ્યાનગીરીની શક્યતા, સંસાધનોની પ્રાપ્યતા વગેરે જેવાં પાસાંઓથી આકાર પામે છે. હકીકતોની શોધ વિશે કાર્યકરોનું પદ્ધતિ અને દસ્તાવેજીકરણ અંગે સતત ક્ષમતા નિર્માણ થાય તે જરૂરી છે.

**૩. સાધનોનો ઉપયોગ**

માનવ અધિકારોના રક્ષણ માટેનાં સાધનોનું અને કાનૂની પાસાંનું પૂરતું જ્ઞાન હોવું જરૂરી છે. તેનાથી માનવ અધિકારોના ભંગ વિશેની હકીકતો પ્રસ્થાપિત થઈ શકે છે. ઘણી વાર ઘટનાઓના હોબાળા વચ્ચે એ યાદ રાખવું જરૂરી છે કે ઘટનાને ઉશ્કેરણીજનક બનવાનો હેતુ નથી પણ નિષ્પક્ષ વિશ્લેષણ અને પ્રસ્થાપિત સાધનોના ઉપયોગને આધારે ન્યાય મેળવવા માટે હિમાયત કરવાનો ઉદ્દેશ છે.

**૪. પુરાવાની વિશ્વસનીયતા**

પુરાવા એકત્ર કરવા માટે અને તેના ઉપર ભાર મૂકવા માટે માર્ગરેખાઓ ઘડવાનું મહત્ત્વનું છે. કોઈ એક જ માપદંડ હોય એ જરૂરી નથી, પરંતુ જે માપદંડ પસંદ કરવામાં આવે તેની સ્પષ્ટ વ્યાખ્યા બાંધવામાં આવે અને તે સ્પષ્ટપણે રજૂ થાય.

**૫. માનવ અધિકારોના ભંગનાં સામાજિક-આર્થિક અને રાજકીય કારણો**

માનવ અધિકારોના ભંગ માટે કયાં સામાજિક, આર્થિક અને રાજકીય પરિબળો જવાબદાર છે તે ઊંડે ઊતરીને શોધવાનું અને તેને અંગે સમજ કેળવવાનું હકીકતોની શોધની પ્રક્રિયામાં ખૂબ જ અગત્યનું છે. એ પ્રક્રિયા તે માટે પ્રતિબદ્ધ હોવી જોઈએ. ઘટના પાછળનાં કારણો કયાં છે, ગુનેગારોના ઉદેશો શા છે અને અસરગ્રસ્તો પર તેની શી અસર થઈ છે તે શોધવાના

## સ્થળ પરની તપાસથી આત્મહત્યા ખૂન બની


પશ્ચિમ રાજસ્થાનના જોધપુર જિલ્લાના બિરામી ગામના રેવતરામ મેઘવાલને ત્રણ દીકરા હતા. તેઓ મજૂર હતા અને તેમના પરિવારના જીવનનિર્વાહ માટે મુખ્ય વ્યક્તિ હતા. તેમના વચલા દીકરા હતા ૨૪ વર્ષના પખુરામ. તેઓ તેમના પિતા સાથે મજૂરી કરવા ગયા હતા. અમને તા. ૪-૪-૨૦૧૧ના રોજ માહિતી મળી કે આગલી રાતે વડની ઝાડ પર લટકીને તેમણે આત્મહત્યા કરી હતી. ગ્રામવાસીઓ અને કુટુંબના સભ્યોએ પણ એમ જ માની લીધું હતું. પ્રથમદર્શી માહિતી અહેવાલ (એફઆઈઆર)માં અકસ્માતે મૃત્યુનો કેસ નોંધવામાં આવ્યો હતો. મરણોત્તર તપાસ અહેવાલમાં ગૂંગળામણથી મૃત્યુ થયું હોવાનું જણાવાયું હતું. પોલિસ તપાસમાં પણ એ ઘટનાને આત્મહત્યા ગણાવાઈ હતી.

સ્થળ પર જાતતપાસ કર્યા પછી હકીકતોની શોધ કરનારી ટુકડી આ તારણ પર આવી. જે ફોટા પાડવામાં આવ્યા તેના પરથી એમ જણાયું કે વૃક્ષની ડાળી ખૂબ જ નીચી હતી, મરનાર વ્યક્તિના પગ વળી ગયા હતા, ગળે જે કપડું બાંધેલું હતું તેમાં બરાબર ગાંઠ મરાયેલી નહોતી. તેમાં એક પણ જણાયું કે પખુરામને કુલા પર ઈજાના ડાઘ હતા અને માર મરાય તો જ પડી શકે તેમ હતા, તેના પેન્ટ પર લોહીના ડાઘ હતા. વળી, મૃતદેહ તો અવાવરુ જગ્યાએથી મળી આવ્યો હતો કે જ્યાં કોઈ જ રહેતું નહોતું પણ નજીકમાં મોટરસાયકલના ટાયરનાં નિશાનો હતાં.

પખુરામના પરિવાર અને ગ્રામવાસીઓ સાથેની મુલાકાતોથી બે મહત્ત્વના મુદ્દા હકીકતોની શોધ કરનારી ટુકડીને ધ્યાનમાં આવ્યા. બે વર્ષ અગાઉ સરગારા દલિત સમુદાયના જ એક યુવાને પાણીની ટાંકીમાં પડીને આત્મહત્યા કરી હતી. એ ઘટનામાં કેસ નોંધાયો હતો. પણ પોલિસ તપાસમાં ઝાઝું કશું બહાર આવ્યું નહોતું. પખુરામ પાસે એ કેસ અંગેની કેટલીક માહિતી હતી અને તેનાથી એ સાબિત થઈ શકે તેમ હતું કે એ યુવાને આત્મહત્યા નહોતી કરી પણ તેનું ખૂન થયું હતું અને આગલે દિવસે પખુરામ કેટલાક પરિચિતો સાથે દેખાયા હતા. હકીકતોની શોધ કરનારી ટુકડીએ પણ તેના ખૂનમાં સંડોવાયેલી છ વ્યક્તિઓનાં સંભવિત નામો શોધી કાઢ્યાં હતાં.

દરમ્યાન, ગામના શક્તિશાળી લોકો પોલિસ તપાસ અવળે માર્ગે જાય તે માટે આતુર હતા. હકીકતોથી શોધ કર્યા પછી જે અહેવાલ આવ્યો તે બાદ દલિત સમુદાયને એકત્ર કરવામાં આવ્યો અને તપાસ અધિકારી બદલાય તે માટે દબાણ લાવવામાં આવ્યું. તા. ૬-૮-૨૦૧૧ના રોજ પોલિસે ત્રણ શખ્સોની ધરપકડ કરી તે અગાઉ ત્રણ વખત અધિકારીઓની બદલી કરવાની જરૂર પડી હતી. એ ત્રણ જણાએ પછી સમગ્ર ગામની સભા સમક્ષ પોતાનો ગુનો કબૂલ કર્યો હતો.

## હકીકતોની શોધનાં પગલાં



ભરચક પ્રયાસ થવા જોઈએ.

**૬. સ્થાનિક સંપર્કો વિકસાવવા:**

હકીકતોની શોધની પ્રક્રિયા માટે સ્થાનિક સંપર્કો અગત્યના છે. સંગઠન અગાઉ લોકોને સંગઠિત કરવાના, આયોજનના અને ક્ષમતા નિર્માણના જે પ્રયાસો થયા હોય તો અહીં આ તબક્કે ઉપયોગી થાય છે.

## ૩. હકીકતોની શોધના તબક્કા

હકીકતોની શોધની પ્રક્રિયા પધ્ધતિસર ચલાવવા માટે નીચે જણાવેલાં પગલાં અગત્યનાં છે:

**૧. તૈયારી**

યોગ્ય તૈયારી કરવામાં આવે તો પ્રક્રિયાને વેગ મળે છે અને તે સરળ બને છે તથા નિર્ધારિત દિશાની બને છે. તેનાથી તારણો પણ મજબૂત બને છે.

**૧.૧** કેસમાં જરૂરી હોય તેટલા સભ્યોની ટુકડી બનાવવી જોઈએ. અને સંગઠનાત્મક સંસાધનોનો ઉપયોગ કરવો જોઈએ. કેટલાક કિસ્સામાં નિષ્ણાતોનો ઉપયોગ કરવાનું પણ જરૂરી બને છે. એ જ રીતે, અસરગ્રસ્ત વ્યક્તિ મહિલા હોય તો હકીકતોની શોધ કરનારી ટુકડીમાં પણ એક મહિલા હોવી જોઈએ. કોઈ સંવેદનશીલ મુદ્દે લોકો નહિ બોલે એમ જો લાગે તો સ્થાનિક જાણકાર

### આરોપીઓ સાથેની મુલાકાતથી કેસોની દિશા બદલાઈ

ગણપતરામ એક ખેડૂત હતા. એક દિવસ તેમણે તેમના પડોશી સિકંદર મુસલમાનનું ખેતીનું એક સાધન તેમને પૂછ્યા વગર લીધું અને પછી પાછું આપ્યું નહિ. એને લીધે સિકંદર જ્યારે ગણપતરામને ઘેર ગયા ત્યારે મારામારી થઈ. બંને એકબીજાને તમાચા પણ માર્યા. સિકંદર તેના કેટલાક દોસ્તોને લઈને ગયા અને તેમણે ગણપતરામ અને તેમની પત્નીને માર્યાં. ગણપતરામ ૫૦ વર્ષના પિતાજી ચૈનારામ અને તેમના પરિવારના કેટલાક સભ્યો વચ્ચે પણ પડ્યા હતા. આરોપીઓએ તેમને પણ માર્યા. તા. ૧૪-૧૦-૨૦૧૧ના રોજ જમનાદેવીએ જોધપુર પોલિસ સ્ટેશનમાં ફરિયાદ (નં. ૨૧૧-૧૧) નોંધાવી અને આક્ષેપ કર્યો કે સિકંદરે તેની પર બળાત્કાર કર્યો હતો અને તેના પતિનું અપહરણ કર્યું હતું. આઈપીસીની કલમ-૩૭૬, ૩૬૫ અને ૩૨૩ હેઠળ તથા અત્યાચાર વિરોધી ધારાની કલમ-૩(૧)(૧૨) અન્વયે આ કેસ નોંધાયો. બીજે દિવસે જમનાદેવીના દિયરે પણ કેસ નોંધાવ્યો. જો કે, આરોપીએ બળાત્કાર કર્યો હોવાનો ઈન્કાર કર્યો અને એવું જો પુરવાર થાય તો કોઈ પણ સજા સહન કરવાની તૈયારી બતાવી. તેમણે કહ્યું કે મારામારી થઈ હતી અને તેમના પક્ષે સંખ્યા વધારે હતી એટલે સામેવાળાઓને વાગ્યું હતું. તેમણ કહ્યું કે ગણપતરામ જાતે ભાગી ગયો છે અને ક્યાં સંતાયો છે એની તેને ખબર છે.

૨૦૧૧માં માહિતી અધિકાર ક્ષેત્રના કર્મશીલ મંગલરામ સમાચારોમાં ચમકતા હતા. તેમાં એવો આક્ષેપ કરાયો હતો કે ગ્રામ પંચાયતનાં નાણાંનો દુરુપયોગ થવા વિશે માહિતી માગવામાં આવી ત્યારે સરપંચ દ્વારા તેમને મારવામાં આવ્યા હતા. મારવાને માટે લાકડા અને કોદાળીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આરોપીએ વારંવાર એમ કહ્યું કે માહિતી માગી ત્યારે તેને મારવામાં નહોતો આવ્યો પણ એ ચૂંટણીની જૂની અદાવત હતી. મંગલરામને ગામના કેટલાક લોકો સાથે મારામારી થઈ હતી. સરપંચ તેમાં સામેલ હતા જ નહિ. એમ કહેવામાં આવ્યું કે એ ઘટના લગભગ ૨૦૦ જણાની હાજરીમાં બની હતી.

હકીકતોની શોધ કરનારી ટુકડી એવા તારણ પર આવી કે અસરગ્રસ્ત તેના પર હુમલો કરનારનાં નામ આપવા માગતો નહોતો પણ તે એ ઘટનાનો ઉપયોગ સરપંચ સામે કરવા માગતો હતો.

બીજો એક કેસ છે જસ્સુ દેવીનો. તેનું મોત તેના સાસરિયે થયું હતું. સાસરિયાએ કહ્યું કે એ આત્મહત્યા હતી જ્યારે તેનાં પિયરિયાં એમ કહેતાં હતાં કે દહેજ માટે તેની હત્યા કરાઈ હતી. જસ્સીદેવીના પતિ અને તેનાં સાસુ સાથે વાત થઈ તો ખબર પડી કે પતિને તેના મોટા ભાઈની પત્ની સાથે ગેરકાનૂની સંબંધો હતા. જ્યારે તેની નણંદે એક દિવસ જસ્સુદેવીને બોલાવી ત્યારે તે ફોન પર વાત કરવા બહાર જતો હતો. જસ્સુદેવીએ એ વાતો સાંભળી અને બૂમબરાડા કરીને પોતાના પતિને ધમકાવ્યો. તેણે જસ્સુદેવીને ધક્કો મારીને ઘરમાં ધકેલી દીધી કે જેથી બીજા લોકો કંઈ સાંભળે નહિ અને તેને મારી. તેની મા એટલે કે જસ્સુદેવીની સાસુ અને પતિના કાકા શંકરલાલ પણ તેમાં જોડાયા. તેને બૂમો પાડતી રોકવા તેમણે જસ્સુદેવીના મોં પર હાથ દાબી દીધા અને ગળું દબાવી દેતાં તેનું મોત થયું. એમને ખબર પડી કે જસ્સુદેવી તો મરી ગઈ ત્યારે તેમણે છતે અને તેના ગળે દોરડું બાંધી લટકાવી દીધી કે જેથી ખૂન આત્મહત્યા લાગે.

### બાબુરામના ખૂન કેસમાં ન્યાયની આશા

બાબુરામ ભીલ એક ખેડૂત હતો અને જાગીરદારની જમીન પર ખેતી કરીને તેના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેને ઉત્પાદનનો ચોથો ભાગ મળવાપાત્ર હતો. પાક પક્યા પછી બાબુરામે જમીનમાલિક પાસે પોતાનો હિસ્સો માગ્યો. એ વખતે બોલાચાલી થઈ અને તેનું ખૂન થયું.

જાગીરદાર શક્તિશાળી હતો. તેણે પોલિસ તપાસ પર પ્રભાવ પાડ્યો અને હૃદયરોગનો હુમલો મોતનું કારણ છે એમ ચોપડે ચડાવી દીધું. મરણોત્તર તપાસ સિવાય મૃતદેહ શબઘરમાં ચડાવી દેવાયો. રાસાયણિક તપાસમાં તેના ખોરાકમાં ઝેર નીકળ્યું અને ઘટનાના નવ માસ પછી તપાસ બરાબર શરૂ થઈ.

વ્યક્તિનો સમાવેશ ટુકડીમાં કરી શકાય. એક ટુકડી તરીકે કામ કરવાથી એકાંગી દૃષ્ટિકોણ આવતો નથી અને પરસ્પરની અસંમતિ ઊભી થવા જેવા અવરોધો પણ આવતા નથી. જો બે વ્યક્તિની ટુકડી હોય તો આવા અવરોધો પણ આવતા જ હોય છે. આમ, એ જરૂરી છે કે હકીકતોની શોધ કરનારી ટુકડીમાં ત્રણ જણા હોય અને તેમાં કમ-સે-કમ એક મહિલા હોય.

**૧.૨** સ્થળ પર જતાં પહેલાં એ જરૂરી છે કે હકીકતોની શોધ કરનારી ટુકડી સાથે બેસે અને ઘટનાની તારીખથી છેલ્લી તારીખ સુધી પ્રાપ્ય તમામ માહિતી મેળવે. એ બધું અગાઉથી નક્કી થયેલી રીતે લખવામાં આવે કે જેથી ટુકડીના સભ્યોમાં એકસમાન સમજ ઊભી થાય.

**૧.૩** ટુકડીના સભ્યો વચ્ચે જવાબદારીઓનું વિભાજન મહત્ત્વનું છે. તેનાં બે મુખ્ય કારણો છે: જવાબદારી વહેંચવામાં આવે તો હકીકતોની શોધ કરવાની પ્રક્રિયા ઝડપી બને છે અને તેનાથી ન્યાય મળવાની સંભાવના વધી જાય છે. જવાબદારીની સ્પષ્ટતા જરૂરી છે. તેનાથી કોઈ ગૂંચવાડા વિના યોગ્ય પગલાં ભરાય અને વધુ તલસ્પર્શી તપાસ થઈ શકે છે.

**૧.૪** શક્ય હોય ત્યાં સુધી જેનો અભ્યાસ કરવાનો હોય, જેમની મુલાકાત લેવાની હોય, જે પ્રશ્નો પૂછવાના હોય વગેરેની યાદી બનાવી લેવી જોઈએ. સંજોગો અનુસાર તેમાં ફેરફાર થઈ શકે.

**૨. સ્થળ પર તપાસ**

એને પરિણામે પરિસ્થિતિ વિશે સમજ ઊભી થાય છે. ઘટનાનું સ્થળ અને તેની આસપાસના વિસ્તારો વિશે નકશાંકન કરીને

### પ્રેમ અને બળાત્કાર

પાચપાદરા ગામની કમલાદેવી તેને ગમતા એક યુવાન સાથે ભાગી ગઈ હતી. સામાજિક શરમને ઢાંકવા માટે તેના પરિવારના દબાણ હેઠળ તેણે એવો આરોપ મૂક્યો કે તેનાં સાસરિયાંઓએ તેના પર બળાત્કાર કર્યો અને તેને વેચી નાખી.

તેણે જે નિવેદન કર્યું તે કલમ-૧૬૧ (સીઆરપીસી) હેઠળના સાક્ષીઓના નિવેદન અને કલમ-૧૬૪ હેઠળના મેજિસ્ટ્રેટ સમક્ષના નિવેદનથી અલગ હતું. તેને કારણે હકીકતોની શોધ ચલાવનારી ટુકડી સાવધ બની ગઈ. તેણે જ્યારે એકલી કમલાદેવીની અલાયદી મુલાકાત લીધી ત્યારે તેણે સાચી વાત કહી અને જો પોતાનો પરિવાર મંજૂરી આપે તો તે પોતાના પ્રેમી સાથે રહેવા માગતી હતી. પોલિસે આ તારણ નોંધ્યું અને નિર્દોષ સાસરિયાં ત્રાસમાંથી બચી ગયાં.

ઊંડી સમજ કેળવવી જોઈએ. ઘર કે મકાનની અંદર ઘરના બની શકે છે કે નહિ, દરવાજા કે બારીઓ બંધ હતાં કે ખુલ્લાં, સાક્ષીઓ કોણ હતા વગેરે પ્રકારની માહિતી મેળવી શકાય. જો શક્ય હોય તો પુરાવા સ્વરૂપે ફોટા પણ લઈ શકાય.

**૩. મુલાકાત**

હકીકતોની શોધમાં વિવિધ પક્ષકારો સાથે મુલાકાત અને યોગ્ય દસ્તાવેજીકરણ એક મહત્ત્વની કડી છે. સ્થળ પરની જાતતપાસ વખતે જ આ મુલાકાત ગોઠવી શકાય. જેમણે મુલાકાત લેવાની છે તેમણે યોગ્ય તૈયારી કરી લેવી જોઈએ.

**૩.૧** મુલાકાત શરૂ કરતાં અગાઉ હકીકતોની શોધ કરનારી ટુકડીએ પોતાની ઓળખ આપવી જોઈએ અને પોતાનો હેતુ શક્ય હોય તેટલો ટૂંકમાં જણાવવો જોઈએ.

**૩.૨** મુલાકાતનું સ્થળ પણ ઘણું મહત્ત્વનું છે અસરગ્રસ્તો કે સાક્ષીઓ સાથે વાત કરતી વખતે દબાણ કરે, ભય ઊભો કરે કે પ્રભાવ પાડે તેવી કોઈ વ્યક્તિ આસપાસ હોવી જોઈએ નહિ. એવું પણ જોવા મળ્યું છે કે અસરગ્રસ્ત વ્યક્તિ તેના પરિવારના સભ્યોના દબાણ હેઠળ પણ હોય છે. બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓ અને તેના પરિવારો શરમ, ભય અને સામાજિક દબાણનો અનુભવ કરે છે.

**૩.૩** મુલાકાત લેનારા માટે સાંભળવાની કળા અગત્યની બાબત

છે. પ્રશ્નો ખુલ્લા અને ધ્યાનાકર્ષક હોય, કોઈ બાબત નિશ્ચિત કરનારા ના હોય, સંવેદનશીલતા ધરાવાનારા હોય તો લોકોને બોલવાનું પ્રોત્સાહન મળે છે. જવાબ આપનારાઓને એમ લાગવું જોઈએ કે મુલાકાત લેનાર તેની સાથે વાતચીત કરવામાં રસ લે છે અને ધ્યાન આપે છે. મુલાકાત ચાલુ હોય ત્યારે મોબાઈલ પર વાત ના કરવી, બરાબર બેસવું, અલગ ના બેસવું કે ઊંચાઈવાળા સ્થાને ન બેસવું, વગેરે જેવી બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**૩.૪** મુલાકાતનું દસ્તાવેજીકરણ પણ એટલું જ મહત્ત્વનું છે. જે વ્યક્તિ પ્રશ્નો પૂછે છે, એ લખે નહિ એ જરૂરી છે. ટુકડીના એક સભ્યને જવાબો લખવાની જવાબદારી સોંપવી જોઈએ. પ્રશ્નો અને જવાબો બંને લખવા જોઈએ. હકીકતોની વિશ્લેષણમાં એ મહત્ત્વની બને છે અને મુલાકાતની પ્રક્રિયામાં કોઈ ખામી રહી ગઈ હોય તો સમીક્ષા સમયે તે સુધરી જાય છે. જો શક્ય હોય તો ટુકડીના બે સભ્યો જવાબો લખે કે પછી મુલાકાતનું રેકોર્ડિંગ કરવામાં આવે. એટલે કશું રહી ના જાય અને જવાબમાં જે સંવેદનાઓ હોય એની પણ નોંધ લઈ શકાય. રેકોર્ડિંગ માટે જેની મુલાકાત લેવાની છે તેની પરવાનગી લેવાનું મહત્ત્વનું છે.

**૩.૫** જે આરોપી છે તેની મુલાકાત લેવાનું ઘણીવાર મુશ્કેલ હોય છે, પણ તે ઘણું જ મહત્ત્વનું છે. તેના વિના હકીકતોની શોધ અધૂરી રહે છે. ઘટના પાછળનાં કારણો અંગે તેમાંથી માહિતી મળે છે. ઘણી વાર એમ પણ જણાયું છે કે અસરગ્રસ્તો ઘણી વાર પોતાનો મુદ્દો પુરવાર કરવા માટે બિન-જરૂરી વધારે પડતા આરોપો મૂકતા હોય છે, અથવા જૂની અદાવત કે દુશ્મનાવટ જાહેર કરતા નથી કે પોતાની ભૂમિકા કહેતા નથી. આરોપીની મુલાકાતથી હકીકતોની શોધનો અહેવાલ ખૂબ જ જરૂરી રીતે વાસ્તવિક બને છે.

## ૪. અન્ય પ્રસ્તુત દસ્તાવેજોનું વિશ્લેષણ

ઘણી વાર એવું બને છે કે સંગઠનને કે હકીકતોની શોધ કરનારી ટુકડીને ઘટના અંગેની માહિતી મોડી મળે છે. ઘણી વાર તપાસ એને મેળે આગળ વધી હોય એમ પણ બને છે. આ પ્રકારનાં પગલાનું વિશ્લેષણ કરવામાં દસ્તાવેજીકરણ ઉપયોગી થાય છે. અન્યથા ઘણી વાર ન્યાય મેળવવા માટે સંગઠનને કેવી રીતે દરમ્યાનગીરી કરવી તેની દિશાસૂચન પણ દસ્તાવેજીકરણમાંથી મળે છે. એફઆઈઆરમાં ઘટનાનું વર્ણન હોય છે, ઘટનાક્રમ હોય છે અને કેસમાં ઉપસ્થિત થતા કાનૂની મુદ્દાઓ હોય છે. તે તપાસ અધિકારીની વિગતો કાનૂની મુદ્દાઓ હોય છે. તે તપાસ અધિકારીની વિગતો પૂરી પાડે છે. શારીરીક હિંસાના કેસોમાં તબીબી તપાસનો અહેવાલ ખૂબ જ મહત્ત્વનો છે. તેમાંથી ઈજાઓના સ્વરૂપ અને પ્રમાણ વિશે માહિતી મળે છે. ઈજા પહોંચાડવા કયાં સાધનો વપરાયાં તેની માહિતી પણ મળે છે. કેસમાં જે કાનૂની જોગવાઈઓ ઉપયોગ કરવાનો હોય તેમાં તે ઉપયોગી થાય છે.

દા.ત. જો કોઈ આંતરિક ઈજાઓ થઈ હોય, ઈજા ઊંડી હોય, માથા પણ ઈજા થઈ હોય કે પછી ધારદાર હથિયારથી ઈજા પહોંચાડાઈ હોય તો હત્યા કરવાના ઈરાદાથી માર મરાયો છે એમ કહી શકાય. પોલિસના અહેવાલમાં પણ ઘટનાસ્થળનું સ્પષ્ટ ચિત્ર ઊભું થાય છે. ઘણી વાર એમ પણ બને કે નકશાંકન અધુરું હો, તો તે હિમાયતનો મદ્દો પણ બને. ખૂનના કેસમાં મરણોત્તર તપાસ અહેવાલ મહત્ત્વનો છે કારણકે તે મોતના સમય અને કારણ ઉપર પ્રકાશ ફેંકે છે. રાસાયણિક તપાસ અહેવાલ પણ આવા કેસોમાં ઉપયોગી સાબિત થાય છે. અસરગ્રસ્તો, સાક્ષીઓ અને કર્મચારીને મળવાના પ્રયાસો પણ કરવા જોઈએ. અસરગ્રસ્ત પાસેથી મૂળ દસ્તાવેજો લઈ લેવા જોઈએ નહિ. અન્ય પત્રવ્યવહાર અને માધ્યમો દ્વારા ઘટનાનું આવરણ પણ હકીકતોની શોધમાં ઉપયોગી થાય છે. જો આરોપી રીઢો ગુનેગાર હોય તો ભૂતકાળનાં તેનાં એવાં જ કૃત્યો કેસને મજબૂત બનાવે છે.

## ૫. વિશ્લેષણ

ખરેખર અસરકારક બનવા માટે વહેલામાં વહેલી તકે વિશ્લેષણ થાય તે જરૂરી છે. ટુકડીના તમામ સભ્યો એકસાથે વિશ્લેષણ કરે એ મહત્ત્વનું છે અને શક્ય હોય તેટલી સર્વગ્રાહી રીતે તમામ પાસાંને આવરી લઈને વિશ્લેષણ થવું જોઈએ. વિશ્લેષણમાં નીચેના પાસાં અગત્યનાં છે:

૧. સ્થળ પરની જાતતપાસનાં તારણો.
૨. અસરગ્રસ્ત સાથેની મુલાકાતનાં મહત્ત્વનાં પાસાં.
૩. સાક્ષીઓ અને આરોપીઓની મુલાકાતોમાંથી ઊભી થતી સમાનતાઓ અને તફાવતો.
૪. કયાં પાસાંની ચકાસણી થઈ તે.
૫. સંબંધિત દસ્તાવેજોમાંથી ઊભાં થતાં પાસાં.

છેક છેલ્લે વિશ્લેષણ કરાય એમ નહિ થવું જોઈએ. સમ્રગ પ્રક્રિયા દરમ્યાન શક્ય તેટલા વધારે વખત તે થવું જોઈએ. હકીકતોની

શોધ કરનારી ટુકડીના સભ્યોમાં તેને લીધે એકસમાન સમજ ઊભી થાય છે. હકીકતોમાં જે તફાવતો નજરે પડતા હોય તેના પર ધ્યાન જાય છે અને બીજાં સ્રોતો દ્વારા ચકાસણી કે વધુ તપાસનો અવકાશ ઊભો થાય છે.

કાનૂની લડાઈમાં ઘણાં પાસાં મહત્ત્વના બને છે અને બધાનો સમાવેશ હકીકતોની શોધમાં થવો જોઈએ. જેમકે અસરગ્રસ્ત અને આરોપીઓની આર્થિક સ્થિતિ, છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન ગામમાં થયેલા એ જ પ્રકારના ગુના અસરગ્રસ્ત પરિવારની સ્થિતિ, અન્ય હિતધારકોની સ્થિતિ. અન્ય હિતધારકોમાં પરંપરાગત સામાજિક પંચ, ગામના નેતાઓ, રાજકીય લોકો વગેરેનો સમાવેશ થાય છે અને તેઓ કેસ ઉપર પ્રભાવ પાડે છે. ઘણી વાર કાનૂની રીતે મજબૂત કેસ પણ સામાજિક કારણોસર નિષ્ફળ જાય છે.

### ૬. માહિતીની વિવિધ રીતે ચકાસણી

જો માહિતીમાં તફાવત હોય તો હકીકતોની શોધનો અહેવાલ. વિશ્વસનીય ના બને તેથી અનેક સ્રોતો દ્વારા માહિતીની ચકાસણી થવી જોઈએઃ

### ૭. હકીકતોનો શોધનો અહેવાલ

માનવ અધિકારોના મદ્દે કામ કરતા સંગઠન માટે વધુ દરમ્યાનગીરી માટે હકીકતોની શોધનો અહેવાલ આધાર બને છે. અસરગ્રસ્તને કાનૂની રીતે પૂરો પાડી શકાય છે અને ન્યાયતંત્રમાં વિવિધ સ્તરે હિમાયત કરી શકાય છે. સંપૂર્ણ અને સ્પષ્ટ વર્ણનથી આ અહેવાલ અસરકારક બને છે. આ અહેવાલ નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએઃ

૧. ઘટનાનું સંપૂર્ણ વર્ણન અને ઘટનાક્રમ.
૨. સ્થળ પરની તપાસનાં તારણો અને ત્યાં સુધી પહોંચવાનાં પગલાં અને સ્પષ્ટ કારણો.
૩. મુલાકાતોમાંથી મળતાં તારણો તેમાં ઘટનાની વિગતો, ઘટનાક્રમ, હેતુ અને તફાવતો પણ હોય. જે પાસાંની ચકાસણી થઈ હોય તેની વિગતો હોય અને જેમની ચકાસણી ન થઈ શકી હોય એ પણ તેમાં સ્પષ્ટપણે જણાવાયું હોય.
૪. સત્તાવાર દસ્તાવેજોમાંથી મળતાં તારણો.
૫. શોધ ટુકડીના અનુભવો અને વિશ્લેષણની વિગતો. અહેવાલમાં સ્પષ્ટપણે જણાવેલું હોવું જોઈએ કે માનવ અધિકારીઓની કઈ જોગવાઈઓ અને કયાં સાધનોનો ભંગ થયો છે. વિશ્લેષણમાં કઈ દિશામાં કયાં પગલાં સાથે હિમાયત થશે તેનો સ્પષ્ટ નિર્દેશ પણ હોય. તમામ વિગતો અને વિશ્લેષણમાં મૂળ દસ્તાવેજનો સંદર્ભ પાના નંબર સાથે હોવો શક્ય હોય તો એ જ દિવસે પૂરો કરવો જોઈએ. અહેવાલનું લેખન અને વાચન કરવાથી અગાઉ રહી ગયેલી ખામીઓ ધ્યાનમાં આવે છે અને તપાસના બીજે દિવસે તે સુધરી જાય છે.

### ૮. હકીકતની શોધના અહેવાલનું સંચાલન

જે કેસો માટે હકીકતોની શોધ ચલાવવામાં આવે તે દરેક કેસની એક અલગ અલગ ફાઈલ હોવી જોઈએ. તેમાં જે તે કેસના તમામ દસ્તાવેજો હોવા જોઈએ. વધારે સારા સંચાલન માટે અને આસાનીથી અહેવાલ મળે તે માટે નીચેના ક્રમમાં તે હોય એ ધ્યાનમાં રાખવું જોઈએ.

૧. આરંભમાં અનુક્રમણિકા મૂકેલી હોય. તમામ પાનાં ક્રમબદ્ધ અને નંબર સાથે ગોઠવાયેલાં હોય તેને પરિણામે ફાઈલમાંથી કશું આડુંઅવળું નહિ થાય.
૨. કેસનાં અને દરમ્યાનગીરીનાં મુખ્ય પાસાંનો સારાંશ.
૩. હકીકતોની શોધનો વિશ્લેષણાત્મક અહેવાલ.
૪. મૂળ નકશો, મુલાકાતોનો પાઠ અને કેસ સાથે સંબંધિત દસ્તાવેજો.

## અસર અને પ્રક્રિયા સંસ્થાકરણ માટેના પ્રયાસો

હકીકતોની શોધને લીધે હિમાયતને બળ મળ્યું છે. ૧૧ કેસોમાં અથવા ૨૧ ટકા કેસોમાં અસરગ્રસ્તોની તરફેણમાં ચુકાદા આવ્યા છે અને આ પ્રમાણ અત્યાચાર વિરોધી ધારા હેઠળ થયેલી સજાના રાષ્ટ્રીય દર કરતાં વધારે છે. હકીકતોની શોધ માટેના ક્ષમતા નિર્માણના કાર્યક્રમમાં સમુદાય આધારિત સંગઠનો, સહભાગી સંગઠનો અને રાજસ્થાનનાં અન્ય ઘણાં સંગઠનોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ૩૭૪ જેટલા દલિત સમુદાયના નેતાઓએ તાલીમ લીધી હતી. તેમાંથી કમ-સે-કમ ૫૦ નેતાઓ આજે એવા છે કે જેઓ દલિતો પરના અત્યાચારના કેસમાં હકીકતોની શોધ અસરકારક રીતે આત્મવિશ્વાસપૂર્વક કરી શકે છે અને પછીની હિમાયત પણ કરી શકે છે.

૫૦ કેસોમાં સઘન રીતે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે, હકીકતોની શોધથી માંડીને કાનૂની ટેકો અને માર્ગદર્શન અપાયાં ત્યાં સુધીનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું. આ મુદ્દે વધુ ક્ષમતા નિર્માણ માટેના પ્રયાસોમાં તે ભણતરની સામગ્રી તરીકે કામ લાગે તેમ છે. દરેક કેસ ઉપર દેખરેખ રખાય છે અને સમક્ષા કરાય છે અને તેથી 'ઉન્નતિ'ની સંગઠનાત્મક ભૂમિકા શી રહેશે, તે શાના પર ધ્યાન કેન્દ્રિત કરશે અને કેટલી હદે દરમ્યાનગીરી કરશે તે નક્કી કરવામાં તેનાથી મદદ મળી છે.

# પુનર્સ્થાપન, પુનર્વસન અને જમીન સંપાદનને સાંકળતો નવો કાયદો

વિકાસલક્ષી પરિયોજનાઓ માટે સંપાદિત કરાતી ખાસ કરીને ગરીબ ખેડૂતો, આદિવાસીઓ અને દલિતોની જમીનોના સંદર્ભમાં દેશભરમાં વર્ષોથી હોબાળો મચેલો છે. જમીન સંપાદનથી ઉભી થતી સમસ્યાઓના નિવારણ માટે ભારત સરકાર નવો કાયદો લાવી રહી છે કે જેમાં જમીનના સંપાદનને પુનસ્થાપિત અને પુનર્વસન સાથે સાંકળવામાં આવ્યું છે. આ અંગે 'ધ હિન્દુ'માં તા. ૧૩-૯-૨૦૧૨ના રોજ પ્રકાશિત આયોજન પંચના સભ્ય **શ્રી મિહિર શાહ**ના અંગ્રેજી લેખનો અનુવાદ અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

### પ્રસ્તાવના

ભારત ખૂબ જ ઝડપથી ઔદ્યોગકિ બની રહેલું અર્થતંત્ર છે અને સમાજ પોતાના લોકો માટે વધારે સારી માળખાગત સવલતોની જોરદાર માંગ કરી રહ્યો છે. છેલ્લાં ૨૦ વર્ષ દરમ્યાન આ પ્રક્રિયાએ જોરદાર વેગ પકડ્યો છે અને ભારત દુનિયાના સૌથી ઝડપથી વિકસતાં અર્થતંત્રોમાંનું એક બન્યું છે. જો કે, આ હેતુઓ માટે જેમની જમીનોનું સંપાદન થયું અને જે અસહાય લોકોના જીવનનિર્વાહનો આધાર જમીન પર હતો તેમની જમીનોનું સંપાદન થયું તેથી મોટી દુર્ઘટના સર્જાઈ હોય એમ બન્યું છે. ભારતમાં સ્વાતંત્ર્ય બાદ વિકાસલક્ષી પરિયોજનાઓને લીધે જેમનું વિસ્થાપન થયું હોય તેવા લોકોની સંખ્યા એક સ્વતંત્ર અંદાજ મુજબ ૬ કરોડ છે. દુનિયાભરના દેશોમાં આ આંકડો સૌથી મોટો છે. એમાંના માત્ર ત્રીજા ભાગના લોકોનું આયોજનબદ્ધ પુનર્સ્થાપન થયું છે. તેઓ મોટા ભાગના ગ્રામીણ ગરીબો છે કે જેમની પાસે બીજી કોઈ અસ્કામત નથી, તેઓ સીમાન્ત ખેડૂતો, ગરીબ માછીમારો અને ખાણિયા કામદારો છે. વિસ્થાપિત થયેલાઓમાં લગભગ ૬૦ ટકા આદિવાસીઓ અને દલિત સમુદાયો છે. આપણો ૯૦ ટકા કોલસો, ૫૦ ટકા જેટલાં ખનિજો અને મોટા ભાગના બંધો આદિવાસી પ્રદેશોમાં છે તેથી આ વિસ્તારોમાં જમીન સંપાદનના મુદ્દે વિવાદો ઊભા થાય એવી સંભાવના રહે જ છે.

### એક સિક્કાની બે બાજુઓ

આપણે નિર્ણાયક રીતે અંગ્રેજોના જમાનામાં ઘડાયેલા જમીન સંપાદન ધારા-૧૮૯૪ને છોડવાની જરૂર છે. તેમાં ભારતના લોકો વસ્તુઓ છે. આપણે લોકો એવા નાગરિકો છે કે જેમને બંધારણ હેઠળ જેની બાંયધરી અપાઈ છે. એવા અધિકારો છે એ દૃષ્ટિ કેળવવાની જરૂર છે. એ જ જમીન સંપાદન, પુનસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર ધારો એ જ કરવા માગે છે. આ નવા કાયદાનું સૌથી નોંધપાત્ર પાસું એ છે કે તેમાં જમીન સંપાદનને પુનર્સ્થાપન અને પુનર્વસનની સાથે જોડવામાં આવ્યું છે. એ માટે એ બંનેને એક જ સિક્કાની બે બાજુઓ તરીકે જોવાં પડે. દરેક કિસ્સામાં જમીન સંપાદનની સાથે જ પુનર્સ્થાપન અને પુનર્વસન થવાં જ જોઈએ. એક જ કાયદામાં એ બંનેનો સમાવેશ થાય તો પુનર્સ્થાપન અને પુનર્વસનની અવગણના કરવાની જરૂર છે. અત્યાર સુધી કોઈ પણ જાતની પરિણામોની ચિંતા કર્યા વિના શરતો મૂકવામાં આવતી હતી તેવું ના થવું જોઈએ, આ નવા ખરડામાં તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

આ ખરડાને ખૂબ જ પારદર્શક રીતે તમામ હિતધારકો સાથે ચર્ચા-વિચારણા કરીને છેલ્લા એક વર્ષ દરમ્યાન આકાર આપવામાં આવ્યો છે. સંસદની સ્થાયી સમિતિએ જે સૂચનો કર્યાં છે તે લગભગ બધાં જ સૂચનોને તેમાં ધ્યાનમાં લેવામાં આવ્યાં છે. આ ખરડામાં સૌથી મહત્ત્વની જોગવાઈ સામાજિક અસર મૂલ્યાંકન (સોશ્યલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ - એસઆઈએ)ની છે. દુનિયાભરમાં આ પદ્ધતિ સુસ્થાપિત છે, અને તેણે વધારે ન્યાયી અને સમાવેશી રીતે વિકાસને આગળ ધપાવવામાં મદદ કરી છે. સામાજિક અસર મૂલ્યાંકનમાં જમીનના સંપાદનથી કોઈ જાહેર હેતુ સિદ્ધ થાય છે કે નહિ, કેટલા પરિવારોને અસર થાય છે તેનો અંદાજ અને કેટલી જમીનને સંપાદનથી અસર થવાની છે તેવા મુદ્દાઓનો સમાવેશ થશે. સામાજિક અસર મૂલ્યાંકનમાં વિકાસલક્ષી પરિયોજનાથી ઊભા થતા સામાજિક ખર્ચાનો ઊભા થતા લાભના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવશે. અસરગ્રસ્ત પરિવારોનાં મંતવ્યો નિશ્ચિત રીતે નોંધાય અને તેના અહેવાલમાં તેમનો સમાવેશ થાય એ તેમાં જોવાશે. આ હેતુ માટે અસરગ્રસ્ત વિસ્તારમાં જાહેર સુનાવણી યોજવામાં આવશે. જાહેર સુનાવણીની તારીખ, સ્થળ અને સમયની પૂરતી પ્રસિદ્ધિ કરવામાં આવશે. સામાજિક અસર મૂલ્યાંકન અહેવાલની ચકાસણી અનેક વિદ્યાશાખાના નિષ્ણાતોનું બનેલું એક જૂથ કરશે. તેમાં બે સામાજવિજ્ઞાનીઓ, બે પંચાયતોના પ્રતિનિધિઓ, પુનર્વસન ક્ષેત્રના બે નિષ્ણાતો અને વિકાસલક્ષી પરિયોજનાઓ, પુનર્વસન સંબંધિત વિષયના એક ટેકનિકલ નિષ્ણાતનો સમાવેશ થયો હશે. જો નિષ્ણાત જૂથ એવો અભિપ્રાય આપે કે પરિયોજનાથી કોઈ જાહેર હેતુ સરતો નથી, અથવા સામાજિક ખર્ચ અને વિપરીત

સામાજિક અસર તેનાથી મળનારા સંભવિત લાભો કરતાં વધારે છે તો પરિયોજના છોડી દેવાની જ તે ભલામણ કરશે.

જો કે, જો નિષ્ણાત જૂથ પરિયોજના આગળ ધપાવવા માટે મંજૂરી આપે તો પણ આ કાયદામાં અસરગ્રસ્ત પરિવારોનાં હિતોના રક્ષણ માટે ખૂબ જ મજબૂત જોગવાઈઓ કરવામાં આવી છે. તેમાં ૧૦૦ ટકા નાણાકીય વળતર શહેરી વિસ્તારોમાં જમીનના બજાર ભાવના બમણા દર અને ગ્રામ વિસ્તારોમાં જમીનના બજાર ભાવના બેથી ચાર ગણા દરની જોગવાઈ કરાઈ છે. બજાર ભાવના બેથી ચાર ગણા દરની મૂલ્ય ઊતરતા ક્રમના માપ દ્વારા નક્કી કરાશે એટલે કે ધ્યાનમાં લેવાશે પણ એ માપ નક્કી કરવાની જવાબદારી રાજ્ય સરકારની રહેશે.

દરેક અસરગ્રસ્ત પરિવારને પુનર્સ્થાપન અને પુનર્વસનના સર્વગ્રાહી પેકેજનો લાભ મળશે. સિંચાઈની પરિયોજનાઓમાં જમીન ધરાવનાર દરેક અસરગ્રસ્ત પરિવારને પિયત વિસ્તારમાં એક એકર જમીન મળશે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પરિવારોને તેમની જમીનનું સંપાદન કરવામાં આવ્યું હોય તેના પ્રમાણના સંદર્ભમાં વધારે જમીન મળશે. વધુમાં વધુ તેમને ૨.૫ એકર જમીન મળશે. અસરગ્રસ્ત પરિવારોને સરોવરમાં માછીમારી માટેનો અધિકાર પણ રહેશે. દરેક પરિયોજનામાં ઘરની સામે ઘર મળશે. જો કોઈ પરિયોજનામાં નોકરીનું સર્જન થશે તો અસરગ્રસ્ત પરિવારોને રોજગારીનો અધિકાર રહશે. શહેરીકરણની પરિયોજનાઓમાં વિકસિત જમીનના ૨૦ ટકા જમીનમાલિક એવા અસરગ્રસ્ત પરિવારો માટે અનામત રહશે, જો, કે તેમની સંપાદિત જમીનના પ્રમાણના સંદર્ભમાં તેવી અનામત રાખવામાં આવશે.

અન્ય સ્થળે પુનર્સ્થાપન કરવાનું હોય ત્યારે દરેક અસરગ્રસ્ત પરિવારને જીવનનિર્વાહ માટે ગ્રાન્ટ, પુનર્સ્થાપન ભથ્થું અને પરિવહન ભથ્થું મળશે, અનુસૂચિત જાતિઓ અને અનુચિત જનજાતિઓના પરિવારો માટે તે વધારે હશે. શક્ય હોય ત્યાં સુધી અનુસૂચિત વિસ્તારોમાં જમીન સંપાદન કરવામાં આવશે નહિ પણ જો ત્યાં જમીનનું સંપાદન કરવું જ પડે તો, જે તે ગ્રામ સભા કે પંચાયત કે સ્વાયત જિલ્લા પરિષદની મંજૂરી મેળવવી પડશે. તેમનું પુનર્સ્થાપન એકસાથે એ જ અનુસૂચિત વિસ્તારમાં થાય તેને પ્રાથમિકતા અપાશે, કે જેથી તેઓ તેમની વંશીય, ભાષાકીય અને સાંસ્કૃતિક ઓળખ જાળવી શકે.

દરેક પુનર્સ્થાપન વિસ્તારમાં રસ્તાઓ સહિતની એનક સવલતો પૂરી પાડવામાં આવશે અને નજીકના પાકા રસ્તા સુધીનો બારમાસી રસ્તો પણ પૂરો પડાશે. એ ઉપરાંત પરિવહન સેવાઓ, ગટર અને સફાઈની સેવાઓ, પીવાના પાણીનાં સ્રોત, વીજળીનાં જોડાણ અને જાહેર વીજ સેવા, શિક્ષણના અધિકારના કાનૂની જોગવાઈ અનુસાર શાળાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પાયાની સિંચાઈની સવલતો, બિયારણ અને ખાતરના સંગ્રહની સવલતો, વાજબી ભાવની દુકાનો, કબ્રસ્તાન અને સ્મશાનગૃહ, આંગણવાડી, પશુ સારવાર કેન્દ્ર, ગૌચરની જમીન, બાળકો માટે રમતનું મેદાન, સામુદાયિક કેન્દ્ર, પૂજા ધાર્મિક સ્થાનો વગેરેની સગવડતાઓ પણ હશે.

## વિરોધથી સ્વીકાર સુધીની યાત્રા

આરંભમાં ખાનગી કંપની ક્ષેત્રે આ કાયદાનો વિરોધ કર્યો હતો પણ હવે એનો વિરોધ શમી ગયો હોય એમ લાગે છે. તેઓ હવે સ્પષ્ટપણે એમ સ્વીકારે છે કે વળતર તરીકે આપવાની થતી રકમ એને પુનર્સ્થાપન અને પુનર્વસન માટે થતું ખર્ચ પરિયોજનાઓમાંથી થનારા સંભવિત લાભ કરતાં ઘણું ઓછું હશે. તેમને એ હકીકતની જાણ પુન: ખાતરી થઈ છે કે જમીન માટે વળતર ચૂકવવામાં આવશે તે ભવિષ્યમાં થનારા જમીન સંપાદન માટેની વિસ્તારના દર તરીકેનો આધાર નહિ બને, કે જેથી સટાખોરીથી ભાવવધારો થયા કરે. જોકે, એક મુદ્દો યોગ્ય રીતે ચિંતા પ્રેરે છે કે આ કાયદા હેઠળ જે નવી પ્રક્રિયાઓ અનિવાર્ય છે તે અનંત છે. આ બાબત અસરગ્રસ્ત પરિવારો માટે મહત્ત્વની છે. કારણ કે ઈતિહાસ એમ દર્શાવે છે કે પુનર્સ્થાપન અને પુનર્વસનની પ્રક્રિયાઓ દર્દનાક બની રહી છે અને વિસ્થાપિતો માટે એ દુર્ઘટના સમાન બની છે.

આમ અત્યારે આ ખરડાનું જે નવું સ્વરૂપ તૈયાર થઈ રહ્યું છે તેમાં પુનર્સ્થાપન અને પુનર્વસન માટે નિશ્ચિત સમયપત્રક નક્કી થયેલું છે અને એ સમયપત્રક મુજબ જ તેમાં પ્રક્રિયા પૂરી કરવાની રહેશે. તેમાં સામાજિક અસર મૂલ્યાંકનની પ્રક્રિયાના છ મહિનાનો અને જમીન સંપાદનની પ્રક્રિયાના એકંદર ૩૫ માસનો સમાવેશ થઈ જાય છે. ત્રણ માસના સમયગાળામાં વળતરની સંપૂર્ણ રકમની ચુકવણી થઈ જશે અને પુનર્સ્થાપન તથા પુનર્વસન માટે જે નાણાકીય ચુકવણી કરવાની હશે તે નક્કી થયાના છ માસના ગાળમાં કરવામાં આવશે. સિંચાઈ અને જળવિદ્યુત યોજનાઓના કિસ્સામાં પણ તેની જોગવાઈ કરવામાં આવી છે અને જમીન ડૂબમાં જાય તેના છ માસ અગાઉ પુનર્સ્થાપન અને પુનર્વસન પતી જાય એવી જોગવાઈ તેમાં કરાઈ છે.

## જાહેર–ખાનગી ભાગીદારીની પરિયોજનાઓ

ખાનગી અથવા જાહેર-ખાનગી ભાગીદારી(પીપીપી)ની યોજનાઓ માટે સરકાર જમીનનું સંપાદન કરે તે કિસ્સા અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. પરંતુ આપણે સૌ પ્રથમ એ સ્વીકારવું જોઈએ કે ભારતમાં

**જુઓ પૃષ્ઠ ૨૪**

# પ્રાથમિક સેવાઓ માટે સમુદાય-આધારિત દેખરેખ

ગરીબો ગરીબ છે એનું એક કારણ એ છે કે સરકાર દ્વારા જે સેવાઓ પૂરી પાડવામાં આવે છે તે તેમના સુધી પહોંચતી નથી. આ સેવાઓના પુરવઠા, પુરવઠાકારો અને ગુણવત્તા પર જો સ્થાનિક લોકો દ્વારા દેખરેખ રાખવામાં આવે તો તે અસરકારક રીતે ગરીબો સુધી પહોંચી શકે છે. રાજસ્થાનના ગ્રામ વિસ્તારોમાં સમુદાય-આધારિત દેખરેખ કેવી રીતે રખાઈ અને તેનાં અસરકારક પરિણામો કેવી રીતે આવ્યાં તેનું આલેખન આ લેખમાં 'ઉન્નતિ'નાં મુખ્ય કાર્યાધિકારી **સુશ્રી સ્વપ્ની શાહ** અને કાર્યક્રમ અધિકારી **શ્રી દિલીપસિંહ બિડાવત** દ્વારા કરાયું છે.

**પ્રસ્તાવના**

ભારતમાં તાજેતરનાં વર્ષોમાં આર્થિક વૃદ્ધિ ઝડપી બની છે ત્યારે આર્થિક પુનર્વહેંચણી અને સમતાના પ્રશ્નો વિશે ચિંતા ઊભી થઈ છે. સામાજિક બાદબાકીનો પાયો જ્ઞાતિગત વ્યવસ્થા અને મહિલાઓ પ્રત્યેના ભેદભાવમાં રહેલો છે. ગરીબીમાં ઘટાડો કરવા આડે અને સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો સિદ્ધ કરવા આડે આ સૌથી મોટા અવરોધો છે. નાગરિકો અને શાસનની સંસ્થાઓ વચ્ચેના સંબંધોમાં સંઘર્ષ અને વિશ્વાસનો અભાવ સતત વધી રહ્યા છે. નાગરિકોમાં અને ખાસ કરીને ગરીબોમાં ભ્રષ્ટાચાર, પ્રતિભાવાત્મકતાનો અભાવ અને પાયાની સેવાઓના અભાવને કારણે ભ્રમ ભાંગી રહ્યો છે. એક તરફ શાસનમાં સુધારા માટે હોબાળો મચ્યો છે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિકેન્દ્રીકરણ અને ઉત્તરદાયિત્વ વિશે માંગ વધી રહી છે તો બીજી તરફ, ગરીબો સ્થાનિક સ્તરે તેમનો અવાજ સંભળાય તે માટે લડત આપી રહ્યા છે.

રાજસ્થાનમાં ખૂબ જ ઓછો વિકાસ થયો છે. તેનો આર્થિક પાયો ખનિજ સંસાધનો, પ્રાકૃતિક સંસાધનો, પ્રવાસન અને કૃષિ છે. ખેતી સામાન્ય રીતે ઈન્દિરા નહેરની આસપાસના વિસ્તારમાં છે. આવકની અસમાનતા ઘણી વધારે છે પરંતુ એકંદર વૃદ્ધિ દર નીચે છે અને તેથી અસમાનતા બદલાતી રહી છે. જ્ઞાતિ-આધારિત રાજકીય અર્થકારણ અસ્તિત્વમાં છે અને તેની સાથે સાથે પિતૃસત્તાક વ્યવસ્થાના મૂળ ખૂબ જ ઊંડે સુધી ગયેલાં છે તેથી સ્થાનિક રાજકારણ ઉપર પુરુષોનું વર્ચસ્વ ભારે છે. પ્રગતિશીલ વહીવટી કાયદા હોવા છતાં, સ્થાનિક રાજકારણમાં છેવાડાના લોકોનું રક્ષણ કરવાના અને સંસાધન સંચાલન તથા સંરક્ષણ માટેના પ્રયાસો હોવા છતાં જ્ઞાતિગત ભેદભાવ અને સ્ત્રી-પુરુષ ભેદભાવ વિકાસના લાભોની વહેંચણી ઉપર અસર કરે છે અને સામાજિક સલામતી તથા રોજગારીની તકો ઉપર પણ તે અસર કરે છે.

'ઉન્નતિ' નાગરિક નેતૃત્વ અને સામાજિક ઉત્તરદાયિત્વ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને છેલ્લાં ૨૦ વર્ષના તેના વિવિધ ક્ષેત્રોમાંની દરમ્યાનગીરીના અનુભવોને આધારે આ અભિગમ તેણે અપનાવ્યો છે. છેલ્લા એક દાયકા દરમ્યાન અમે ગ્રામ વિસ્તારોમાં અને શહેરી વિસ્તારોમાં સામાજિક ઉત્તરદાયિત્વનાં અનેક સાધનોનો ઉપયોગ કર્યો છે. અમે નાગરિક નેતૃત્વ, સહભાગિતા અને સશક્તિકરણ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે તેમ છતાં, સંપૂર્ણપણે સમુદાય-આધારિત અને ટકાઉ એવું સાધન તો દૂર જ રહ્યું. પશ્ચિમ રાજસ્થાનના કિસ્સામાં તો વધારે એમ રહ્યું કે જ્યાં દલિત સમુદાયમાં સાક્ષરતા ખૂબ જ ઓછી છે અને મહિલાઓને ઘરની બહાર નીકળવા પર ભારે પાબંધી છે. છેલ્લાં ૧૨ વર્ષથી 'ઉન્નતિ'એ સમુદાય-આધારિત અને ટકાઉ એવું સાધન તો દૂર જ રહ્યું. પશ્ચિમ રાજસ્થાનના કિસ્સામાં તો વધારે એમ રહ્યું કે જ્યાં દલિત સમુદાયમાં સાક્ષરતા ખૂબ જ ઓછી છે અને મહિલાઓને ઘરની બહાર નીકળવા પર ભાર પાબંદી છે. છેલ્લાં ૧૨ વર્ષથી 'ઉન્નતિ'એ સમુદાય-આધારિત સંગઠનોને દલિતોને ન્યાય મળે તે માટે અને તેઓ દુકાળનો વધારે સારી રીતે સામુદાયિક સામનો કરી શકે તે માટે ટેકો પૂરો પાડ્યો છે, કારણ કે થારના રણના આ જિલ્લામાં દુકાળ ખૂબ જ સામાન્ય બાબત છે. કોઈક વિધવા મહિલાનો જીવનનિર્વાહ 'નરેગા'માં મળતી રોજગારી હોય, કે વિધવા પેન્શન હોય કે મુશ્કેલીના સમયમાં તે બકરીઓ વેચી મારે તેવી સ્થિતિ હોય ત્યારે સામાજિક સલામતી અને પાયાની સેવાઓ પૂરી પાડવા માટે ટેકો પૂરો પાડવાનું અગત્યનું બની જાય છે. તેની બે-તૃતીયાંશ જેટલી આવક તો સરકારે પૂરા પાડેલા સુરક્ષાના જાળા ઉપર આધાર રાખે છે. પણ જો આ જાળામાં છીંડાં પડે અથવા એ કામ જ ના કરે તો તેની પરિસ્થિતિ અકલ્પનીય રીતે બગડે છે. અનેક કિસ્સાઓનું દસ્તાવેજીકરણ થયું છે કે જેમાં સામાજિક ઉત્તરદાયિત્વનાં સાધનોનો ઉપયોગ થયો હોય અને વધારે ઉત્તરદાયિત્વ ઊભું થયું હોય. જો કે, તેમાં પ્રક્રિયાઓનો સંદર્ભ ઓછો છે અથવા સામાજિક ઉત્તરદાયિત્વ કેવી રીતે લાવી શકાય એને વિશે ઓછી વાત છે. આ લેખમાં એ પ્રક્રિયાનું દસ્તાવેજીકરણ કરવાનો પ્રયાસ કરાયો છે.

## સામાજિક ઉત્તરદાયિત્વનો અભિગમ

નાગરિકોની સામેલગીરી ઉપર જે ઉત્તરદાયિત્વનું નિર્માણ આધાર રાખે તે સામાજિક ઉત્તરદાયિત્વનો અભિગમ છે. ગરીબીમાં ઘટાડો કરવા અને અસરકારક તથા ચિરંતન વિકાસ કરવા માટે તે મોટું પ્રદાન આપે છે એમ સ્વીકારવામાં આવ્યું છે. વિશ્વ વિકાસ અહેવાલ-૨૦૦૪માં ઉત્તરદાયિત્વને "ગરીબો માટે સેવાઓ કામ કરે" એવા દૃષ્ટિકોણથી જોવામાં આવ્યું છે. તે વિકાસ અંગેની વાતચીતમાં પાયાની સેવાઓ અને ગરીબો દ્વારા તેમના ઉપર દેખરેખ રખાય એ બાબતને કેન્દ્રસ્થાને મૂકવામાં આવી છે. તેમાં એમ સ્વીકારવામાં આવ્યું છે કે "ગરીબોને સેવાઓ પૂરતા જથ્થામાં અને સારી ગુણવત્તા સાથે મળતી નથી, જો ગરીબ લોકોને સેવાઓ પૂરી પાડવાની જોગવાઈની વ્યવસ્થામાં મૂકવામાં આવે તો તેમને માટે તે સેવાઓ કામ કરે, તેઓ તેમના ઉપર દેખરેખ રાખે અને સેવાના પુરવઠાકારોને શિસ્તમાં રાખે તે માટે તેમને સક્ષમ બનાવાય, તે માટે નીતિનિર્ધારણમાં તેમનો અવાજ બુલંદ બનાવાય અને ગરીબો માટે સેવાઓ પૂરી પાડવા પુરવઠાકારોને પ્રોત્સાહન અપાય." સામાજિક ઉત્તરદાયિત્વ માટેના અનેક પ્રયાસોના કેન્દ્રમાં પાયાની સેવાઓ પૂરી પાડવાનું અગત્યનું છે. ગરીબો જે સેવાઓ પ્રાપ્ત કરે છે તેમાં તેઓ પોતે કેટલા સામેલ થાય તેની માત્રામાં તફાવત રહેતો હોય છે.

સામાજિક ઉત્તરદાયિત્વનું તંત્ર એવાં અનેક કાર્યોનો સમાવેશ કરે છે કે જેમાં નાગરિકો, સમુદાયો અને નાગરિક સમાજનાં સંગઠનો સરકારને ઉત્તરદાયી ગણે છે. પરંપરાગત રીતે ઉત્તરદાયિત્વના તંત્રમાં ઉપરથી નીચેની દિશાની ઔપચારિક પ્રક્રિયા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હતું કે જેમાં રાજ્યનું તંત્ર મજબૂત બનાવવામાં આવતું હતું. તેમાં એમ વિચારવામાં આવતું રહ્યું હતું કે ચૂંટણીના રાજકારણમાં લોકો તેમની પ્રાથમિકતાઓ વ્યક્ત કરે જ છે અને તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ નીતિઓ ઘડે છે અને રાજ્યને ઉત્તરદાયી બનાવે છે. આ અભિગમમાં રાજ્યની સંસ્થાઓને મજબૂત બનાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હતું અથવા અને લોકો સાથે પરામર્શ કરવાનો અવકાશ ઊભો કરવામાં આવતો હતો, પરંતુ નાગરિકો અને રાજ્ય વચ્ચેના સત્તાના સંબંધોને ધ્યાનમાં લેવામાં આવતા નહોતા.

૧૯૯૦ના દાયકાના ઉત્તરાર્ધમાં આ વલણમાં પરિવર્તન આવ્યું અને તેમાં સહભાગી વિકાસ તથા સમાંતર ઉત્તરદાયત્વિના ખ્યાલો વિકસ્યા. તાજેતરમાં તો નાગરિકોની અને ખાસ કરીને ગરીબો તથા છેવાડાના લોકોની ક્ષમતા વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. નાગરિકોના નેતૃત્વ હેઠળ ઉત્તરદાયત્વિ ઊભું થાય તેના ઉપર ધ્યાન અપાયું છે, કે જેથી ચૂંટણી સિવાય પણ તેમનો અવાજ રજૂ કરે અને નીતિનિર્ધારણમાં પ્રત્યક્ષ રીતે ભાગ લે. સશક્તિકરણ અને ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવાના અભિગમોનો હેતુ ગરીબો અને છેવાડાના લોકોને સંસાધનો, અસ્કામતો અને ક્ષમતાઓ પ્રાપ્ત થાય એ છે કે જેથી તેઓ તેમના પોતાના વિકાસ માટે પસંદગીઓ કરી શકે અને એના ઉપર અંકુશ ધરાવી શકે અને એમ કરવામાં તેઓ નિર્ણયકર્તાઓને ઉત્તરદાયી બનાવે. સશક્તિકરણ અને ઉત્તરદાયિત્વ માટેની દરમ્યાનગીરીઓથી લાંબા ગાળાનું પરિવર્તન આવે છે. તેમાં પરિવાર, સમુદાય, સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે સત્તાના જે અસમાન સંબંધો છે તે નાગરિકોના પોતાના દ્વારા જ બદલાય છે. છેલ્લાં ૧૦ વર્ષ દરમ્યાન ડીએફઆઈડી દ્વારા ઘણા સંશોધન કાર્યક્રમો વિશે નાગરિકત્વ, સત્તા તથા રાજ્ય અને સમાજ વચ્ચેના સંબંધો વિશે હાથ ધરવામાં આવ્યા છે. એમનું એક મહત્ત્વનું તારણ એ છે કે નાગરિકોનો અવાજ ઊઠે એ જ પૂરતું નથી અથવા સ્થાનિક સત્તા વધારે પ્રતિભાવાત્મક બને એ જ પૂરતું નથી. નાગરિકોની સહભાગિતાની ક્ષમતા વધે અને રાજ્યની પ્રતિભાવક્ષમતા વધે તે માટે કામ કરવાનું પણ અગત્યનું છે. સામાજિક ઉત્તરદાયિત્વમાં નાગરિકોનો અવાજ ઊભો થાય છે અને રાજ્યમાં સક્રિય સામેલગીરી માટેનો અવકાશ ઊભો થાય છે. વ્યાપક રીતે ઉપયોગમાં લેવાતાં સામાજિક ઉત્તરદાયિત્વનાં સાધનો નીચે મુજબ છે:

૧. **નાગરિકોનું રિપોર્ટ કાર્ડ:** સહભાગી સર્વેક્ષણ કે જેમાં જાહેર સેવાઓની કામગીરી અંગે વપરાશકારોનો અભિપ્રાય માગવામાં આવે છે.
૨. **સામુદાયિક સ્કોર કાર્ડ:** ગામોમાં બેઠકો યોજીને સહભાગી સર્વે કરવો કે જેમાં સેવાના પુરવઠાકારોને તરત જ પ્રતિભાવ આપવામાં આવે.
૩. **જાહેર ખર્ચ અંગેનો સર્વે:** જાહેર ભંડોળનો પ્રવાહ કેવી રીતે વહે છે તેનો જથ્થાત્મક સર્વે કરવો કે જેથી કેટલાં સંસાધનો લક્ષ્યાંક જૂથો સુધી ખરેખર પહોંચે છે તેની ખબર પડે.
૪. **બજેટની સહભાગી પ્રક્રિયા:** બજેટ ઘટાડવામાં, નિર્ણય પ્રક્રિયામાં અને બજેટના અમલ ઉપર દેખરેખ રાખવામાં નાગરિકોની સીધી ભાગીદારીની પ્રક્રિયા.
૫. **સામાજિક અન્વેષણ:** સંગઠનનાં સંસાધનો અને સામાજિક ઉદ્દેશો માટે તેમના ઉપયોગ વિશે માહિતી ભેગી કરવાની, વિશ્લેષણ કરવાની અને તેની આપ-લે કરવાની સહભાગી પ્રક્રિયા.
૫. **સામાજિક અન્વેષણ:** સંગઠનનાં સંસાધનો અને સામાજિક ઉદ્દેશો માટે તેમના ઉપયોગ વિશે માહિતી ભેગી કરવાની, વિશ્લેષણ કરવાની અને તેની આપ-લે કરવાની સહભાગી પ્રક્રિયા.

એમ સ્વીકારવામાં આવ્યું છે કે સામાજિક ઉત્તરદાયિત્વના પ્રયાસોની સફળતા સામાજિક એકત્રીકરણની પ્રક્રિયા ઉપર અને લોકોની સીધી

સામેલગીરીના અવકાશ ઉપર આધાર રાખે છે અને તે ઉપર વપરાશકારોની ક્ષમતા અનુસાર પદ્ધતિઓ અને સાધનોની પસંદગી કરી શકાય અને કરવી જોઈએ. સાંસ્કૃતિક, સામાજિક, રાજકીય, આર્થિક અને શૈક્ષણિક પરિબળોને ધ્યાનમાં લઈને આ સાધનો અને ઉત્તરદાયિત્વ કાર્યક્રમ માટે પ્રત્યાયન વિશે ૨૦૦૭માં યોજાયેલી કાર્યશાળાના અહેવાલ અનુસાર સામાજિક ઉત્તરદાયિત્વના પ્રયાસોની સફળતા નક્કી કરનારાં આવશ્યક પરિબળો નીચે મુજબ છેઃ

૧. જાહેર ક્ષેત્ર અને રાજકીય સંદર્ભનું વિશ્લેષણ કરવું.
૨. સામાજિક ઉત્તરદાયિત્વનાં સાધનોના ઉપયોગ માટે સત્તાવાર ટેકો પ્રાપ્ત કરવો.
૩. નાગરિકોને માહિતી આપવી.
૪. નાગરિકોની સક્રિયતા વધારવી.
૫. લોકમત દ્વારા સરકારી કર્મચારીઓના વર્તનમાં પરિવર્તન લાવવું.

## સમુદાય-આધારિત દેખરેખઃ સશક્તિકરણ અને ઉત્તરદાયિત્વનું સાધન

સશક્તિકરણનો ખ્યાલ ઐતિહાસિક રીતે પાઓલો ફ્રેરે સાથે સંકળાયેલો છે. તેમણે ૧૯૦૦ના દાયકામાં શિક્ષણ દ્વારા શોષિત લોકોની મુક્તિ માટે હિમાયત કરી હતી. છેલ્લાં ૧૫ વર્ષ દરમ્યાન સશક્તિકરણના ખ્યાલોમાં અનેક પ્રકારની સક્ષમતાઓનો સમાવેશ થાય છે. સામૂહિક કાર્ય દ્વારા સત્તાના સંબંધોને પડકાર ફેંકવાથી માંડીને વ્યક્તિગત સભાનતા ઊભી થાય અને પસંદગી વ્યક્ત કરવા માટેની ક્ષમતા અને કાર્ય કરવાની ક્ષમતા ઊભી થાય. સશક્તિકરણને ઘણી વાર નક્કર પરિણામ તરફની પ્રગતિ કહી શકાય કે જેમાં લોકોને તેમના પોતાના જીવન ઉપર અંકુશ મેળવવાની તક મળે અને તેમને જે પ્રશ્નો મહત્ત્વના લાગે છે તે અંગે કાર્ય કરવાની તેમની ક્ષમતામાં વધારો થાય. સશક્તિકરણનો બહુપાંખિયો અભિગમ વ્યક્તિગત ક્ષમતા અને સામૂહિક કાર્ય બંને વિશે વિચારે છે કે જેથી ગરીબી લાવતી અસમાનતા સામે લડી શકાય.

અધિકાર-આધારિત અભિગમમાં એ બાબત પર ભાર મૂકવામાં આવે છે કે દરેક નાગરિકને પોતાના જીવન પર અસરકર્તા નિર્ણય પ્રક્રિયામાં સામેલ થવાનો અંતર્નિહિત અધિકાર છે. અધિકાર-આધારિત અભિગમો અને સશક્તિરણનો અભિગમ એમ માને છે કે લોકો પરિવર્તનના કર્તા તરીકે કામ કરી શકે છે, તેમને માત્ર યોગ્ય સંજોગો કે પર્યાવરણની જરૂર હોય છે. અધિકાર-આધારિત અભિગમ અને ઉત્તરદાયિત્વનો અભિગમ પણ નાગરિકો અને સંસ્થાઓ વચ્ચેના સંબંધો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. એટલે કે નાગરિકોને જેમ અધિકારોનું પાલન થાય તેવી માગણી કરવા માટે સક્ષમ બનવા જોઈએ.

સમુદાય-આધારિત દેખરેખના પ્રયાસો એવી ધારણાને આધારે કામ રે છે કે છેવાડાના સમુદાયોમાં સામૂહિક સભાનતા આવે તો તેઓ અધિકારોના ભંગ સામે અવાજ ઉઠાવશે અને જાહેર સંસ્થાઓ સારી સેવાઓ પૂરી પાડે તે માટે વધુ ને વધુ માંગ કરશે. સતત પ્રશ્નો પૂછીને અને પ્રતિકાર કરીને સરકાર પર દબાણ લાવવામાં આવે તો તેનાથી ગરીબો તરફી નિર્ણયો લેવાશે. વિકાસની મુખ્ય પ્રવાહની પ્રક્રિયા માળખાગત સવલતોના વિકાસ ઉપર આધાર રાખે છે અને તે ગરીબોના પાયાના અધિકારોનું રક્ષણ કરી શકી નથી. અધિકારો પર આધારિત નીતિઓ અને કાર્યક્રમો પણ ગરીબો પર મર્યાદિત અસર કરી શક્યાં છે કારણ કે અમલકર્તા સંસ્થાઓ મુખ્યત્વે બિન-પ્રતિભાવાત્મક હોય છે અને ઉત્તરદાયી હોતી નથી. ગરીબી દૂર કરનારા કાર્યક્રમો માટે મોટે પાયે સંસાધનોનો ખર્ચ કરવામાં આવે છે તેમ છતાં ગરીબો સુધી લાભો પહોંચતા નથી અને ઘણીવાર ગરીબોને જાહેર સેવાઓની ખબર સુદ્ધાં હોતી નથી. ઉપરાંત, બિનઅસરકારક અમલ માટે સામૂહિક પગલાં આડે સામાજિક અવરોધો પણ કામ કરે છે.


સમુદાય-આધારિત દેખરેખ બાડમેર અને જોધપુર જિલ્લાનાં ૫૦ અંતરિયાળ ગામોમાં દલિત સમુદાય દ્વારા જ રાખવામાં આવે છે. માળખાગત સવલતોનો અભાવ, મોટું અંતર, વસ્તીની ઓછી ગીચતા અને ખેતરોમાં ઢાંણીમાં ગામની બહાર જતાં જૂથોમાં રહેતા સમુદાયોને કારણે સેવાઓની પ્રાપ્તિમાં વધુ અવરોધો ઊભા થાય છે. સમુદાય-આધારિત દેખરેખ દલિત મહિલાઓનાં ગામ સ્તરનાં મંડળો દ્વારા રાખવામાં આવી. જો કે, સામાજિક અને રાજકીય ભેદભાવને લીધે પરિસ્થિતિ વણસે છે. પાયાની સેવાઓનો અભાવ, વર્તમાન અધિકારોની પ્રાપ્તિનો અભાવ અને સામાજિક અન્યાય દલિતો એકત્રીકરણ માટેનો આધાર બન્યાં છે. સમુદાય પોતે દેખરેખ રાખે તેના ઉદ્દેશો નીચે મુજબ છે:

૧. છેવાડાના દલિત અને આદિવાસી સમુદાયો સામુદાયિક કાર્ય દ્વારા પાયાની સેવાઓની ગુણવત્તા સુધારવાનો પ્રયાસ કરે છે.
૨. સેવાઓના પુરવઠાકારો અને સ્થાનિક શાસનની સંસ્થાઓ વધારે પ્રતિભાવાત્મક અને લોકો પ્રત્યે ઉત્તરદાયી બને.
૩. સેવાઓની દેખરેખ માટેની સમિતિઓ વધારે સક્રિય બને અને પોતાની ભૂમિકા અદા કરે.

મહિલાઓનાં મંડળોએ છ પાયાની સેવાઓ ઉપર દેખરેખ રાખવાનું નક્કી કર્યું હતું:

૧. પ્રાથમિક આરોગ્ય: રસીકરણ અને સંસ્થાકીય માતૃત્વ આરોગ્ય સંભાળ.
૨. પ્રાથમિક શિક્ષણ.
૩. સંકલિત બાળ વિકાસ સેવાઓ: આંગણવાડી કેન્દ્રો દ્વારા સગર્ભા

સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, બાળકો અને કિશોરીઓને આપવામાં આવતું પૂરક પોષણ.
૪. અન્ન સલામતી માટે જાહેર વિતરણ વ્યવસ્થા.
૫. સામાજિક સલામતીની યોજનાઓ.
૬. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાનો અમલ.




અન્ન સલામતીની અને પોષણના કાર્યક્રમો વ્યાપક અપોષણને કારણે મહત્ત્વના છે. ભૂખમરો અને મેલેરિયાથી થતાં મોત વચ્ચે જે સંબંધ છે એ કંઈ નવો નથી. અંગ્રેજકાળ દરમિયાન ભારતમાં લગભગ એક સદી અગાઉ પંજાબમાં મેલેરિયાને લીધે એ વર્ષો દરમ્યાન વધુ મોત નીપજ્યાં હતાં કે જે વર્ષો દરમ્યાન અન્નની અછત પ્રવર્તમાન હતી.

સમુદાય સાથે મળીને દેખરેખ માટેના જે નિર્દેશકો નક્કી કરાયા હતા તે નીચે મુજબ છે:
૧. છેવાડાના સમુદાયને સેવાઓની પ્રાપ્તિ અને અધિકાર.
૨. અમલ અંગેની પુરવઠાની ગુણવત્તા અને સવલતો.
૩. અમલ અંગેની માહિતી વિશે આપમેળે થતી જાહેરાત.
૪. લોકોની દેખરેખ સમિતિઓની સ્થિતિ.


## સમુદાય–આધારિત દેખરેખ અને પ્રક્રિયા

આ પ્રક્રિયાના આરંભિક તબક્કા દરમ્યાન એમ સમજાયું કે દલિત સમુદાય માટે આ સેવાઓ પ્રાપ્ત થાય એ પોતે જ એક મોટો પ્રશ્ન છે અને તેથી આરંભના વર્ષમાં પ્રથમ નિર્દેશક ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. આ પ્રક્રિયા દરમ્યાન કેટલા બાંધછોડ ન કરી શકાય તેવા નિર્દેશકો નક્કી કરવામાં આવ્યા:
૧. તેણે સમુદાયની ક્ષમતાનો ઉપયોગ કરવો જોઈએ અને તેમાં વધારો કરવો જોઈએ.
૨. સમુદાય પોતાના સીમાન્તીકરણને અને સહાયતાને સમજશે.
૩. આ જ્ઞાનને આધારે સમુદાય પ્રયાસો કરશે.
૪. ગામ સ્તરના વિશ્લેષણને આધારે સંગઠનનું કાર્યલક્ષી આયોજન થશે અને તેનો અમલ થશે.

માહિતી એકત્ર કરવાનું અને તેને સંગઠિત કરવાનું કામ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ બદલાતું ગયું. સમુદાય તેનો ઉપયોગ આપમેળે કરી શકે તેવી રીત અપનાવવામાં આવી કારણ કે તો જ




**સમુદાય–આધારિત દેખરેખની પ્રક્રિયા**




તેનો લાંબા સમય સુધી ટકાઉ ઉપયોગ થાય તે શક્ય હતું.

જે સુલભકર્તાઓ હતા તેમની અભિમુખતાથી પ્રક્રિયાની શરૂઆત થઈ. તેમણે પછી મહિલાઓનાં જૂથોની ગામોમાં મીટિંગો બોલાવીને તેમનું અભિમુખીકરણ કર્યું અને યોગ્ય વિચાર-વિમર્શ પછી દેખરેખની પ્રક્રિયા માટે છ પયાની સેવાઓ નક્કી કરવામાં આવી. મહિલાઓએ વિગતવાર સામાજિક નકશા બનાવ્યા. તેમાં દરેક ઘર વિશેની માહિતી અને દરેક પરિવારના તમામ સભ્યો વિશેની માહિતી લખવામાં આવી. પછી સામાજિક નકશાઓ ચાર્ટ પેપર ઉપર મૂકવામાં આવ્યા. દરેક પરિવારની વિગતો જુદા જુદા સભ્યો અને જુદી જુદી સેવાઓની તેમને થતી પ્રાપ્તિના સંદર્ભમાં અને સામાજિક ચિત્ર-૨માં તે જણાય છે. આ ગાળા દરમ્યાન વિવિધ માપદંડોના સંદર્ભમાં દેખરેખ રાખવામાં આવી કે જે હેતુઓ અને નિર્દેશકો અગાઉ નિર્ધારિત કરાયા હતા તેના સંદર્ભ સાથે આ કામ કરાયું. સમુદાયની કેટલીક મહિલાઓ સાથે થોડીક કાર્યશાળાઓ યોજવામાં આવી અને વિવિધ પ્રકારની માહિતી માટે ક્યાં પ્રતીકો નકશામાં મૂકવાં તે પણ નક્કી કરવામાં આવ્યું. આ પ્રતીકો પરંપરાગત કલા ઉપર આધારિત હતાં. લગ્ન દરમ્યાન કે અન્ય માંગલિક પ્રસંગોને ભીંતો પર જે ચિત્રો દોરવામાં આવતાં હતાં તેમનો ઉપયોગ કરાયો હતો. સામાન્ય રીતે હા માટે ✓ નિશાની કરવામાં આવે છે પણ અહીં તેને માટે ✗ નિશાની પ્રક્રિયાનું છ ગામોમાં ક્ષેત્રીય પરીક્ષણ કરવામાં આવ્યું. બે મહિલા નેતાઓ દરેક ગામમાંથી પસંદ કરાઈ અને તેમને દેખરેખની જરૂરિયાત, હેતુઓ, નિર્દેશકો તથા પ્રક્રિયા વિશે અભિમુખ કરાઈ.

## સમુદાય–આધારિત દેખરેખ માટેનાં પ્રતીકો


૧. શાળામાં મધ્યાહ્ન ભોજન યોજનામાં ભેદભાવ.


૨. સગર્ભા સ્ત્રીની ત્રીજી વારની તબીબી તપાસ પૂર્ણ.


૩. આંગણવાડી સહયોગિની બાળકો ઘેરથી લઈ જાય છે અને મૂકી જાય છે.

નિરક્ષર મહિલાઓને માહિતી ભેગી કરતી કરવા માટે જે પ્રક્રિયા અપનાવવામાં આવતી હતી તેમાં અનેક ફેરફારો થયા. સૌ પ્રથમ તો દરેક સેવા માટે પેટા સમિતિ બનાવવામાં આવી અને માહિતી છ જુદા જુદા નકશામાં મૂકવામાં આવી. આ એક કંટાળાજનક બાબત હતી અને એમ પણ સમજાયું કે ખૂબ જ દૂરના અંતરના પરિવારો વિશેની માહિતી મહિલાઓ પાસે નહોતી. કારણ કે એ ઘરો ઘણા કિ.મી. દૂર હતાં. છેવટે એક જ નકશાના ચાર ભાગ કરાયા અને વિવિધ સ્થાનો માટે વિવિધ મહિલા જૂથો નક્કી કરાયાં અને તે એ સ્થાનોનાં ઘરોની માહિતી ભેગી કરવા માટે જવાબદાર બન્યાં. તમામ છ સેવાઓની પ્રાપ્તિ તેમની આસપાસના તમામ પરિવારોને કેટલી થાય છે તેની માહિતી તેમણે એકત્ર કરવાની હતી. જો કે, આ પ્રક્રિયામાં સમુદાયની સામેલગીરી વધવાને બદલે ઘટી. વળી, દર મહિને નવા નકશા બનાવવા પડતા હતા. અનેક પ્રતિકો દોરવામાં સમય લાગતો હતો અને તેથી વિશ્લેષણ માટે અને અન્ય વધુ કાર્ય માટે સમય બચતો નહોતો.

છેવટે, ગામના સામાજિક નકશાઓની સાથે ચાર્ટ્સનું લેમિનેશન કરાવવામાં આવ્યું કે જેથી વારંવાર તેમનો ઉપયોગ થઈ શકે. ગામમાં અગાઉથી નક્કી કરાયેલી તારીખે મહિલા જૂથના સભ્યો આ સામાજિક નકશાની આસપાસ બેસે અને બાકાત ન રહી જાય એની કાળજી રાખવામાં આવી. માહિતી તે સમયે પ્રાપ્ય હતી જ કારણ કે મહિલા જૂથની દરેક સભ્યે પોતાની આસપાસનાં ૫૦થી ૧૦૦ ઘરોની માહિતી એકત્ર કરવાની જવાબદારી ઉઠાવી હતી. આસાનીથી સમજણ પડે તે માટે અગાઉથી નક્કી કરાયેલાં પ્રતીકો સાથે એ માહિતી મૂકવામાં આવી. માહિતી એકત્ર કરવાની આ પ્રાક્રિયાથી વચ્ચે વચ્ચે પણ ચર્ચાઓ આસાનીથી થઈ શકતી હતી. ઉપરાંત, માહિતી શા માટે ના મળી એ અંગે પણ ચર્ચા થતી હતી અને ભવિષ્યમાં તે માટે પગલાં લેવાં તેનું વિશ્લેષણ પણ થતું હતું. દરેક મહિનાની પહેલી અને ૨૦મી તારીખે મીટિંગો યોજાતી હતી. આયોજક માહિતીના સંગઠન અને વિશ્લેષણમાં મદદ કરતા હતા કે જે પાયાની સેવાઓ સાથે સંબંધિત હતું. ‘ઉન્નતિ’ દ્વારા તાલુકા પ્રમાણે માહિતી ભેગી કરાઈ અને એ રીતે અહેવાલ તૈયાર થયો તે દર મહિનાની ૩૦મી તારીખે જાહેર થતો કે જેથી બીજે મહિને કામનું નવું ચક્ર શરૂ થાય.

## સમુદાય–આધારિત દેખરેખમાં પ્રાપ્ત માહિતી

ગામ સ્તરે ચિત્રાત્મક માળખાં તૈયાર કરાયાં હતાં કે જેમને આધારે વિવિધ પાસાંઓ પર દેખરેખ રાખવામાં આવતી હતી. જે માહિતી ભેગી થઈ તે સ્ત્રી-પુરુષની દૃષ્ટિએ પણ વહેંચવામાં આવી હતી.

૧. સગર્ભા સ્ત્રીઓને આરોગ્ય સેવાઓની પ્રાપ્તિ: સગર્ભાવસ્થાની જાણ થાય કે તરત જ પત્રકમાં તે સ્ત્રીનું નામ લખવામાં આવે. પછી એએનએમ સાથે તેની નોંધણી, ધનૂરની બે રસીઓની પ્રાપ્તિ અને ત્રણ તબીબી તપાસ તેને મળે છે કે નહિ તેના ઉપર દેખરેખ રાખવામાં આવતી હતી. તેની પ્રસૂતિની સંભવિત તારીખ નોંધવામાં આવતી અને તે ઘરમાં થાય છે કે દવાખાનામાં તેનું ધ્યાન રાખવામાં આવતું. માતા અને બાળક એક મહિનાનું થાય ત્યાં સુધી તેમની સ્થિતિ સારી રહે છે કે કેમ તેનું ધ્યાન રખાતું. કોઈ મુસીબત તો ઊભી નથી થતી ને તેની કાળજી રખાતી. દેખરેખના દરેક માપદંડ માટૈ મહિલા મંડળના સભ્યની ભૂમિકા મહત્ત્વની રહેતી અને તેઓ જ સગર્ભા સ્ત્રી અને તેના પરિવારને પ્રેરણા આપતાં.
૨. આંગણવાડીમાંથી નવ મહિના સુધી સગર્ભા સ્ત્રીને પૂરક પોષક આહાર પ્રાપ્ત થાય તેની કાળજી રખાતી.
૩. ધાત્રી માતાને પ્રસૂતિ પછીના છ માસ સુધી આંગણવાડી તરફથી પૂરક પોષક આહાર મળે છે કે કેમ તેના ઉપર કાળજી રખાતી.
૪. એક વર્ષથી નીચેની વયના છોકરા-છોકરીને પાંચ વખત રસી અપાય તેના પર ધ્યાન અપાતું. બાળક એક વર્ષનું ક્યારે થાય છે તે અગાઉથી જ લખી લેવામાં આવતું. આ ગાળા દરમ્યાન રસીઓ અપાઈ જાય ને માટે પ્રયાસો કરવામાં આવતા. જો કોષ્ટ કારણસર કોઈ બાળક તેમાંથી બાકાત રહી જાય તો મોટા બાળકનું બીજા પત્રકમાં નામ લખવામાં આવતું કે જેથી તેને વધુ ડોઝ આપી શકાય.
૫. ૧૩થી ૨૪ મહિનાનાં બાળકો માટે રસીનો વધુ ડોઝ નક્કી કરાયેલો હતો. તેમાં પણ બાળક ક્યારે ૨૪ મહિનાનું થાય છે તે અગાઉથી નોંધી લેવામાં આવતું હતું.
૬. બાળકને આંગણવાડી સાથે જોડવામાં આવે. સાત માસથી પાંચ વર્ષની વયનાં તમામ બાળકોને આંગણવાડીમાંથી પૂરક પોષક

આહાર મળે તેના ઉપર ધ્યાન અપાતું. બાળક નોંધાયેલું હોય તો તેને નિયમિતપણે પૂરક પોષક આહાર મળે છે કે નહિ તે જોવાતું. આમ તો ગરમ ખોરાક પિરસાવો જોઈએ. પણ અમે જે ગામોમાં ધ્યાન રાખતા હતા ત્યાં આંગણવાડી કાર્યકર સામાન્ય રીતે દર ગુરુવારે પૂરક પોષક આહાર આપતાં હતાં. કેટલા સમય સુધી બાળક આંગણવાડી સાથે રહેશે તે પણ દર્શાવવામાં આવતું હતું. એ પછી એનું નામ બીજા પત્રકમાં લખાતું અને તેને શાળા સાથે જોડવામાં આવતું.

૭. શાળા સાથે બાળકનું જોડાણ: ભારત સરકાર ૬ થી ૧૪ વર્ષની વયનાં તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણની બાંયધરી આપે છે. બાળકોની શાળામાં નોંધણી થાય છે કે નહિ અને તેઓ વર્ગમાં અભ્યાસ કરે છે કે નહિ એ બાબત ઉપર ધ્યાન અપાયું. ક્યાં બાળકો કદી શાળાએ ગયાં નથી અને ક્યાં બાળકો કેટલું ભણીને શાળામાં ઊઠી ગયાં છે એના ઉપર દેખરેખ રખાઈ. જો તેઓ નિરક્ષર હોય તો આંગણવાડીમાં તેઓ નોંધાયેલાં છે કે કેમ, તેમને પૂરક પોષક આહાર મળે છે કે કેમ, કે પછી તેઓ પરણેલાં છે કે કેમ વગેરે બાબતો નોંધવામાં આવી. દરેક માહિતીને આધારે પગલાં લેવાનું નક્કી થાય.

૮. કિશોરીઓની સ્થિતિ: ૧૧થી ૧૮ વર્ષની છોકરીઓ કિશોરીઓ છે. તેમની ઉંમર સાથે નોંધણી કરવામાં આવી છે. તેઓ હાલ શાળાએ જાય છે કે નહિ, જો શાળાએ જવાનું છોડી દીધું હોય તો તેમણે કયા ધોરણ સુધી અભ્યાસ કર્યો, તેઓ નિરક્ષર છે કે નહિ, તેઓ આંગણવાડીમાં નોંધાયેલી છે કે નહિ, પૂરક પોષણ મેળવે છે કે નહિ અને તેમનાં લગ્ન થયેલાં છે કે નહિ વગેરે માહિતી મેળવવામાં આવી. દરેક માહિતીને આધારે પગલાં લેવાનું નક્કી થાય.




૯. વિધવાઓ, વૃદ્ધો, વિકલાંગો: જેઓ પેન્શન મેળવતાં હોય તેમની નોંધણી કરાઈ. તેમને તે દર મહિને મળે છે કે નહિ તે નોંધાયું. પેન્શન મેળવવામાં નડતી ગેરરીતિઓ પણ નોંધવામાં આવી.

૧૦. પેન્શન ન મેળવતાં પણ મેળવવાપાત્ર વિધવાઓ, વૃદ્ધો અને વિકલાંગો: તેમને પેન્શન મળે તે માટે પ્રયાસો કરાયા અને તેમને કઈ તારીખથી પેન્શન મળવાનું શરૂ થયું તેની નોંધ રાખવામાં આવી. જેમને પેન્શન મળતું થયું તેમનાં નામ અલગ પત્રક નં. ૯માં નોંધાયાં અને તેમને નિયમિત પેન્શન મળે છે કે નહિ તેની પણ નોંધ રાખઈ.

૧૧. જાહેર વિતરણ વ્યવસ્થાનો લાભ બીપીએલ, અંત્યોદય અને અન્નપૂર્ણા યોજના હેઠળ દર મહિને મળે છે કે કેમ તેનું ધ્યાન રાખવામાં આવ્યું.

## કોઠા નં. ૧: નરેગાના અમલ સંદર્ભે મેળવાયેલી માહિતી

| ઘર ક્રમાંક | કુટુંબના વડાનું નામ | જોબ કાર્ડ છે? | માગણી કરી? પહોંચ લીધી? | માગણીના ૧૫ દિવસમાં કામ મળ્યું? | માગણી વિના કામ મળ્યું? | ૧૫ દિવસમાં વેતન મળ્યું? | આ મહિનામાં કેટલા દિવસ કામ મળ્યું? | આ મહિના સુધીમાં કેટલા દિવસ પૂરા થયા? |
|---|---|---|---|---|---|---|---|---|
| | |  |  |  |  |  | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

૧૨.નરેગા સાથે જોડાણ: પરિવારોની નોંધણી થઈ છે કે નહિ તે સૌ પ્રથમ ધ્યાનમાં લેવાયું. પછી દર મહિને કામ માગવામાં આવ્યું અને ૧૫ દિવસમાં કામ મળ્યું કે નહિ તેની નોંધ રખાઈ. વગર માગણીએ કામ અપાયું કે નહિ તેની નોંધ રાખવામાં આવી. કામ કરનારને ૧૫ દિવસમાં વેતન મળ્યું કે નહિ, મહિનામાં કેટલા દિવસ કામ મળ્યું અને ચાલુ મહિનામાં કેટલા દિવસનું કામ પૂરું થયું વગેરે બાબતની પણ નોંધ રાખવામાં આવી. કુલ ૧૦૦ દિવસ કામ મળ્યું કે નહિ તેની તેનાથી ખબર પડી. જો ફરિયાદ હોય અને ઉકેલાઈ ના હોય તો તેની પણ નોંધ રખાઈ.



## સમુદાય–આધારિત દેખરેખનું પરિણામ

દેખરેખની આ કવાયતના આરંભના તબક્કા દરમ્યાન સમુદાયના લોકો સામાન્ય રીતે શંકાશીલ હતા. પરંતુ હવે તેમને તેની જરૂરિયાત સમજાઈ છે. સારી માહિતી કેવી રીતે સેવાઓની પુરવઠાકારો પર દબાણ લાવે છે તે હવે તેમને સમજાયું છે. અત્યાર સુધી જે વંચિત સમુદાય હતો તેના અધિકારો અને હકો સ્વીકારવામાં આવતા નહોતા. આ પ્રક્રિયાથી એક પ્રકારે સામાજિક મૂડી ઊભી થઈ છે અને તેઓ સેવાઓના પુરવઠાકારો સુધી પહોંચી શક્યા છે અને સરકારી ખાતાંઓ સુધી પહોંચી શક્યા છે. પશ્ચિમ રાજસ્થાનમાં તો મહિલાઓ કદી પણ ગ્રામ પંચાયતમાં ગઈ નહોતી અને તેમણે કદી ગ્રામ સભામાં હાજરી આપી નહોતી. ગયે વર્ષે ૮૯ મહિલા નેતાઓએ ગ્રામ સભામાં હાજરી આપી કે જે 'નરેગા' હેઠળનાં કામોના આયોજન માટે બોલાવવામાં આવી હતી. તેમણે વરસાદી પાણીના સંગ્રહ માટે ટાંકા બાંધવાની ૯૮૬ માગણીઓ તેમાં રજૂ કરી. આ તેમને માટે સૌ પ્રથમ અનુભવ હતો. સરકાર અને દલિત નાગરિકો વચ્ચે સંવાદનો અવકાશ ઊભો થયો. એ રીતે દલિતોના સામાજિક સમાવેશની પ્રક્રિયામાં અન્ય હિતધારકો પણ સામેલ થયા. દલિતોને ન્યાય અપાવવાના અમારા અગાઉના પ્રયાસોમાં અગાઉ શક્ય બન્યું નહોતું.

સમુદાય-આધારિત દેખરેખનાં જે મહત્ત્વનાં પરિણામો આવ્યાં તે નીચે મુજબ છે:

૧. દોઢ વર્ષની પરિયોજનાના સમયગાળા દરમ્યાનની કામગીરી બાદ એમ લાગે છે કે પાયાની સેવાઓ પરની સમુદાય આધારિત દેખરેખ હવે લાંબો સમય ટકશે.

૨. દલિત સમુદાયને જીવનની ગુણવત્તા સુધારવા માટે મહત્ત્વની પાયાની સેવાઓ પ્રાપ્ત થાય અને તે મેળવવા માટે તેઓ પોતે પ્રયાસ કરે એ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. અત્યારે સેવાની સર્વગ્રાહિતા કે ગુણવત્તા ઉપર વધારે ભાર મૂકવામાં આવતો નથી, તેમને તેમનાથી સંતોષ છે કે કેમ એના ઉપર પણ ધ્યાન અપાતું નથી. તેનું કારણ એ છે કે સૌથી પહેલો પ્રશ્ન તો એ છે કે તેમને પોતાને એ સેવાઓ મળે, અને એ સેવાઓના વ્યાપમાં તેમનો સમાવેશ થાય. ફલૌદીમાં ૮૫૦, બાલોતરામાં ૮૬૫ અને સિંધરીમાં ૭૪૧ મળી કુલ ૨૪૮૬ દલિત પરિવારો (૫૦ ગામો)ને પાયાની સેવાઓ મળે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું. સમુદાય તેના અધિકારો વિશે જાણે છે. કોણ પાત્ર છે અને કઈ સેવાઓ કોને મળવી જોઈએ એના વિશે તેઓ જાણે છે. કોને કઈ સેવાઓ નથી મળી અને તેમને તે મળે તે માટે ક્યાં પગલાં લેવાવાં જોઈએ એ તેમણે નક્કી કર્યું. દા.ત. ઓગસ્ટ-૨૦૧૨ની માહિતી અનુસાર ૪૭૮ છોકરાઓ (૪૮.૬ ટકા), ૪૦૬ છોકરીઓ (૫૦.૧ ટકા)૪ ૩૪૬ કિશોરીઓ (૪૦.૫ ટકા), ૧૧૧ સગર્ભા સ્ત્રીઓ (૫૨.૪ ટકા) અને ૯૧ ધાત્રી માતાઓ (૫૯.૧ ટકા) આંગણવાડીઓ સાથે જોડાયેલા જ નહોતાં. ૧ વર્ષની વય સુધીના ૭૧ છોકરાઓ (૩૨.૯ ટકા) અને ૫૯ છોકરીઓ (૩૩.૫ ટકા)ને રસીકરણનો લાભ મળ્યો નહોતો. ૧૩થી ૨૪ મહિનાની વય ધરાવતાં બાળકોમાં ૪૩ છોકરાઓ (૨૦.૩ ટકા) અને ૩૦ છોકરીઓ (૧૮.૯ ટકા)ને પણ રસીકરણનો લાભ મળ્યો નહોતો. ૬૭ સગર્ભા સ્ત્રીઓ (૩૧.૬ ટકા)ને કોઈ પણ રસી મળી નહોતી. ૧૮ પાત્ર વ્યક્તિઓને સામાજિક સલામતીની યોજનાઓનો લાભ મળ્યો નહોતો. ૧૭.૫ ટકા વિધવાઓ, ૩૩.૩ ટકા વૃદ્ધ પુરુષો અને ૨.૯ ટકા વૃદ્ધ સ્ત્રીઓ, ૩૩.૩ ટકા અનાથ બાળકો (કે જેઓ પાલનહાર યોજના હેઠળ પાત્ર છે) અને ૧૪.૩ ટકા વિકલાંગોને સામાજિક સલામતીની યોજનાઓનો લાભ મળ્યો નહોતો. સામાજિક ઉત્તરદાયત્વિનું કોઈ પણ સાધન આવી માહિતી હજી સુધી ભેગી કરી શક્યું નહોતું. આ માહિતી સમુદાયને કંઈક કાર્ય

કરવા માટે પ્રેરણા આપે છે. ૫૦ ગામોનાં મહિલા મંડળો હવે ૧૦૦ ટકા પાત્ર લોકોને સામાજિક સલામતીની યોજનાઓનો લાભ મળે તે માટે પ્રયાસો કરી રહ્યા છે.

૩. અનુભવ એવો રહ્યો છે કે સેવાઓના પુરવઠાકારો જે પરિવારોને સેવાઓ મળતી જ ના હોય તેમની નોંધ રાખતા નથી કે જેથી તેમને સેવાઓ પૂરી પાડવાનું દબાણ ટાળી શકાય. સમુદાયના સભ્યો હવે જેમને સેવાઓ ના મળતી હોય એવા પાત્ર લોકોની યાદી સેવાઓના પુરવઠાકારોને પૂરી પાડે છે અથવા દેખરેખ રાખનારા સત્તામંડળને પૂરી પાડે છે. તેને પરિણામે સેવાઓ પૂરી પાડવા માટેનું દબાણ વધે છે અને તેથી સેવાઓ ન મેળવનારાઓને એ સેવાઓ મળતી થાય છે.

૪. મે-જુન, ૨૦૧૨ દરમ્યાન દલિત મહિલાઓએ સ્થાનિક કાર્યકર્તાઓ સાથે મળીને ચાર સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, ૧૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૨૯ પેટા કેન્દ્રો, ૩૯ વાજબી ભાવની દુકાનો, ૧૬૮ સેવા કેન્દ્રોનો સર્વે સેવાઓ અને સવલતો સમજવા માટે કર્યો હતો. તેમણે સેવાઓની ગુણવત્તા અને તે સંબંધી પ્રશ્નો સમજવાનો પ્રયત્ન પણ કર્યો હતો.

૫. ફલૌદી તાલુકાના ભોમનગર મોરિયા ગામની પ્રાથમિક શાળામાં જ્ઞાતિ-આધારિત ભેદભાવના કિસ્સા અંગે સમુદાયે પગલાં લીધાં. શાળાના વહીવટી તંત્રે લેખિત માફી માગી અને તમામ બાળકો માટે નવાં વાસણો લાવ્યા.

૬. ચાર નાની આંગણવાડીઓને મંજૂરી આપવામાં આવી અને ૨૫ નવી વ્યક્તિઓના પેન્શનની શરૂઆત થઈ. જે પાંચ મહિલાઓને ઈન્દિરા આવાસ યોજનાનો છેલ્લો હપતો મળ્યો નહોતો તેમને તે મળ્યો. લોકોને એ વાતની સમજણ પડવા માંડી કે તેમનો અવાજ ધ્યાનમાં લેવામાં આવશે.

૭. મહિલા આરોગ્ય કાર્યકરોએ બધાં જ બાળકોનું રસીકરણ થાય તેની કાળજી રાખી. તમામ સગર્ભા સ્ત્રીઓ, નવી માતાઓ, નવજાત શિશુઓ અને બાળકોના આરોગ્યની તપાસ, દવાખાનામાં પ્રસૂતિ, પોષણનો ટેકો અને રસીકરણની કાળજી લેવામાં આવી. દવાખાનામાં જેમની પ્રાસૂતિ થાય તે તમામ મહિલાઓને જનની સુરક્ષા યોજનાનો લાભ મળે તેના ઉપર પણ ધ્યાન અપાયું.

૮. ગ્રામીણ આરોગ્ય કાર્યકરો અને મહિલા જૂથોના પ્રયાસોને લીધે જોધપુર જિલ્લાના ફલૌદી તાલુકાનાં સાત ગામોમાં પહેલી જ વાર મહિલા અને બાળકોનું રસીકરણ થયું. ફાલૌદીમાં જાલોરા, રામસાગર, પિલવા, ભોપેજીકી ઢાણી, મોરિયા, ભિલોનકી ઢાણી, કોલુ પાબુજી ગામોમાં પેટા કેન્દ્રો દલિત વિસ્તારોથી ત્રણ કિ.મી. દૂર છે. તેને પરિણામે બાળકો અને સગર્ભા સ્ત્રીઓને આરોગ્યની રસીકરણ સહિતની સેવાઓ પ્રાપ્ત થતી નહોતી. આ ગામોમાં આંગણવાડી કેન્દ્રો પણ નહોતાં. પેટા કેન્દ્રો જે એએનએમ દાયણો હતી તેનો એપ્રિલ-૨૦૧૨થી રસીકરણ માટે સમુદાયના વિસ્તારમાં આવે છે. મહિલા મહિલા મંડળોના સભ્યોએ પણ ઘેર ઘેર ફરીને જાગૃતિ આણી છે. ભોમનગર મોરિયા ગામમાં દાયણ દલિત સમુદાયમાં આવતી નહોતી. માતા અને બાળ આરોગ્ય અને પોષણ દિનની ઉજવણી પણ આંગણવાડીમાં થતી નહોતી. ઉચ્ચ સત્તાવાળાઓને ફરિયાદ કરવામાં આવશે એવી ધમકી આપવામાં આવી ત્યારે એ દાયણે આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનું શરૂ કર્યું. ઢેલાણા મેઘવાલોંકી બસ્તીમાં પણ આંગણવાડી નથી. ભીલ લોકો માટે આંગણવાડી એક કિ.મી. દૂર હતી. ગ્રામીણ આરોગ્ય કાર્યકરોએ એએનએમ સાથે વાત કરી પછી તેમણે મહિલાઓ અને બાળકોને અમુક દિવસે આંગણવાડીમાં લઈ આવવા જણાવ્યું હતું. મહિલા મંડળના સભ્યોએ એનો સંદેશ ઘેર ઘેર પહોંચાડ્યો હતો.

૯. ભારત સરકારની આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા મહિલાઓને મળતી આરોગ્ય સેવાઓ અંગે ઓનલાઈન દેખરેખ રાખવામાં આવે છે. સગર્ભા સ્ત્રીની એએનએમ સમક્ષ નોંધણી થાય કે તરત જ આંગણવાડી કે આશા કાર્યકર તેને મમતા કાર્ડ આપે છે અને તેમાં તેની આરોગ્યની સ્થિતિની તથા તેને અપાયેલ સેવાઓની નોંધ રાખવામાં આવે છે. આ માહિતી ઓનલાઈન મૂકવામં◌ા આવે છે, અને દરેક પેટા કેન્દ્ર વિશેની માહિતી સૌને જોવા મળે તેમ છે. એમ જણાઈ આવ્યું છે કે એએનએમ જે બાળકો અને સ્ત્રીઓ રસીકરણ હેઠળ આવરી લેવાયાં નથી તેમની નોંધ કરતી નથી. કારણ કે નહિ તો તેમના ઉપર ઘેર ઘેર ફરવાનું દબાણ આવે છે કે જે તેઓ કરવા માગતી હોતી નથી. રિવાજ મુજબ તો સ્ત્રીની પ્રથમ પ્રસૂતિ પિયર થાય છે. તેઓ જ્યારે ચાર-પાંચ માસ સગર્ભા હોય છે ત્યારે પિયર જતી હોય છેઅને પ્રસૂતિના બે-ત્રણ માસ શ્વસુર ગૃહે પરત આવતી હોય છે. મમતા કાર્ડની અને ઓનલાઈન દેખરેખની વ્યવસ્થા આ બાબત ધ્યાનમાં લે છે પણ તળ વાસ્તવિકતા એ છે કે આવા કિસ્સા નોંધવામાં આવતા નથી. ગ્રામીણ આરોગ્ય કાર્યકરો આ રીતે રહી ગયેલાં બાળકો અને મહિલાઓની યાદી સરકારને સુપરત કરવા માગે છે કે જેથી સરકારી નોંધમાં તેમનો સમાવેશ થાય અને તેમના સમાવેશ માટે ચક્રો ગતિમાન થાય.

# સાંપ્રત પ્રવાહ

## વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેની સમાવેશી પ્રક્રિયાઓ અંગે પરામર્શ સભા

શિક્ષણ અને રોજગારીના ક્ષેત્રે વિકલાંગતાને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેની સામાવેશી પ્રક્રિયાઓ અંગે વિવિધ હિતધારકોની એક પરામર્શ સભા ગુજરાતમાં સાબરકાંઠામાં હિંમતનગર ખાતે તા. ૨૭-૭-૨૦૧૨ના રોજ યોજવામાં આવી હતી. તેનો હેતુ સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેના ઠરાવ અને વિકલાંગ ધરાવતી વ્યક્તિઓના અધિકાર ખરડા-૨૦૧૧ વિશે જાગૃતિ ઊભી કરવાનો અને ગુજરાતના સાબરકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લામાં શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે જે સમાવેશી પ્રક્રિયાઓ ચાલી રહી છે તેને વિશે આપ-લે કરવાનો હતો.

તે અગાઉ ગુજરાતના વિકલાંગતા હિમાયત જૂથ અને પુનર્વસન સંસ્થાઓના કેટલાક પ્રતિનિધિઓએ નવેમ્બર-૨૦૧૧ દરમ્યાન વિકલાંગતા, સમાવેશ અને સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવ પ્રક્રિયાની શોધ કેવી રીતે કરવી અને તેનું દસ્તાવેજીકરણ કેવી રીતે કરવું તેને વિશે તેમાં તાલીમ આપવામાં આવી હતી. તે પછી વિકલાંગતા હિમાયત જૂથના સભ્યોએ જિલ્લા સ્તરે જે સમાવેશી પ્રક્રિયાઓ ચાલી રહી છે તે શોધી કાઢી હતી અને તેમનું દસ્તાવેજીકરણ કર્યું હતું. આ પરામર્શ સભામાં આ દસ્તાવેજીકરણ વિશે ચર્ચા થઈ હતી. શિક્ષણ ક્ષેત્રે સાબરકાંઠાની અરોડાની જે. જી. પટેલ હાઈસ્કૂલ, મહેસાણાના ખેરાલુની દાભોડાની અનુપમ પ્રાથમિક શાળા અને પાટણની ગુરુકુળ વિદ્યાવિહાર શાળા વિશે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું. રોજગારી ક્ષેત્રે સાબરકાંઠાના તલોદની યુજીવીએલ, અમદાવાદના અંધજન મંડળ અને ગામ સ્તરે નરેગામાં વિકલાંગોના સમાવેશ માટેની પ્રક્રિયાનું દસ્તાવેજીકરણ થયું હતું.




ગુજરાત સરકારના વિકલાંગતા કમિશનરશ્રી સંજય નંદન દ્વારા પરામર્શ સભામાં ચાવીરૂપ પ્રવચન આપવામાં આવ્યું અને સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી શ્રી રવિ અરોરા દ્વારા વિશેષ ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. વિકલાંગતા અંગે બદલાતા અભિગમો અંગે ‘ઉન્નતિ’ના કાર્યક્રમ સંયોજક દીપા સોનપાલ દ્વારા સર્વગ્રાહી સમજ આપવામાં આવી. અમદાવાદના હ્યુમન રાઈટ્સ લો નેટવર્કનાં વકીલ સુશ્રી શૈલજા પિલ્લઈ દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટેના કાનૂની માળખા વિશે રજૂઆત કરવામાં આવી. તેમણે તે રજૂઆત સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવના સંદર્ભ સાથે કરી. રાષ્ટ્રીય અંધજન મંડળના ઉપાપ્રમુખ શ્રી ભાસ્કર મહેતાએ શિક્ષણ વિશેના સત્રનું અધ્યક્ષસ્થાન સાંભળ્યું હતું. ઉન્નતિના નિયામક શ્રી બિનોય આચાર્યે રોજગારી વિશેના સત્રનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું અને પૂર્ણાહુતિ પ્રવચન પણ કર્યું હતું. વિકલાંકતા ધરાવતી વ્યક્તિઓ, પુનર્વસન સંસ્થાઓ અને બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ, વિદ્વાનો, ઉદ્યોગોના પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ આ પરામર્શ સભામાં હાજર રહ્યા હતા. પરામર્શ સભામાં વક્તાઓ અને સહભાગીઓ દ્વારા જે સૂચનો અને ભલામણો કરાયાં તે નીચે મુજબ છે:

૧. સમાવેશ માટે પ્રથમ પગલું જાગૃતિ છે. વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતાં બાળકોની જરૂરિયાતો વિવિધ પ્રકારની હોય છે. દા.ત. જે બાળકો હાડકાંની ખામીને લીધે વિકલાંગ છે તેને શાળાએ જવાને માટેની વ્યવસ્થાની જરૂર છે, જ્યારે જે બાળક અંધ છે કે ઓછું દેખાય છે તેને વર્ગખંડમાં કાળા પાટિયાની નજીક બેસવાની જરૂર છે અને શાળામાંની જુદી જુદી સવલતો ઓળખવા માટૈ વિવિધ રંગની નિશાનીઓની આવશ્યકતા છે.

૨. વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધરા-૧૯૯૫ની કલમ-૪૪ અને કલમ-૪૫ ભૌતિક અવરોધો દૂર કરીને ભેદભાવવિહીન વાતાવરણ દૂર કરવાની જોગવાઈ છે. પરંતુ સાબરકાંઠા જિલલાના મોટા ભાગની સરકારી કચેરીઓ અવરોધમુક્ત નથી. તેથી તેમને પહોંચક્ષમ બનાવવા માટે પ્રયાસો કરવા જોઈએ.

૩. વિકલાંગતા ધરાવતી તમામ વ્યક્તિઓ એક વિશિષ્ટ ઓળખ કાર્ડ આપવામાં આવે છે, તે જીવનભર તેમની પાસે રહે અને

સરકાર દ્વારા પૂરી પડાતી પાયાની સેવાઓ મેળવવા તેનો ઉપયોગ કરી શકાય. આ કાર્ડની સ્વીકૃતિ ભારતભરમાં ઊભી થવી જોઈએ.

૪. ઉપરોક્ત કાયદાની કલમ-૩૩ અનુસાર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં તમામ હોદ્દાઓ માટે ૩ ટકા અનામત રખાવી જોઈએ. આ અનામતનું પ્રમાણ વધારીને ૫ ટકા કરવું જોઈએ અને આંગણવાડીઓમાં પણ અનામત આપવાની શરૂઆત કરવી જોઈએ.

૫. વિકલાંગતા કમિશ્નરના હોદ્દા પર વિકલાંગતા ધરાવતી વ્યક્તિની નિમણૂક કરવી જોઈએ. વળી, ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્રમાં નિમણૂકોમાં વિકલાંગ વ્યક્તિઓને પ્રાથમિકતા અપાવી જોઈએ.

૬. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી વિકલાંગતાનું પ્રમાણપત્ર બને તેવા નિયમો સરકારે ઘડયા છે. પરંતુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એ પ્રમાણપત્ર આપવા માટે કોઈ નિષ્ણાત વ્યક્તિ હોતી નથી. તેથી આ નિયમમાં સુધારો કરવો જોઈએ.

૭. વિકલાંગતા ધરાવતી તમામ વ્યક્તિઓએ સંગઠિત થઈને તેમના અધિકારો માટે લડવું જોઈએ.

૮. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના પ્રશ્નોના ઉકેલોનો રાજકીય પક્ષોના ચૂંટણી ઢંઢેરામાં સ્થાન મળે તે માટે પ્રયાસો કરવામાં આવે.

૯. જિલ્લા અને તાલુકા સ્તરે પરામર્શ સભાઓ યોજીને ગુજરાતમાં વિકલાંગ લોકોની સ્થિતિ અંગે એક નાગરિક અહેવાલ તૈયાર કરવો જોઈએ.

## 'વિચાર'ને ૨૦૧૨નો સ્પેશ્યલ જ્યુરી આઈસ એવોર્ડ

'ઉન્નતિ' દ્વારા પ્રકાશિત થતા વિચાર સામયિકને ૨૦૧૨નો ઈન-હાઉસ કોમ્યુનિકેશન એક્સેલન્સ (આઈસ)નો સ્પેશ્યલ જ્યુરી એવોર્ડ એનાયત થયો છે. એફઈઆઈ કાર્ગો લિમિટેડ દ્વારા આ એવોર્ડ સ્પોન્સર કરાયો છે.

## દીપેન્દ્ર મિનોચાને અંધજનો માટે સામગ્રી તૈયારી કરવા બદલ એવોર્ડ

રાષ્ટ્રીય વિકલાંગ રોજગાર પ્રોત્સાહન કેન્દ્ર (એનસીપીઇડીપી) દ્વારા એક્સેસિબિલિટી એન્ડ બેરિયરબ્રેક ટેકનોલોજીના સહયોગમાં આપવામાં આવતો. એનસીપીઈડીપી-એમ્ફેસિસ યુનિવર્સલ ડિઝાઇન એવોર્ડ દીપેન્દ્ર મિનોચા અને બીજા પાંચ જણાઓને આપવામાં આવ્યો છે. તેઓ ડાઈસી કોન્સોર્શિયમ માટે કામ કરે છે. તે અંધજનો માટે ચાર પ્રકારની સામગ્રી તૈયાર કરે છેઃ શ્રાવ્ય, બ્રેઈલ, મોટા ફોન્ટ અને ઈ-ટેક્સ્ટ. વિવિધ સામગ્રીને આ ચાર સ્વરૂપોમાં રૂપાંતરિત કરવામાં આવે છે, કે જેથી એ સામગ્રીનો ઉપયોગ અંધજનો પોતાના અભ્યાસના કે અન્ય હેતુઓ માટે કરી શકે.

**પૃષ્ઠ ૧૩નું શેષ**

એ માર્ગે ઘણો માળખાગત સવલતોનો વિકાસ થઈ રહ્યો છે. જમીનના બજાર અંગે માહિતી અને સત્તા વિશે માટે અસમાનતાઓ પ્રવર્તે છે ત્યારે ખેડૂતો વખાના માર્યા નજીવા ભાવે પોતાની જમીન વધારે તાકાતવર લોકોને વેચી મારતા હોય એવા અનેક કિસ્સા બન્યા છે. ઘણા કિસ્સામાં તો એ જમીનનો ઉપયોગ એ રીતે થયો છે કે જે અગાઉ કહેવાયેલા ઉપયોગ કરતાં તદ્દન જુદો જ હોય, તેમાંથી ભૂમાફિયાઓએ તગડા નફાની કમાણી કરી હોય અને મૂળ જમીન વેચનારા ખેડૂતોને તેમાંથી કોઈ હિસ્સો ના મળ્યાં હોય. તેથી જ તેમાં સરકારની ભૂમિકા હોવી જોઈએ. તેણે પારદર્શક અને ફેરફારક્ષમ નિયમો અને નિયમનો ઘડવાના છે અને તેમનો અમલ થાય એ જોવાનું છે કે જેથી જેમાં મોટા પ્રમાણમાં જમીનની તબદીલી થવાની હોય તે દરેક કિસ્સામાં જમીન અને જીવનનિર્વાહ ગુમાવનારાનાં હિતોનું રક્ષણ થાય. તમામ ખાનગી કે જાહેર-ખાનગી ભાગીદારીવાળી પરિયોજનાઓમાં જેમની જમીનો જવાની છે તેમનામાંથી ૮૦ ટકાની સંમતિ જરૂરી બનશે. જમીનની ખાનગી રાહે બહુ મોટી ખરીદી થાય તો પણ પુનર્સ્થાપન અને પુનર્વસન માટે જોગવાઈ કરાઈ છે અને તે માટે દરેક રાજ્ય સરકાર મર્યાદા નક્કી કરશે. ખરેખર જ, આ જોગવાઈ એક ઐતિહાસિક જોગવાઈ છે.

આ ખરડામાં અન્ન સલામતીનું પણ રક્ષણ કરવાની જોગવાઈ પણ કરાઈ છે. જેમાં અનેક પાકો લેવાતા હોય એવી પિયત જમીનની મર્યાદા કુલ સંપાદન કરવા ધારેલી જમીનના સંદર્ભમાં નક્કી કરવામાં આવી છે. રાજય સરકારો એ મર્યાદા નક્કી કરી શકશે અને તે માટે તેઓ તેમની પોતાની પ્રાથમિકતાઓને આધારે નિર્ણય કરશે, કારણ કે રાજયે રાજયે પ્રાથમિકતાઓ જુદી જુદી છે. ૧૮૯૪ના કાયદામાં તત્કાળ જમીન સંપાદન અંગે અત્યાચારી જોગવાઈ કરાઈ છે અને તે આ નવા કાયદામાં રદ કરવામાં આવી છે એમ જ કહેવાય, કારણ કે તે સંરક્ષણ, રાષ્ટ્રીય સલામતી કે કુદરતી આપત્તિને લીધે ઊભી થતી કટોકટીના કિસ્સામાં લઘુતમ જમીન સંપાદનને જ લાગુ પડે તેવી જોગવાઈ તેમાં કરાઈ છે.

આશા છે કે સંસદના શિયાળુ સત્રમાં આ ખરડો પસાર થઈ જશે કે જેથી ઐતિહાસિક રીતે જે અન્યાય થયો છે તે દૂર થશે અને વિકાસ વધારે સમાવેશી અને સહભાગી બનશે.


# સંદર્ભ સાહિત્ય

## એક્સપિરિયન્સિસ ઓફ ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર

અમદાવાદના ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર (ડીએસસી) દ્વારા અંગ્રેજીમાં આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે કે જે સ્થાનિક કાર્યને સમૃદ્ધ કરીને તથા નીતિઓ પર પ્રભાવ પાડીને ગ્રામીણ જીવનનિર્વાહની વૃદ્ધિ કેવી રીતે કરવામાં આવી તેના સંસ્થાના પ્રયાસોનું આલેખન છે. સંસ્થા અને આગાખાન ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતે ઓગસ્ટ-૨૦૧૧માં પાંચ દિવસ માટે સંસ્થાના જ કાર્યકર્તાઓ માટે એક લેખન કાર્યશાળા યોજવામાં આવી હતી કે જેમાં સંસ્થા દ્વારા કરાયેલી દરમ્યાનગીરીઓના સાત એવા કિસ્સાઓ નક્કી કરાયા હતા કે જેનાથી પ્રાકૃતિક સંસાધનોના સંચાલનને સુધારવામાં આવ્યું હતું, અને રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ તેનાથી નીતિ પર પણ પ્રભાવ પડ્યો હતો.


આ સાત કિસ્સા એવા છે કે જે લોકોની સહભાગિતા અને સમુદાય-આધારિત અને સમુદાયની માલિકીની સંસ્થાઓને પ્રોત્સાહન આપનારા છે. નિર્ણયપ્રક્રિયામાં સ્થાનિક સ્તરે લોકો કેન્દ્રમાં રહે તો તેનાથી જે લાભ થાય છે તેનું સુપેરે વર્ણન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. પ્રયોગ, પ્રોત્સાહન અને નીતિઘડતર માટે હિમાયત એ આ કાર્યો પાછળનો ખ્યાલ રહ્યો છે. આ કિસ્સાઓ હિતધારકોનું ક્ષમતા નિર્માણ કેવી રીતે થયું અને સાથે સાથે સરકારની નીતિઓમાં સુધારો કરવામાં તેમણે કેવી રીતે ભૂમિકા ભજવી તેનું આલેખન કરે છે.

આ કિસ્સા એમ પણ જણાવે છે કે નાગરિક સમાજનાં સંગઠનો જેવી બહારની સંસ્થાઓએ કાર્યક્રમના ઘડતરની બાબતમાં કેવી રીતે ધ્યાન રાખવું જોઈએ કે જેથી હિતધારકોનું ક્ષમતા નિર્માણ થાય, તેઓ સૌ ભેગા મળે અને સહયોગ સાધે, અને જ્યારે જરૂર લાગે ત્યારે તેમાં સુધારા કર્યા જ કરે. કેટલાક કિસ્સા એવા છે કે જેમાં કાર્યક્રમના અમલનાં પાસાંની ચર્ચા કરવામાં આવી છે જ્યારે બીજા કેટલાકમાં સંસ્થાએ હિમાયત માટે કરેલા પ્રયાસોનું આલેખન કરવામાં આવ્યું છે. જળસ્રાવ વિકાસ, પીવાના પાણીની વ્યવસ્થા અને પ્રાકૃતિક સંસાધનોના જતન, પુનર્વસન અને સંચાલનમાં રસ ધરાવતા પ્રાપ્તિસ્થાન: ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, મારુતિનંદન વિલા, સરકારી ટ્યુબવેલ પાસે, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮. ફોન: ૦૨૭૧૭-૨૩૫૯૯૪, ૨૩૫૯૯૫, ૨૩૫૯૯૮. ઈ-મેલ: dsc@dscindia.org




## માઈક્રોફાયનાન્સ ઈન્ડિયા

એક્સેસ દ્વારા છેલ્લાં છ વર્ષથી લઘુ ધિરાણ ક્ષેત્રે વિશે જે અહેવાલો તૈયાર કરવામાં આવે છે તે શ્રેણીનો આ ૨૦૧૧નો અંગ્રેજી અહેવાલ છે. આ અહેવાલ સામાજિક કામગીરીના સંચાલન (એસપીએમ) ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. સામાજિક કામગીરીના મિક્સ નિર્દેશકોના સંદર્ભમાં વધુ ધિરાણનું ક્ષેત્ર કેવી રીતે કામ કરે છે તે આ અહેવાલમાં માપવામાં આવ્યું છે. તેમાં ૧૧ નિર્દેશકોથી માપન કરાયું છે: (૧) ધ્યેય અને સામાજિક લક્ષ્યો. (૨) શાસન. (૩) વિવિધ સેવાઓ અને તેમનો વિસ્તાર. (૪) લોન લેનારા પ્રત્યેની સામાજિક જવાબદારી. (૫) સેવાઓના ખર્ચ વિશે પારદર્શિતા. (૬) માનવ સંસાધનો અને સ્ટાફને પ્રોત્સાહનો. (૭) પર્યાવરણ પ્રત્યેની સામાજિક જવાબદારી. (૮) ગરીબો સુધી પહોંચે. (૯) કેટલાને લોન આપી. (૧૦) લોન લેનારાં સાહસો અને રોજગારીનું સર્જન. (૧૧) લોન લેનારા કેટલા સમય સુધી ટકી રહે છે.




લઘુ ધિરાણ આપનારી સંસ્થાઓ માટે સામાજિક કામગીરીનું સંચાલન તુલનાત્મક રીતે નવો વિષય છે. તેમનામાં આ ક્ષેત્રે જે પ્રગતિ થઈ છે તે જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી છે. મોટા ભાગની લઘુ ધિરાણ સંસ્થાઓ માત્ર ગરીબોને જ ધિરાણ આપે છે એવું નથી. તેઓ ગરીબો સિવાયના લોકોને પણ નાણાકીય સેવાઓ પૂરી પાડે છે એમ આ અહેવાલ જણાવે

છે. તે એમ પણ વધુમાં કહે છે કે ગરીબીમાં ઘટાડો અને ગરીબો માટે ધિરાણ એ લઘુ ધિરાણ સંસ્થાઓના નિર્દિષ્ટ વિકાસલક્ષી લક્ષ્યાંકો હોય છે, તો પણ એ ઉદ્દેશો પાર પાડવા માટે બહુ જ ઓછી લઘુ ધિરાણ સંસ્થાઓ એ માટેનાં સાધનો અને પદ્ધતિઓ વિક્સાવે છે.


રિઝર્વ બેંકે નિયમન ઘડીને એમ કહ્યું કે ગ્રામ વિસ્તારોમાં રૂ. ૬૦,૦૦૦ સુધીની અને શહેરી વિસ્તારોમાં રૂ.૧.૨૦ લાખ સુધીની લોન જ લઘુ ધિરાણ કહેવાય, ત્યારે લઘુ ધિરાણ સંસ્થાઓએ આ નિયમનના પાલન માટે વ્યવસ્થા ગોઠવવાની જરૂર રહે છે એમ પણ આ અહેવાલ જણાવે છે. અંતે એમ કહેવાયું છે કે ભારતમાં લઘુ ધિરાણની સફળતા ધિરાણ અંગેની શિસ્ત પર આધાર રાખે છે. આ શિસ્ત સાથીઓના દબાણ ઉપર અને સંસ્થાના કર્મચારીઓની ધિરાણની શિસ્ત ઉપર આધારા રાખે છે. લઘુ ધિરાણ ક્ષેત્રે રસ લેનારા સૌએ આ અહેવાલ અવશ્ય વાંચવો જોઈએ.

પ્રાપ્તિ સ્થાન: એક્સેસ ડેવલપમેન્ટ સર્વસિસ, ૨૮, હોઝ ખાસ વિલેજ, નવી દિલ્હી-૧૧૦૦૧૬.

## ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન ઈન્ડિયા

આ અંગ્રેજી પુસ્તક ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં નીચે મુજબ પ્રકરણોની વહેંચણી કરવામાં આવી છે: (૧) ભારતમાં આપત્તિઓ (૨) સંસ્થાકીય માળખું (૩) નીતિ અને માર્ગરેખાઓ (૪) પ્રતિરોધ અને નિવારણ (૫) તૈયારી અને પ્રતિભાવ (૬) પુનસ્થાપન. પુન:બાંધકામ અને પુનર્વસન. (૭) ક્ષમતા વિકાસ (૮) નાણાકીય વ્યવસ્થાઓ (૯) આંતરરાષ્ટ્રીય સહકાર (૧૦) આગામી માર્ગ.

આ પુસ્તકમાં છેલ્લે મહત્ત્વના શબ્દોનો સારાંશ અને સંદર્ભો પણ આપવામાં આવ્યા છે. તમામ પ્રકારની આપત્તિઓ શી છે, તેમનું પ્રમાણ અને વ્યાપ ભારતમાં કેટલાં છે અને તેમના સામના માટે તૈયારી કેવી રીતે કરી શકાય, તે માટે કેવી વ્યવસ્થાઓ છે એન તેમનું નિવારણ કેવી રીતે કરી શકાય એની વિગતો આપવામાં આવી છે. આ પુસ્તક આ માટેની ભારત સરકારની શી વ્યવસ્થાઓ છે અને તેમાં રાજ્ય સરકારો કેવી રીતે સહયોગ આપે છે. તેની વિગતો પણ આપવામાં આવી છે. આપત્તિ સંચાલન ધારો-૨૦૦૫ રાષ્ટ્રીય આપત્તિ સંચાલન સત્તામંડળ, રાષ્ટ્રીય કારોબારી સમિતિ, રાજ્ય આપત્તિ સંચાલન સત્તામંડળ, જિલ્લા આપત્તિ સંચાલન સત્તામંડળ, રાષ્ટ્રીય આપત્તિ સંસ્થાન, રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ, રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ, રાષ્ટ્રીય આપત્તિ સંચાલન નીતિ, રાષ્ટ્રીય કટોકટી




સંચાલન સમિતિ, રાજ્ય કટોકટી આપત્તિ પ્રતિભાવ ફંડ, ઘટના પ્રતિભાવ વ્યવસ્થા વગેરે વિશેની તમામ વિગતો આ પુસ્તકમાં આપવામાં આવી છે.

ભોપાલની ગેસ દુર્ઘટના (૧૯૮૪), કચ્છનો ભૂકંપ (૨૦૦૧), સનામી (૨૦૦૪), કોશીનું પૂર (૨૦૦૮), લેહમાં વાદળ ફાટવાની ઘટના (૨૦૧૦) વગેરે જેવી મોટી આપત્તિઓના સંદર્ભમાં આપત્તિના સામનાની તૈયારી અને નિવારણ વિશેની વિગતો પણ આ પુસ્તકમાં આપવામાં આવી છે. આપત્તિ સંચાલન ક્ષેત્રે કામ કરનારાં સંગઠનો, સરકારી કર્મચારીઓ, પંચાયતો અને સામાન્ય નાગરિકો માટે પણ આ પુસ્તક ખૂબ જ ઉપયોગી છે.

પ્રાપ્તિસ્થાન : ગૃહ મંત્રાલય, ભારત સરકાર.

## બોલે કિશોરી

વાચા ટ્રસ્ટ દ્વારા ત્રણ પોસ્ટર્સ અને ત્રણ વિડિયો નિબંધ તથા એક ફોટો નિબંધની ડીવીડી તૈયાર કરવામાં આવ્યા છે. ત્રણ પોસ્ટર્સ હિંદી, અંગ્રેજી અને મરાઠી ભાષામાં તૈયાર કરાયાં છે. આ ત્રણ પોસ્ટર્સમાં હિંદી ભાષામાં લખાયેલાં સૂત્રો નીચે મુજબ છે:
(૧) ખેલને દો પઢને દો, લડકિયોંકો આગે બઢને દો.
(૨) ઘરકા કામ હોતા નહિ પૂરા, પઢનેકા ખ્વાબ રહે અધૂરા.
(૩) યહ ભેદભાવ ક્યૂં?

છોકરીઓ પોતે પોતાના સશક્તિકરણની પ્રક્રિયામાં ભાગીદાર થાય અને સામેલ થાય તે માટે વાચાના યુવાન કાર્યકરોની એક ટુકડીએ બોલે કિશોરી પ્રોજેક્ટ હેઠળ અનેક બેઠકો, તાલીમો કાર્યશાળાઓ અને સ્પર્ધાઓ યોજ્યાં હતાં. આ પોસ્ટર્સ અને વીડિયો તથા ફોટો નિબંધ આ પ્રોજેક્ટનું પરિણામ છે અને કિશોરીઓ સાથેની વાતચીતનું પ્રતિબિંબ તેમાં પડે છે.

પ્રાપ્તિસ્થાન: વાચા રિસોર્સ સેન્ટર ફોર વિમેન એન્ડ ગર્લ્સ, મ્યુનિસિપલ સ્કૂલ બિલ્ડિંગ, ટેંક લેન, સાંતાક્રૂઝ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૫૪. ફોન: ૦૯૧-૨૨-૨૬૦૫૫૫૨૩, ઈ-મેલ: vachamail@gmail.com

## વોટર




ગુજરાતના કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં પીવાના પાણીની અને સિંચાઈ તથા પશુઓ માટેના પાણીની વ્યવસ્થા માટે 'આર્ઘ્યિમ' અને 'સમર્થ' દ્વારા સંયુક્તપણે કરવામાં આવેલા પ્રયાસોનું આ પુસ્તિકામાં આલેખન કરવામાં આવ્યું છે. પાણીનો સુરક્ષિત અને સલામત સ્રોત ઊભો થાય એ તેની પાછળનો ઉદ્દેશ રહ્યો છે. રાપર તાલુકાનાં છ જુદાં જુદાં સ્થાનોએ પાણીની સલામતી માટે આ પ્રોજેક્ટ હેઠળ જુદી જુદી રીતે દરમ્યાનગીરીઓ કરવામાં આવી. તે એમ દર્શાવે છે કે લોકોની સહભાગિતાથી થતા પ્રયાસો સારું પરિણામ લાવે છે.

આ પુસ્તિકામાં પીવાના પાણી, ચેક ડેમ, પાણી સમિતિઓ, સૂક્ષ્મ સ્તરીય યોજનાઓ, નરેગા હેઠળનાં કામો અને વખાના માર્યા થતા સ્થળાંતરને રોકવાની વ્યવસ્થાઓ વગેરે કેવી રીતે કરાયું તેનું આલેખન કરવામાં આવ્યું છે. આ કાર્યમાં શરૂઆતમાં વિચાર-વિમર્શ અને પછી લોકોને તથા પંચાયતોને સક્રિય બનાવવાની કામગીરી હાથ ધરાઈ. લોકોની ગામ સ્તરની સમિતિઓ બનાવવામાં આવી અને સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન દ્વારા સૂક્ષ્મ-સ્તરીય આયોજન પણ કરવામાં આવ્યું. આયોજન પછી અમલ કરાયો અને લોકો દ્વારા દેખરેખની પ્રક્રિયા કરાઈ. નોંધપાત્ર બાબત એ છે કે સરકારની યોજનાઓનો અસરકારક અમલ થાય તે માટે ગામ સ્તરની સમિતિઓ સક્રિય બની અને સમગ્ર કાર્ય લોકોને અને પંચાયતોને સોંપી દેવામાં આવ્યું. પાણીના ક્ષેત્રે થયેલી આ દરમ્યાનગીરીને પરિણામે મહિલાઓ, બાળકો અને કોળીઓ જેવા છેવાડાના સમુદાયોના જીવનમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. બાળકોના આરોગ્ય અને સફાઈની પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થવાને પરિણામે ગરીબોની આવકમાં પણ કેવી રીતે વધારો થયો છે એ આ પુસ્તિકામાં વર્ણવવામાં આવ્યું છે. આ પુસ્તિકામાં ૯ ગામોમાં ૨૫ ચેક ડેમ લોકોની ભાગીદારીથી કેવી રીતે બન્યા અને તેને પરિણામે ૨૬,૮૮૩ લોકોને અને ૧૧,૪૯૧ પશુઓને કેવી રીતે લાભ થયો એનું વર્ણન પણ કરવામાં આવ્યું છે. આ ચેક ડેમોની ક્ષમતા ૫૧.૩૭ લાખ લિટર પાણીના સંગ્રહની છે. પાણી સમિતિઓ ગામમાં અને પાણીનો સંગ્રહ થયો ત્યાં સુધી સ્વચ્છતા રાખવા માટે ગ્રામજનોને પ્રોત્સાહન આપે છે. આ સમગ્ર પ્રક્રિયાનું નિરુપણ આ પુસ્તિકામાં સુપેરે કરવામાં આવ્યું છે. પુસ્તિકામાં સ્થાનિક લોકોનાં અવતરણો પણ તેમના અનુભવ અને પ્રતિભાવ સ્વરૂપે અપાયાં છે. પાણીના સંગ્રહ અને જતન તથા ટકાઉ ઉપયોગ માટે કામ કરતી વ્યક્તિઓ, સંસ્થાઓ અને સંગઠનો માટે આ પુસ્તિકા ઉપયોગી ભાથું પૂરું પાડે છે. પ્રાપ્તિસ્થાનઃ સમર્થ ચેરિટેબલ ટ્રસ્ટ, ક્યુ-૪૦૨, ભાગ-૨, શ્રીનંદનગર, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧. ટેલિફેક્સઃ ૦૭૯-૨૬૮૨૯૦૦૪. ઈમેલઃ samerthtrust1992@gmail.com, વેબસાઈટઃ samerth.org

## આપણો હક, આપણા હાથમાં

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોના ભોગવટા માટે માહિતી અધિકાર ધારાનો ઉપયોગ કેવી રીતે થઈ શકે તે આ પુસ્તિકામાં જણાવવામાં આવ્યું છે. તેમાં માહિતી અધિકાર ધારા હેઠળ માહિતી ક્યાંથી મેળવી શકાય તથા માહિતી મેળવવાની યોગ્ય પ્રક્રિયા કઈ છે તેની વિગતો સરળ રીતે રજૂ કરવામાં આવી છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સમાન હક અને તક મેળવવા માટે આ પ્રકાશન મદદરૂપ થાય તેમ છે. અનામતની જોગવાઈઓનું પાલન, જિલ્લા વિકલાંગ ધારા સમિતિની બેઠક, વ્યવસાય કે નોકરી માટેની યોજનાઓ, ઘરથાળનો પ્લોટ ફાળવવાની યોજના, આવકનો દાખલો વગેરે બાબતોમાં કેવી રીતે માહિતી અધિકાર ધારાનો ઉપયોગ થઈ શકે તે બાબત અંગેની જાણકારી આ પુસ્તિકામાં આપવામાં આવી છે. વિકલાંગતાનું પ્રમાણપત્ર કાઢવામાં જો મુસીબત ઊભી થતી હોય તો કેવી રીતે રજૂઆત કરવી જોઈએ તે વિશે પણ તેમાં માર્ગદર્શન આપવામાં આવ્યું છે. વિકલાંગ વ્યક્તિઓએ માહિતી અધિકાર ધારા હેઠળ માહિતી મેળવવા માટે કેવી અરજી કરવી જોઈએ તેનો નમૂનો પણ આ પુસ્તિકામાં આપવામાં આવ્યો છે. આ પુસ્તિકાની ઓડિયો નકલ અને બ્રેઈલ લિપિમાં પણ નકલ પ્રાપ્ત થઈ શકે છે. આ પુસ્તિકાનું લેખન, સંકલન અને સંપાદન કાર્ય માહિતી અધિકાર ગુજરાત પહેલ દ્વારા કરવામાં આવ્યું છે.




પ્રકાશકઃ (૧) ડો. એમ. એમ. પ્રભાકર, મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ. (૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય (૩) હેન્ડિકેપ ઈન્ટરનેશનલ.

પ્રાપ્તિસ્થાનઃ હેન્ડિકેપ ઈન્ટરનેશનલ, ૧૫, એજન્ટા પાર્ક, સેંટ ઝેવિયર સ્કૂલ સામે, મેમનગર, અમદાવાદ-૫૨. ફોનઃ ૦૭૯-૬૫૪૨૫૬૪૬. ઈમેલઃ apatel@hi-india.org

છેલ્લા ચાર માસના ગાળા દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

## ૧. સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

પશ્ચિમ રાજસ્થાનમાં દલિતોને ન્યાય મળે તે માટેની બે વર્ષની યુએનડીપીના ટેકાથી ચાલતી એક પરિયોજનાનો ફેબ્રુઆરી-૨૦૧૨માં અંત આવ્યો. અત્યારે આ મુદ્દે કોઈ નાણાકીય ટેકો પ્રાપ્ત થતો નથી. જોકે, પશ્ચિમ રાજસ્થાનમાં 'ઉન્નતિ'ની તમામ દરમ્યાનગીરીમાં દલિતો લક્ષ્યાંકિત જૂથ તરીકે ચાલુ રહ્યા છે. એ રીતે તેમને ન્યાય મળે તે માટે કાનૂની પ્રક્રિયામાં ટેકો આપવાનું ચાલુ રહ્યું છે. જોધપુર શહેરના કુત્તોંકા બારા નામની ઝૂંપડપટ્ટીની એક સગીરા ઉપર બળાત્કાર થયો હતો અને તેને એફઆઈઆર નોંધાવવા માટે મદદ કરવામાં આવી હતી, પોલિસ તપાસના તમામ તબક્કે તેને સલાહ આપવામાં આવી, સમાધાન કરી લેવા માટે દબાણ આવે તો તેનો સામનો કરવા માટે સમગ્ર દલિત સમુદાયને એકત્ર કરવાનો અને છેવટે અદાલતમાં કાનૂની ટેકો મળે તે માટે કાનૂની સેવા સત્તામંડળનો પણ સંપર્ક કરાયો. આરોપીની ધરપકડ થઈ. દલિત નેતાઓની તાલુકા સ્તરીય સમિતિ સિવાના અને પોખરણમાં નિયમિત રીતે દર મહિને બેઠકોમાં મળે છે અને અત્યાચારોના કિસ્સામાં હકીકતોની શોધ કરવાનું અને અસરગ્રસ્તોને પ્રારંભિક ટેકો આપવાનું તેમણે ચાલુ રાખ્યું છે.

### વિકલાંગતાનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ



તા.૩૦-૪-૨૦૧૨ના રોજ સહભાગી સંગઠનોની સાતમી અને આખરી સમીક્ષા બેઠક બોલાવવામાં આવી હતી. તમામ ચાર સહભાગી સંગઠનોના વિશિષ્ટ શિક્ષકો, બે ટ્રસ્ટીઓ, નિષ્ણાત સહાયકો, અંધજન મંડળના પરિયોજના પ્રબંધક અને 'ઉન્નતિ'ના કાર્યકરો તેમાં હાજર રહ્યા હતા. છેલ્લાં ત્રણ વર્ષનો અનુભવ એમ દર્શાવે છે કે અંધજન મંડળ દ્વારા પૂરા પડાયેલા નિષ્ણાત સહાયકોએ વિશિષ્ટ શિક્ષકોને વિકલાંગતા ધરાવતાં ૧૮૦ બાળકોનું દસ્તાવેજીકરણ કરવામાં મદદ કરી છે. ફાઈલો જાળવવી, ઈન્ટેક પત્રક, શિક્ષણ વિશેની વ્યક્તિગત યોજના, આકલન, સમયપત્રક તૈયાર કરવું અને તેનો ઉપયોગ કરવો, મા-બાપનો ટેકો મેળવવો, વર્ગખંડ માટે સરસ પ્રવૃત્તિઓ ઊભી કરવી, વ્યાવસાયિક પ્રવૃત્તિઓ, ઉંમર પ્રમાણે અનુકૂળ પ્રવૃત્તિઓ વગેરેમાં એ કામ કરાયું. ક્ષમતા નિર્માણ માટે પણ કાર્યશાળા યોજવામાં આવી. ખાસ કરીને વિકલાંગતા ધરાવતાં કિશોર-કિશોરીઓની જાતીય સમસ્યાઓ, રોજિંદા જીવનની પ્રવૃત્તિઓ, અધ્યયન-અધ્યાપનની સામગ્રી વગેરે વિશે તેમાં ચર્ચાઓ થઈ અને ગુજરાતનાં વિવિધ સંગઠનોની શૈક્ષણિક મુલાકાતો પણ ગોઠવાઈ. મા-બાપો માટે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમને શિષ્યવૃત્તિ, નિરામય વીમા પોલિસી, વિકલાંગતાનું પ્રમાણપત્ર વગેરે જેવી સરકારી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. ૨૫ બાળકોને નિરામય કાર્ડ મળ્યાં અને ૯૫ ટકા બાળકોને વિકલાંગતાનું પ્રમાણપત્ર અને ઓળખપત્ર મળ્યાં.

સાર્વત્રિક ડિઝાઈન વિશેનો પ્રશિક્ષકોનો પ્રશિક્ષણ કાર્યક્રમ જાન્યુઆરી-૨૦૧૨માં યોજાયો હતો. તે પછી પહોંચ જૂથે બિહેવિયરલ સાયન્સ સેન્ટર (બીએસસી) અને ઝેવિયર ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન્સનું પહોંચ અન્વેષણ કરીને રજૂઆત કરાઈ હતી. તેમનાં મકાનોને કેવી રીતે વધારે પહોંચક્ષમ બનાવવાં તે અંગે તેમાં ભલામણો કરાઈ હતી. સાર્વત્રિક રીતે ઉપયોગમાં લેવાતી નિશાનીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પહોંચક્ષમતા વિશે બે પુસ્તિકાઓ સહભાગી સંગઠનોના સહયોગ સાથે તૈયાર કરવામાં આવી છે. શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે સહભાગી પ્રણાલીઓને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે ગુજરાતના વિકલાંગતા હિમાયત જૂથના સભ્યોને તેમના જિલ્લામાંની સમાવેશી પ્રણાલીઓનું દસ્તાવેજીકરણ કરવા માટે તાલીમ આપવામાં આવી હતી. આવા ૧૭ પ્રયાસોનું દસ્તાવેજીકરણ થયું છે. એપ્રિલ- ૨૦૧૨માં હિંમતનગર અને વડોદરા ખાતે વિવિધ હિતધારકો માટે યોજાયેલી પરામર્શ સભામાં તેમનું દસ્તાવેજીકરણ રજુ કરવામાં આવ્યું હતું કે જેમાં સરકારી અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

**વિશેષ પરિયોજના: ગુજરાતમાં અનુસૂચિત વિસ્તારોમાં સેટકોમ દ્વારા અંગ્રેજી ભાષાનું શિક્ષણ:**



ગુજરાતમાં અનુસૂચિત વિસ્તારોમાં શાળાઓમાં અંગ્રેજી ભાષાના શિક્ષણ માટેના બીજા તબક્કાની ઓગસ્ટ-૨૦૧૧થી શરૂઆત થઈ છે. પાંચ વિવિધ પ્રકારની શાળાઓ માટે કાર્યક્રમની સમીક્ષા માટે પાંચ જુદી જુદી કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. તેમાં ૧૪૦ જણાએ ભાગ લીધો હતો. શિક્ષકોએ એમ જણાવ્યું હતું કે કાર્યક્રમ વધારે વિદ્યાર્થીઓ જોઈ રહ્યા છે, વિદ્યાર્થીઓનો રસ પણ આ કાર્યક્રમમાં વધી રહ્યો છે. શાળાઓને ટેકો આપવા માટે અગાઉ જે સેટકોમ ફેલોની નિમણૂક કરવામાં આવી હતી તેમણે ટેકનિકલ પ્રશ્નો ઉકેલવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી છે અને તેમણે દર્શકોની સંખ્યા પણ વધારી છે. આશ્રમશાળાના અધિકારીઓ અને તકેદારી અધિકારીઓએ પણ આ કાર્યશાળાઓમાં ભાગ લીધો હતો અને કાર્યક્રમ સુધારણા માટે અને ખાસ કરીને દેખરેખનાં પાસાં વિશે તેમણે પણ સૂચનો કર્યાં હતાં. સેટકોમ ફેલો અને ટુકડી દ્વારા કરાયેલી દેખરેખ પરથી મળેલાં તારણોને આધારે એક મુસદ્દારૂપ અહેવાલ તૈયાર કરાયો છે. એપ્રિલમાં સાત દિવસની એક કાર્યશાળા યોજાઈ કે જેમાં શિક્ષણ ક્ષેત્રના વિદ્વાનો અને સલાહકારો દ્વારા ધોરણ - ૯ ના પેકેજના વર્ગો નં. ૧૭-૩૦ અંગે ચર્ચા થઈ, તેમનો પાઠ તૈયાર કરાયો અને તેને આખરી ઓપ અપાયો. આ પાઠના આધારે પેકેજનું રેકોર્ડિંગ કરવામાં આવ્યું. જે વર્ગોને અને વર્કશીટને આખરી ઓપ અપાયો હતો તેમનું રેકોર્ડિંગ એન્કરિંગ સાથે આ ગાળા દરમ્યાન કરાયું હતું. આ રેકોર્ડિંગ માટેનાં ચિત્રો તૈયાર કરાયા અને એમને આધારે સેટ પણ તૈયાર કરાયાં. આ વર્ગોનું સંપાદન કાર્ય ટુકડી દ્વારા ચાલી રહ્યું છે. વર્ગો નં.૧-૧૬ને આખરી ઓપ અપાઈ ગયો છે. ૧૭થી ૩૦ના વર્ગોને માટેનાં ચિત્રો અને લે-આઉટ ગોઠવવાનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ધોરણ-૯ માટેની વર્કબૂક નં.૨ તૈયાર થઈ ગઈ છે.

## ૨. નાગરિક નેતૃત્વ, સામાજિક ઉત્તરદાયિત્વ અને શાસન

ગુજરાતમાં સામાજિક ઉત્તરદાયિત્વનાં સાધનો વિકસાવવાનું અને તેમનું પરીક્ષણ સામાજિક સલામતીની યોજનાઓના સંદર્ભમાં કરવાનું ચાલુ છે. જુલાઈ-૨૦૧૨થી તમામ નમૂનારૂપ ગામોમાં સેવાઓ અને યોજનાઓનું સમુદાય-આધારિત મૂલ્યાંકન નિયમિત રીતે થઈ રહ્યું છે. તે માટે સામાજિક નકશાઓ અને પ્રશ્નાવલીનો ઉપયોગ થઈ રહ્યો છે. આ ગાળા દરમ્યાન ૧૫૬ વ્યક્તિઓને માનવ કલ્યાણ યોજના નામની જીવનનિર્વાહ ઊભો કરનારી યોજનાનો લાભ લેવા માટે મદદ કરવામાં આવી હતી. ત્રણ વિધવાઓને પેન્શન યોજના માટે સહાય કરવામાં આવી હતી. વિધવા પેન્શન યોજના માટે ૧૩ ફોર્મ ભરાયાં અને ૧૮ વિકલાંગ વ્યક્તિઓને વિકલાંગતાનું પ્રમાણપત્ર મેળવવામાં સહાય કરાઈ અને પેન્શન યોજનાનો લાભ મળે તે માટે ૧૩૪ વ્યક્તિઓ ઓળખી કઢાઈ. આ પ્રયાસનો ઉદ્દેશ સામાજિક ઉત્તરદાયિત્વની રીતોને મજબૂત કરવાનો અને તેમને પ્રોત્સાહન આપવાનો છે. તે માટે દેખરેખ, દસ્તાવેજીકરણ અને સ્થાનિક સ્તરના પ્રયાસોની આપ-લે જેવા માર્ગો અપનાવવામાં આવે છે. આ સંદર્ભમાં વિવિધ સંગઠનો સાથે બેઠકો યોજવામાં આવી. ગુજરાત ઇકોલોજી કમિશનને પણ સામાજિક અન્વેષણની પદ્ધતિઓ અને સાધનો તેમના ક્ષેત્ર માટે વિકસાવવા અને તેમનાં ગામોની સામાજિક અન્વેષણ સમિતિઓનું ક્ષમતાનિર્માણ કરવા માટે ટેકો આપવામાં આવી રહ્યો છે. 'લોક વાચા' બુલેટિનના છઠ્ઠા અને સાતમા અંકો પ્રકાશિત કરાયા છે. તેમાં ૧૩મા નાણાં પંચ અને પેસા તથા સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી.

ગુજરાતમાં 'નરેગા' માટે ગ્રામ વિકાસ વિભાગ તરફથી સામાજિક અન્વેષણ અને ફરિયાદ નિવારણ પરિયોજનાને ટેકો અપાઈ રહ્યો છે. સરકાર દ્વારા ઓક્ટોબર-૨૦૧૧થી માર્ચ-૨૦૧૨ દરમ્યાન થયેલાં કામો માટે તા.૨૦-૪-૨૦૧૨થી તા. ૨૦-૫-૨૦૧૨ સુધી સામાજિક અન્વેષણ ઝુંબેશ ચલાવવામાં આવી. આ ઝુંબેશ અગાઉ તાલુકા સંસાધન જૂથના કુલ ૧૫૮૦ સભ્યોમાંથી ૧૨૧૦ સભ્યોને ગ્રામ સભા અસરકારક રીતે સામાજિક ઓડિટ કરે તે માટે તાલીમ આપવામાં આવી હતી. સરકારની નોંધ અનુસાર ૧૪૨૫૫ ગ્રામ પંચાયતોમાંથી ૧૨૫૨૩ ગ્રામ પંચાયતોને આ ઝુંબેશ દરમ્યાન આવરી લેવામાં આવી હતી. અમે ૩૦૬ ગ્રામ સભાઓનું અવલોકન કર્યું હતું. તેમાં ૩૦૧ મુદ્દાઓ ઊભા કરાયા હતા. ગ્રામ સભાઓને સામાજિક અન્વેષણ દર્શાવવા માટે અને સંબંધિત હિતધારકોની ક્ષમતા નિર્માણ માટે એક

જિલ્લામાંથી એક ગ્રામ પંચાયતના ધોરણે કુલ ૨૧ ગ્રામ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૩૦-૭-૨૦૧૨ સુધીમાં કુલ ૧૦૩૭ ફરિયાદો હેલ્પલાઈન મારફતે નોંધાઈ હતી. તા. ૩૦-૬-૨૦૧૨ સુધીમાં કુલ ૨૦૦૪ ફરિયાદો નોંધાઈ હતી અને તેમાંથી ૧૪૫૬નો નિકાલ થયો હતો.

રાજસ્થાનમાં જોધપુર શહેરના પાંચ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં અને પાંચ ગ્રામ વિસ્તારોમાં સામાજિક ઉત્તરદાયિત્વ માટેનાં સાધનોનો ઉપયોગ સામુદાયિક રીતે શીખવવા માટે એક પાયાનો સર્વે હાથ ધરાયો હતો. રચાયેલાં જૂથોએ સામાજિક સલામતીની યોજનાઓ, આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓ ઉપર દેખરેખ રાખવાનું શરૂ કર્યું છે. ૫૭ પરિવારોને સામાજિક સલામતીની યોજનાઓનો લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.



### ૩. આપત્તિ જોખમ ઘટાડાના સામાજિક નિર્ધારકો

ગુજરાત રાજ્ય આપત્તિ સંચાલન સત્તામંડળે ‘ઉન્નતિ’ને રાજ્યના તાલુકાઓની આપત્તિ સંચાલન યોજનાઓ તૈયાર કરવા માટે મદદ કરવા નિમંત્રણ આપવામાં આવ્યું છે. ગુજરાતમાં ખેડા, મહારાષ્ટ્રમાં સિંધુદુર્ગ અને આસામમાં બારપેટા તથા નાગાંવની આવી આપત્તિ સંચાલન યોજનાઓની સમીક્ષા હાથ ધરવામાં આવી કે જેથી યોજનાઓમાં અભિગમની અસરકારતાને માપી શકાય. વડોદરા, સુરત અને જામનગરના જિલ્લા આપત્તિ સંચાલન સત્તાવાળાઓ સાથે વિચાર-વિમર્શ હાથ ધરાયો હતો. આપત્તિ સંચાલનની યોજના ઘડવા અને તેના અમલનાં મુખ્ય પાસાં નિર્ધારિત કરવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે.

તા. ૩૦-૪-૨૦૧૨ના રોજ આ વિશે એક રાજ્ય સ્તરીય પરામર્શ સભાનું આયોજન કરાયું હતું. જીએસડીએમએ, જીઆઈડીએમ, યુએનડીપી, એનડીએમએના પ્રતિનિધિઓ અને જિલ્લા આપત્તિ સંચાલન સત્તાવાળાઓ, બિન-સરકારી સંગઠનો અને આઈએનજીઓના પ્રતિનિધિઓ તેમાં હાજર રહ્યા હતા. તેનું ઉદ્‌ઘાટન જીએસડીએમએના મુખ્ય વહીવટી અધિકારી આઈએએસ ડો. રણજીત બેનરજીએ કર્યું હતું. જીએસડીએમએના વધારાના સીઈઓ આઈએએસ શ્રી તીરુપ્પુગાઝ, સ્ફિયર ઈન્ડિયાના અધ્યક્ષ શ્રી એન. એમ. પ્રુસ્તી અને અન્ય મહાનુભાવોએ ખૂબ જ મહત્ત્વની રજૂઆતો કરી હતી. આ પરામર્શ સભાનાં તારણો ટીડીએમપીના ફ્રેમવર્ક અને ટેમ્પલેટમાં આમેજ કરાયાં હતાં. ટેમ્પલેટ્સનો પ્રથમ મુસદ્દો સત્તામંડળને તેના અભિપ્રાય માટે સુપરત કરાયો હતો. ગ્રામ વિસ્તારોનાં ઘરોનું આપત્તિ સમયે જોખમ ઘટે તે માટે ઘણાં સંગઠનોની સાથે મળીને અભ્યાસ કરાયો છે. તેનો હેતુ ઈન્દિરા આવાસ યોજનામાં આપત્તિનું જોખમ ઘટે તે માટેની વ્યૂહરચનાઓ ઘડવાનો હતો. જામનગરના જોડિયા તાલુકા માટે આવો અભ્યાસ કરાયો. તે ઉપરાંત ઓદિશા, તામિલનાડુ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરખંડ જેવાં રાજ્યોને પણ તેમાં આવરી લેવાયાં હતાં.

રાજસ્થાનમાં અમે આપત્તિ જોખમ ઘટાડા માટે ૭૫ ગામોમાં કામ કરી રહ્યા છીએ. દલિતો અને આદિવાસીઓની દુકાળ સામેની પ્રતિકારક્ષમતા વધારવા માટે બાડમેર જિલ્લાના બાલોતરા અને સિંધરી તાલુકાનાં તથા જોધપુર જિલ્લાનાં ૫૦ ગામોને આવરી લેવાયાં છે. ત્રણ વર્ષની આ પરિયોજનાનો લગભગ અડધો કાર્યકાળ પૂરો થયો છે. મહિલાઓ અને છોકરીઓએ પરિવર્તનના એજન્ટ તરીકે કામ કર્યું અને પુરુષોએ મહત્ત્વના હિતધારકો તરીકે દુકાળ સામે પ્રતિકારક્ષમતા ઊભી કરી. બાલોતરા અને સિંધરીના દલિત સમુદાયના ૨૬ પુરુષ નેતાઓએ ૧૩-૧૫ જુન, ૨૦૧૨ દરમ્યાન તે માટે તાલીમ પ્રાપ્ત કરી. તેમાં સ્ત્રી-પુરુષ સમાનતાના વિષયને પણ આવરી લેવાયો હતો. સહભાગીઓ પોતાનાં ઘરોમાં અને સમુદાયમાં વલણોમાં ફેરફાર લાવવા માટે સંમત થયા હતા. ઘરકામનું વિભાજન કેવી રીતે કરવું અને મહિલાઓના નામે જમીન કેવી રીતે કરવી એ મહત્ત્વના તનાવના મુદ્દા બની રહ્યા. પાયાની સેવાઓ ઉપર સમુદાય-આધારિત દેખરેખ રાખવામાં દલિતોના જીવનની ગુણવત્તા સુધરે તેવી સેવાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું. ફલૌદીમાં ૮૫૦, બાલોતરામાં ૮૬૫ અને સિંધરીમાં ૭૪૧ એમ કુલ ૨૪૫૬ દલિત પરિવારો પર નિયમિત ધોરણે આ બાબતમાં દેખરેખ રાખવામાં આવી રહી છે. હાલ પાત્ર મહિલાઓ, છોકરીઓ, બાળકો અને પરિવારોની

યાદી બનાવવામાં આવી રહી છે અને તેમને આ સેવાઓ સાથે જોડવાના પ્રયાસો કરાઈ રહ્યા છે. જો કે, મે-જુન, ૨૦૧૨ દરમ્યાન ૪ સમુદાયિક આરોગ્ય કેન્દ્રો, ૧૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૨૯ પેટા કેન્દ્રો, ૩૯ વાજબી ભાવની દુકાનો, ૩૨ આંગણવાડીઓ અને ૫૬ પ્રાથમિક શાળાઓ ઉપર સ્થાનિક સહાયકો સાથે મળીને દેખરેખ રાખી હતી. તેમણે સેવાઓની ગુણવત્તા અને તેની સાથે સંબંધિત મુદ્દાઓ વિશે દેખરેખ રાખવાનો પ્રયત્ન કર્યો હતો.

આરોગ્ય કેન્દ્રો ખૂબ જ લાંબા અંતરે આવેલાં હોવાને પરિણામે, મહિલાઓ ઘરની બહાર મર્યાદિત પ્રમાણમાં જ જઈ શકતી હોવાને લીધે અને સામાજિક કારણોસર છોકરીઓ અને મહિલાઓની આરોગ્યની સમસ્યાઓ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. મહિલા આરોગ્ય કાર્યકરો બાળકોને શોધીને તેમના સંપૂર્ણ રસીકરણ માટે પ્રયાસો કરે છે. તમામ સગર્ભા મહિલાઓ, નવી માતાઓ, નવજાત શિશુઓ અને બાળકોને આરોગ્ય તપાસની સેવાઓ, સંસ્થાગત પ્રસૂતિ, પોષણનો ટેકો અને રસીકરણની સેવાઓ પૂરી પડાય તે માટે પ્રયત્નો કરાઈ રહ્યા છે. એક વર્ષની વય સુધીનાં ૬૭.૩ ટકા બાળકોનું રસીકરણ કરાવવા માટે સફળ પ્રયાસો થયા. ૧થી ૨ વર્ષના વયજૂથનાં ૬૯.૧ ટકા બાળકોનું રસીકરણ કરાયું. ૬૯.૧ ટકા સગર્ભા સ્ત્રીઓની નોંધણી દાયણો પાસે કરાઈ અને તેઓ પ્રસૂતિ અગાઉની સેવાઓ પ્રાપ્ત કરે છે. ૪૫.૧ ટકા પ્રસૂતિ સંસ્થાગત થઈ અને એ સ્ત્રીઓને જનની સુરક્ષા યોજનાનો લાભ પ્રાપ્ત થયો છે. ફલૌદી તાલુકાનાં સાત ગામોમાં અગાઉ કદી પણ રસીકરણ થયું નહોતું ત્યાં બાળકો અને સ્ત્રીઓનું પ્રથમ વાર જ રસીકરણ થયું.



૧૩ ગમોના ૫૯ પરિવારોને ઘાસચારો ઉગાડવા માટે ટેકો આપવામાં આવી રહ્યો છે, તેમની જમીનનો વિકાસ એ માટૈ કરવામાં આવ્યો છે. તમામ ખેડૂતોને પાણી અને જંતુનાશક દવાઓ મળે તે માટે પ્રયાસો કરાયા છે. બેરના છોડને નીંદામણ માટે ખેડૂતોને સ્થળ ઉપર જ તાલીમ આપવામાં આવી હતી. નરેગા હેઠળ વરસાદી પાણીના સંગ્રહ માટે ૩૦ ટાંકીઓ બનાવવામાં આવી. ખૂબ જ અસહાય એવા ૧૨૦ પરિવારોને વરસાદી પાણીના સંગ્રહ માટે ટેકો આપવામાં આવ્યો. તે માટે પરંપરાગત ટેક્નોલોજીનો ઉપયોગ થાય એ માટે પરિયોજનાના આરંભમાં કાળજી લેવાઈ હતી. દલિત મહિલા નેતાઓએ તેમના મંડળના અન્ય સભ્યો સાથે મળીને ૯૮૬ પરિવારોને ઓળખી કાઢ્યા છે કે જેમને પાણીની સલામતી માટે વધુ ટેકાની જરૂર છે. પછી તેમને નરેગા સાથે જોડવાના પ્રયાસો કરાયા. એમાંના ૩૪૩ પરિવારોનો સમાવેશ ૨૦૧૨-૧૩ની યોજના દરમ્યાન કરાયો છે અને હાલ ૪૬ ટાંકીઓનું બાંધકામ ચાલુ છે.

ડેવલપમેન્ટ ઓલ્ટરનેટિવ્ઝ અને દર્શન સાથેના સહયોગમાં ૧૨ મહિલા કડિયા બનાવવા માટેન બે વર્ષની પરિયોજનાનો જુન-૨૦૧૨માં અંત આવ્ય. આ પરિયોજનાને લીધે આવાસની સેવાઓમાં ગ્રામીણ મહિલાઓના ક્ષમત નિર્માણ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તાલીમનો પ્રથમ તબક્કો ૨૦ દિવસનો હતો અને તે ૧૦થી ૩૦ મે, ૨૦૧૧ દરમ્યાન હાથ ધરાયો હતો. બીજો તબક્કો ૧૪ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બર, ૨૦૧૧નો અને ત્રીજો તબક્કો ૧૬થી ૧૮ ફેબ્રુઆરી અને ૨૬થી ૨૮ ફેબ્રુઆરી-૨૦૧૨ દરમ્યાનનો હતો. બધી જ મહિલાઓએ હવે કડિયાકામ શરૂ કર્યું છે. તેમના ભીમ મહિલા કારીગર સંગઠન હેઠળ ધંધાકીય યોજના તૈયાર કરવા માટે ટેકો પૂરો પડાયો છે.

એક બીજી પરિયોજના બાડમેર અને જોધપુર જિલ્લાના પાંચ તાલુકાનાં ૨૫ ગામોમાં છેલ્લાં ૫ વર્ષથી ચાલે છે. આ ગામોમાં સામુદાયિક સ્તરે આપત્તિ જોખમ ઘટાડાની યોજનાઓ વિશે જુલાઈના પ્રથમ સપ્તાહમાં યોજાયેલી માસિક બેઠકોમાં ચર્ચા થઈ. આરોગ્ય સેવાઓ, આંગણવાડી, 'નરેગા' અને સામાજિક સલામતીની યોજનાઓ પર દેખરેખ રાખવાનું કામ શરૂ કરાયું છે. રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળની ત્રણ સેવાઓ ઉપર સમુદાયે દેખરેખ રાખી. એક વર્ષની વય સુધીનાં ૩૧૩ બાળકોમાંથી ૨૫૫નું રસીકરણ કરાયું. બાકીનાં બાળકોનું જીવનનિર્વાહની શોધમાં તેમનાં મા-બાપ સાથે સ્થળાંતર થયું છે. આ ગાળા દરમ્યાન ૨૮ મહિલાઓને પેરાનેટલ સેવાઓ મળે તેનો પ્રયાસ કરાયો અને આ ગાળા દરમ્યાન જે ૩૯ મહિલાઓને પ્રસૂતિ થઈ તેમાંથી ૩૧ પ્રસૂતિ હોસ્પિટલ કે દવાખાનામાં થઈ.

૨૫ ગામોમાં જે ૨૧૫ વ્યક્તિઓને ટીબી, પ્રજનનલક્ષી રોગો અને બીજા ગંભીર રોગો થયા હતા તેમાંથી ૭૫ જણાને વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પડાઇ. જે આઠ ગામોમાં આંગણવાડીઓ નથી તે ત્યાં શરૂ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જે ગામોમાં આંગણવાડીઓ નથી તેમની ૨૧ સગર્ભા સ્ત્રીઓ, ૧૬૧ છોકરા અને ૧૨૪ છોકરીઓ મળી કુલ ૨૮૫ બાળકો, ૪૨ ધાત્રી માતાઓ અને ૪૪ કિશોરીઓને આ સેવાઓ મળતી નથી તેથી ફતેહસાગર ગામમાં આંગણવાડી ખોલવા માટે એક દરખાસ્ત પણ મોકલવામાં આવી છે. બાલોતરાના સરપંચને અને કલ્યાણપુરમાં તે માટે વિનંતી કરાઈ છે અને દરખાસ્તની એક નકલ પંચાયતને પણ અપાઈ છે. પછી તે સીડીપીઓને પણ સુપરત કરાઈ છે. જે ૧૭ ગમોમાં આંગણવાડી છે તેમાં પણ ૨૦૮ વ્યક્તિઓ તેમનો લાભ લેતી નથી. ૩૦ છોકરા, ૨૯ છોકરીઓ, ૧૪ સગર્ભા સ્ત્રીઓ, ૧૫ લાભાર્થીઓએ તેમનો લાભ લીધો હતો. અત્યારે આંગણવાડી દ્વારા પૂરી પડાતી સેવાઓ ઉપર દેખરેખ રાખવા માટે સમુદાયના નેતાઓ તેમની મુલાકાત લે છે. આ મુલાકાતોને આધારે પગલાં લેવામાં આવી રહ્યાં છે.

આ પરિયોજનાના પ્રથમ તબક્કામાં અસહાય દલિત પરિવારોને ઘાસચારો ઉગાડવા જમીનનો વિકાસ કરવા માટે ટેકો પૂરો પડાયો. ૯૯ ટકા છોડ ઊગ્યા. આ પ્લોટના વિકાસ માટે સામુદાયિક કાર્યકરોએ તેમની મુલાકાત લઈ યોગ્ય સલાહ આપવી. છોડની કાપણી, તારની વાડ બનાવવી અને પાણી પાવા અંગે તેમને માર્ગદર્શન અપાયું. નરેગા યોજના સાથે ૫૫ પરિવારોને જોડાયા. જુન માસમાં પશુચિકિત્સા શિબિરો યોજવામાં આવી અને ઓગસ્ટ-૨૦૧૨ સુધીમાં દરેક ગામમાં બે શિબિરો યોજવાની યોજના બનાવાઈ હતી. ૬૪૩ અસહાય પરિવારોને તેમના ઘર આંગણે પીવાનું પાણી મળે તેવી વ્યવસ્થા ઊભી કરવા ટેકો પૂરો પડાયો. એને પરિણામે ૮૧ પરિવારો માટે ટાંકા બાંધવાની મંજૂરી મળી અને તેમાંના ૧૨ ટાંકાનું બાંધકામ પૂરું થઈ ગયું છે.


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: **sie@unnati.org** વેબસાઈટ: **www.unnati.org**

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન.

ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: **jodhpur_unnati@unnati.org**

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૩૫૩૯૬૭



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.